Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

।। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે ।।

# આત્મધર્મ

વર્ષ છઠ્ઠું | સંપાદક રામજી માણેકચંદ દોશી વકીલ | માગશર

અંક બીજો | ૨૦૦૫

## માનવ જીવનનું મહા કર્તવ્ય

### દેહને અર્થે અનંત જીવન વ્યતીત થયાં... હવે આત્માર્થીને ખાતર આ જીવન અર્પણ કરો!

૬૨

સમુદ્રનાં પાણી પણ જેની તૃષા ન છીપી તેની તૃષા એક ટીપું પાણીથી તૂટવાના નથી; તેમ આ જીવે સ્વર્ગાદિ ભોગ અનંતવાર ભોગવ્યા છતાં તૃપ્તિ થઈ નહિ, તો સડેલા ઢીંગલા સમાન આ માનવદેહના ભોગથી તેને કદાપિ તૃપ્તિ થવાની નથી. માટે ભોગ ખાતર જિંદગી ગાળવા કરતાં મનુષ્ય જીવનમાં બ્રહ્મચર્ય પાળવું અને તત્ત્વનો અભ્યાસ કરવો તે જ માનવ જીવનનુ ઉત્કૃષ્ટ કર્તવ્ય છે.

ઘણા ભૂખ્યા ગીધ પક્ષીનો રોટલાનો કટકો મળ્યો, પણ માંસના કટકાની લાલચે તે પણ ખોયો; તેમ આ સંસારમાં અનંત જન્મ મરણના પ્રવાહમાં તણાતાં જીવને અલ્પ માનવજીવનનો કટકો મળ્યો, તે જીવનને વિષયભોગવની લાલસામાં વેડફી નાખવા કરતાં વૈરાગ્ય લાવી બ્રહ્મચર્ય પાળવું અને તત્ત્વનો અભ્યાસ કરવો તે જીવનનું મહા કર્તવ્ય છે.

૬૨

વાર્ષિક લવાજમ ત્રણ રૂપિયા

## બ્રહ્મચર્ય અંક

છૂટક અંક ચાર આના

અનેકાન્ત મુદ્રણાલય : મોટાઆંકડીયા : કાઠિયાવાડ

# બ્રહ્મચર્યની દીક્ષા

આત્મધર્મના વાંચકોને શુભ સમાચાર જણાવતાં હર્ષ થાય છે કે, કારતક સુદ ૧૩ ને રવિવારના દિવસે પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી પાસે નીચે જણાવેલ છ કુમારી બહેનોએ જીવનભર બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી છે.

( ૧ ) મુક્તાબહેન ( દોશી જગજીવન બાઉચંદના સુપુત્રી, સાવરકુંડલા.

( ૨ ) કંચનબહેન ( શાહ છોટાલાલ ડામરભાઈના સુપુત્રી ધ્રાંગધ્રા.

( ૩ ) શારદાબહેન ( શાહ જગજીવન ચતુરભાઈના સુપુત્રી, વઢવાણ શહેર.

( ૪ ) કંચનબહેન ( સ્વ૦ મગનલાલ ત્રિભુવનદાસ ના સુપુત્રી, વઢવાણ શહેર.

( ૫ ) દયાબહેન ( મેતા શીવલાલ ખીમચંદના સુપુત્રી, રાજકોટ.

( ૬ ) કાન્તાબહેન ( સ્વ૦ માણેકચંદ ત્રિભુવનદાસ કામદારના સુપુત્રી, અમરેલી.

ઉપરના છએ બહેનો બાલ–બ્રહ્મચારિણી છે. દરેક બહેનની ઉંમર લગભગ ૨૨ વર્ષની આસપાસ છે, આવી ઉંમરમાં આવું સુંદર કાર્ય કરવા માટે છએ બહેનો ઘણા અભિનંદનને પાત્ર છે; અને તેમને આજ્ઞા આપવા બદલ તેમના વડીલો પણ ધન્યવાદને પાત્ર છે. આ બ્રહ્મચર્ય પ્રસંગ ઘણા ઉત્સાહપૂર્વક થયો હતો.

આ દિવસે સવારમાં, બ્રહ્મચર્ય લેનારા છએ બહેનો તરફથી શ્રી જિનમંદિરમાં પૂજન થયું હતું; ત્યારબાદ સર્વે મુમુક્ષુઓ શ્રી જૈન અતિથિ સેવા સમિતિએથી એક નાનકડા સરઘસના રૂપમાં શ્રી જૈન સ્વાધ્યાય મંદિરે આવ્યા હતા, પૂજ્ય ગુરુદેવશ્રીના વ્યાખ્યાન બાદ છએ બહેનો બ્રહ્મચર્ય લેવા માટે ઊભા થયા હતા. આ પ્રસંગે તેમના વડીલોની હાજરી હતી અને તેઓએ બ્રહ્મચર્ય લેવા માટે તે બહેનોને રજા આપી હતી; બહેનોના મુખ ઉપર ઉત્સાહ અને વૈરાગ્ય જણાતો હતો.

પરમ પૂ. ગુરુદેવશ્રીએ સૌથી પહેલાં માંગળિક સંભળાવ્યા બાદ કહ્યું હતું કે, "છએ બોલ–બ્રહ્મચારી બહેનો વીસ–બાવીસ વરસની નાની ઉંમરમાં જાવજ્જીવન બ્રહ્મચર્ય લે છે તે બહુ સારું કામ કરે છે. તેઓ સત્સમાગમે રહીને તત્ત્વના અભ્યાસપૂર્વક બ્રહ્મચર્ય લે છે. બ્રહ્મચર્યનો રંગ લગાડવો તે તત્ત્વ સમજવા માટે પાત્રતા છે... શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે–

**પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.**

પાત્ર થઈને આત્માનું લક્ષ કરવા માટે બ્રહ્મચર્યનો રંગ હોય તો તે આગળ વધવામાં નિમિત્ત થાય. પુરુષો બાલ બ્રહ્મચારી રહે, તે તો સ્વતંત્ર છે તેથી રહી શકે. પણ આ બહેનો નાની ઉંમરમાં બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરે છે તે ઘણી હિંમત છે, ઘણું સાહસ છે, ઘણું જીવોએ આ વાત અનુમોદવા જેવી છે.

**જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;**
**ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઈ.**

'વિશુદ્ધથી' એટલે યથાર્થ તત્ત્વદ્રષ્ટિપૂર્વક જેને બ્રહ્મચર્ય હોય તેને વિશેષ ભવ હોય નહિ; સત્સમાગમે રહીને તત્ત્વદ્રષ્ટિપૂર્વક બ્રહ્મચર્ય હોય તેને એકાદ ભવ બાકી રહે. વ્યભિચાર તે સંયોગ છે; સંયોગીદ્રષ્ટિ છોડીને અસંયોગી આત્માનું લક્ષ કરવા માટે અબ્રહ્મચર્ય છોડીને બ્રહ્મચર્યનો પ્રેમ જરૂરનો છે.

બ્રહ્મચર્ય લેનાર રહેનો એમ ને એમ ઊડસૂડ–વેગથી બ્રહ્ચર્ય લઈ લેતા નથી; દરેક બહેનો અહીં ચાર–પાંચ વર્ષ થયા અપૂર્વ તત્ત્વનું શ્રવણ ને અભ્યાસ કરે છે. તત્ત્વનું નિરંતર શ્રવણ કરીને ઘેર વિચારે છે ને સમજે છે. એ રીતે વિચારીને આ કાર્ય કરે છે. લોકોએ આ કાર્યનું અનુકરણ કરવા જેવું છે......"

...ત્યારબાદ, પૂર્વે કોઈ કુદેવ–કુગુરુ વગેરેના સેવનથી તથા સાચા દેવગુરુના અવિનય–અશાતના આદિથી, હિંસાથી પાપોથી, વિષયવૃત્તિથી વગેરે પ્રકારે જે દોષો લાગ્યા હોય તેનું અનંત સિદ્ધોની સાક્ષીએ, સંતોની સાક્ષીએ પ્રાયશ્ચિત્ 'મિચ્છામિ દુક્કડં" કરાવ્યું હતું......

...ત્યારબાદ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા આપતાં કહ્યું હતું કે, આત્માને આગળ વધવા માટે ને અબ્રહ્મના પાપને છોડવા માટે સિદ્ધ ભગવાનની સાખે, ચાર તીર્થની સાખે, દેવ–ગુરુની સાખે ને પોતાના આત્માની સાખે જાવજ્જીવનપર્યંત–આખી જિંદગી બ્રહ્મચર્ય પાળવું...

–એ રીતે બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા વિધિ પૂરો થયો હતો. અને તરત જ બ્રહ્મચારી બહેનોએ જ્ઞાન પૂજન–શાસ્ત્ર–પૂજન કર્યું હતું.

શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તરફથી, બ્રહ્મચર્ય લેનાર દરેક બહેનોને એક ચાંદીનો ગ્લાસ તથા સાડી તરીકે રૂા. ૫/–આપવામાં આવ્યા હતા.

સોનગઢમાં ભાઈઓ માટે તો સનાતન જૈન બ્રહ્મચર્ય આશ્રમ છ વર્ષથી છે જ, અને આ શુભ પ્રસંગે બહેનો માટે પણ એક બ્રહ્મચર્ય–આશ્રમની સ્થાપના થઈ છે; તે માટે શેઠ શ્રી નાનાલાલ કાળીદાસ તરફથી રૂા. ૨૫૦૧/–તથા તેમના ધર્મપત્ની જડાવબેન તરફથી રૂા. ૨૫૦૧/–મળી રૂા. ૫૦૦૨/–આપવામાં આવ્યા છે અને બીજા મુમુક્ષુ ભાઈ–બહેનો તરફથી પણ રકમો આવી છે. એકંદર લગભગ રૂા. ૧૧૫૦૦/–થયા છે. આ રીતે બ્રહ્મચારી બહેનોને માટે બ્રહ્મચર્ય આશ્રમની આ કાયમી સગવડ થઈ તે પણ પ્રભાવનાની વૃદ્ધિનું જ કારણ છે.

આ મંગળ પ્રસંગે શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ અને સર્વે મુમુક્ષુ સમજ તરફથી બ્રહ્મચારી બહેનોને અભિનંદન આપતું એક ભાષણ વિદ્વાન ભાઈશ્રી હિંમતલાલ જે. શાહે કર્યું હતું; તેમાં તેઓએ મુખ્યતઃ સત્સમાગમનો તથા તત્ત્વજ્ઞાનપૂર્વકના બ્રહ્મચર્યનો મહિમા બતાવ્યો હતો અને બ્રહ્મચારી આત્માઓનું ધ્યેય સફળ થાય એવી ભાવના કરી હતી. આ શુભ પ્રસંગે છએ બહેનોના ઘેર ગોચરી માટે પધારીને પૂ. ગુરુદેવશ્રીએ તેમના આંગણાંને પાવન કર્યાં હતા. તે વખતનું વાતાવરણ ઘણું ઉત્સાહમય હતું.

યથાર્થ તત્ત્વની રુચિપૂર્વક જીવનભર બ્રહ્મચર્ય પાળવું તેને પૂ. ગુરુદેવશ્રી 'બ્રહ્મચર્યની દીક્ષા' કહે છે. તત્ત્વની રુચિપૂર્વક એકીસાથે છ બાલકુમારી બહેનોએ આજીવન બ્રહ્મચર્ય અંગીકાર કર્યાનો આ પ્રસંગ ભારતના ઇતિહાસમાં બહુ વિરલ છે, ખરેખર તો, પરમ ઉપકારી પરમ પૂ. ગુરુદેવશ્રી સોનગઢમાં નિરંતર જે અસંગ ચૈતન્ય તત્ત્વનો ઉપદેશ આપી રહ્યા છે તેનું જ આ એક નાનકડું ફળ છે. પરમ અસંગી શુદ્ધ આત્મતત્ત્વનો જે ઉપદેશ આપી રહ્યા છે તેમાં કોઈ એવો પ્રભાવ છે કે તે ઉપદેશનું શ્રવણ અને મંથન કરનારના જીવનમાં વૈરાગ્ય ભાવ સહેજે પોષતો જાય છે.

બ્રહ્મચર્ય લેનાર બહેનોના જીવનમાં, પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રીના શ્રીમુખથી નિરંતર વહેતી શુદ્ધઉપદેશ–ધારા ઉપરાંત, પરમ પવિત્ર પૂ. બહેનશ્રી ચંપાબહેન તથા પરમ પવિત્ર પૂ. બહેન શાંતાબહેનનો પણ મહાન્ ઉપકાર છે; તેઓશ્રીએ દિન–રાત તે બહેનોના જીવનને જ્ઞાન–વૈરાગ્યથી સીચ્યું છે, માતાની માફક તેઓશ્રીએ તે બહેનોના જીવનનું ઘડપર કર્યું છે. માતા જેવી તેઓશ્રીની હુંફમાં રહીને જ બહેનોએ સત્ના ચરણે જીવન સમર્પણ કરવાની આ શક્તિ મેળવી છે.

એ રીતે, જગતના સામાન્ય જીવોને લગભગ અશકય જેવી લાગે તેવી વાત સંતોના ચરણમાં અત્યંત સુગમ બની જાય છે, તેનો આ પ્રત્યક્ષ દાખલો છે. આ બ્રહ્મચર્ય કોઈ સામાન્ય લૌકિક હેતુથી લેવાયું નથી પણ જીવનભર સંતોના ચરણે–સત્સમાગમમાં રહીને આત્મહિત સાધવાના લક્ષે લેવાયું છે; એ તેની વિશેષતા છે.

શુદ્ધના લક્ષ તરફ વળનારને વચ્ચે શુભરાગરૂપ વ્યવહાર તો આવી પડે છે; ને તેથી, ભાઈઓ–બહેનોના બ્રહ્મચર્યાદિના અનેક શુભ પ્રસંગો પૂ. ગુરુદેવશ્રીના ચરણે થાય છે. અને 'સોનગઢમાં વ્યવહાર નથી–વ્યવહાર નથી, અથવા પુણ્ય નથી–પુણ્ય નથી' એવી બાંગ પોકારનારાઓના પોકાર ઉપર આવા પ્રસંગો ઠંડું પાણી રેડી દે છે! સોનગઢમાં લોકોત્તર વ્યવહાર અને પુણ્ય તો છે, પરંતુ 'તેનાથી ધર્મ થાય' એવી મિથ્યા માન્યતા નથી.

અન્ય જીવોને જે દોષો ટળવા અશકય જેવા લાગે છે તે દોષો સત્સંગમાં રહેલા જીવને સહજમાત્રમાં નષ્ટ થઈ જાય છે. તેથી શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે 'અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ જાણી, નિર્વાણનો મુખ્ય હેતું એવો સત્સંગ જ સર્વ–અર્પણપણે ઉપાસવો યોગ્ય છે, કે જેથી સર્વ સાધન સુલભ થાય છે, એવો અમારો આત્મસાક્ષાત્કાર છે. ' વળી સત્સંગમાં રહેલા જીવની વિશેષ જાગૃતિ માટે તેઓશ્રી લખે છે કે 'તે સત્સંગ પ્રાપ્ત થયે જો આ જીવને કલ્યાણ પ્રાપ્ત ન થાય તો અવશ્ય આ જીવનો જ વાંક છે.......... મિથ્યાગ્રહ, સ્વચ્છંદપણું, પ્રમાદ અને ઇન્દ્રિય–વિષયથી ઉપેક્ષા કરી હોય (એટલે કે તેને ટાળવાની બેદરકારી કરી હોય) તો જ સત્સંગ ફળવાન થાય નહિ. અથવા સત્સંગમાં એકનિષ્ઠા, અપૂર્વ ભક્તિ આણી ન હોય તો ફળવાન થાય નહિ. જો એક એવી અપૂર્વ ભક્તિથી સત્સંગની ઉપાસના કરી હોય તો અલ્પકાળમાં મિથ્યાગ્રહાદિ નાશ પામે, અને અનુક્રમે સર્વ દોષોથી જીવ મુક્ત થાય'.

વળી સત્સંગનો વિશેષ મહિમા કરતાં તેઓશ્રી લખે છે કે–"સત્સંગની ઓળખાણ થવી જીવને દુર્લભ છે. કોઈ મહત્ પુણ્યયોગે તે ઓળખાણ થયે 'નિશ્ચય કરી આ જ સત્સંગ, સત્પુરુષ છે' એવો સાક્ષી ભાવ ઉત્પન્ન

(અનુસંધાન પાન ૫૫)

આત્મધર્મ

# છ કુમારિકા બહેનોએ ગ્રહણ કરેલ
# આ જી વ ન બ્ર હ્મ ચ ર્ય
( સંપાદકીય )

પરમ પૂજ્ય સદ્ગુરુદેવના સત્સંગનો લાભ લેવાના હેતુથી સોનગઢમાં આવીને રહેલા છ કુમારિકા બહેનોએ કારતક સુદ ૧૩ ના રોજ પૂ. સદ્ગુરુદેવશ્રી સમીપે આજીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લીધી છે; તે માટે તે બહેનોને જેટલો ધન્યવાદ આપવામાં આવે તેટલો ઓછો છે. ( બહેનોનાં નામ વગેરે સમાચાર આ અંકમાં અન્યત્ર છે. ) સોનગઢમાં રહીને તે બહેનો લાંબા વખતથી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે અને નિરંતર પૂજ્યપાદ સદ્ગુરુદેવશ્રીના વ્યાખ્યાનોનો તેમ જ ભગવતી બહેનો શ્રી ચંપાબહેન અને શાંતાબહેનના સમાગમનો લાભ લઈ રહ્યાં છે. લાંબા વખતના તત્ત્વજ્ઞાનના અભ્યાસપૂર્વક એક સાથે છ કુમારિકા બહેનોના જીવનભર બ્રહ્મચારી રહેવાનો આવો બનાવ જૈન જગતમાં લાંબા કાળથી બન્યાનું જોવામાં આવતું નથી, તેથી તે જેટલો પ્રશંસનીય છે તેટલો જ વિરલ છે. તે બહેનોનો હેતુ તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં આગળ વૃદ્ધિ કરવાનો છે, તે ભાવના તેમના બ્રહ્મચર્યને વિશેષ દેદીપ્યમાન બનાવે છે.

( ૨ ) હાલ સમાજમાં અને જૈન ફીરકાઓમાં કુમારિકા બહેનોએ બ્રહ્મચર્ય ગ્રહણ કર્યાના બનાવો કયારેક કયારેક જોવામાં આવે છે, પણ તેની પાછળ લૌકિક સેવાનો હેતું હોય છે. અગર તો ક્ષણિક વૈરાગ્ય કે સાંપ્રદાયિક હેતુ વગેરે હોય છે, પણ જેની પાછળ પરમ સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનના લાંબા વખતનું અભ્યાસનું બળ હોય અને જેની સાથે તે જ પ્રકારના તત્ત્વજ્ઞાનને વિશેષ વિસ્તૃત કરવાની ભાવના હોય–એવો બનાવ હાલમાં જોવામાં આવતો નથી. જ્યારે આ પુણ્યભૂમિમાં તીર્થંકર ભગવંતો વિચરતા હતા અને તેમના દિવ્યધ્વનિવડે આ દેશમાં ધીકતી ધર્મપેઢી ચાલતી હતી, તેમ જ જ્યારે આત્મજ્ઞાની સંત–મુનિવરોના ટોળાં જ્યાં જોઈએ ત્યાં દેખવામાં આવતા અને તેમની પાસેથી પરમ સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનનો લાભ જગતના જીવોને મળતો ત્યારે તો આવા પ્રકારના બ્રહ્મચર્યાદિના અનેક બનાવો બનતા, પરંતુ અત્યારે તો લોકોની વૃત્તિ ઘણી જ બાહ્ય થઈ ગઈ છે, ધર્મના નામે પણ બાહ્ય વૃત્તિઓ પોષાઈ રહી છે, જૈનધર્મના નામે પ્રાયઃ અજૈનત્વનો ઉપદેશ જોર શોરથી ચાલી રહ્યો છે અને એ રીતે વર્તમાનમાં જે મોક્ષમાર્ગ બહુ સુષુપ્ત અને બહુ લુપ્ત અવસ્થામાં પડયો છે તેને સર્વથા લુપ્ત કરી દેવાના પ્રયત્નો જૈનધર્મના નામે ચાલી રહ્યા છે.

( ૩ ) પરંતુ એવા આ કાળે પણ ભવ્ય જીવોના મહાભાગ્ય બાકી છે અને પવિત્ર જૈન શાસનનું પરમ સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન આ પંચમકાળના છેડા સુધી રહેવાનું છે તેથી, પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું મહાન્ પ્રભાવના યોગ સહિત આ કાળે પ્રાગટય થયું છે અને નિરંતર તેમના પરમ તત્ત્વજ્ઞાનના ઉપદેશનો લાભ હજારો ગામે મુમુક્ષુઓ લઈ રહ્યા છે. જ્યારે ચારે તરફ ગૃહીત મિથ્યાત્વના પોષણની પેઢીઓ ચાલી રહી છે ત્યારે આ પરમ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા માટેની ધીકતી પેઢી શરૂ થઈ છે અને ખૂબ પ્રફુલ્લિત થઈ છે ને થતી જાય છે; તેનાં અનેક સુશોભિત, મીઠાં–મધુર અને સુખમય ફળો આવ્યા છે; અને તેમાનું એક સુશોભિત–મીઠું–મધુરું અને સુખમય ફળ આ છ બહેનોના બ્રહ્મચર્ય લેવાનો બનાવ છે.

( ૪ ) કુમાર ભાઈઓ બ્રહ્મચર્ય ધારણ કરે તેના કરતાં કુમારિકા બહેનોએ બ્રહ્મચર્ય ધારણ કરવું તે વિશેષ કઠિન કાર્ય છે, ને તેમાં વિશેષ પુરુષાર્થની જરૂર છે. છતાં તેવી હિંમત સત્સમાગમે તત્ત્વજ્ઞાનના અભ્યાસપૂર્વક છ બહેનોએ પ્રગટ કરી છે અને તે પણ તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં આગળ વધવા માટે છે. આ કાર્ય એવું સુંદર છે કે તે પ્રત્યે સહૃદય માણસોને પ્રશંસાભાવ આવ્યા વગર રહે નહિ.

( ૫ ) બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેનારી બહેન સારી રીતે સમજે છે કે બ્રહ્મચર્ય પાલનની પ્રતિજ્ઞા તે શુભભાવ છે, તે ધર્મ નથી પણ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનારા અને ધર્મમાં પ્રવેશ કરનારા મુમુક્ષુ જીવોને અશુભ ભાવ ટળીને આવા પ્રકારના શુભભાવ આવ્યા વગર રહેતા નથી. તત્ત્વજ્ઞાનની દ્રષ્ટિએ એ શુભ ભાવનું કાર્યક્ષેત્ર કેટલું છે તે તેઓ જાણે છે. વળી તેઓ સમજે છે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતા જ મોક્ષમાર્ગ છે, સમ્યગ્દર્શન વગર મોક્ષમાર્ગ હોતો નથી; તેથી તે માટેના પુરુષાર્થની જ તેમની ભાવના છે, તેમની એ ભાવના સફળ

થાઓ અને તેઓ આત્માની સંપૂર્ણ શુદ્ધતાને અલ્પકાળમાં પામો–એવી મારી પ્રાર્થના છે.

( ૬ ) હવે, આ પ્રસંગે, તે બહેનોને ઉદ્દેશીને થોડા શબ્દો કહેવાની જરૂર છે–જુઓ, બહેનો! તમે લાંબા કાળથી સત્પુરુષોના સમાગમમાં રહો છો; નિરંતર તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરો છો અને તે તત્ત્વજ્ઞાનમાં આગળ વધવા માગો છો, તમારી તે ભાવના સુંદર છે; તે કાર્યમાં તમે ખંતપૂર્વક હોંશ અને ઉત્સાહથી આગળ વધજો, પરમ સત્યધર્મ પ્રત્યેના તમારા પુરુષાર્થને દિન–પ્રતિદિન આગળ વધારજો. સતી ચંદના, સીતા, અંજના, દ્રૌપદી વગેરે ધર્માત્માઓના જીવનના અનેક પ્રસંગો અને તે તે પ્રસંગોમાં તેમની ધર્મદ્રઢતાને સર્વ પ્રસંગે હૃદયમાં રાખજો. તમે ગમે તેવા સંજોગોમાં મુકાઓ તોપણ ત્યારે તમારા તત્ત્વજ્ઞાન અને બ્રહ્મચર્યને તમે દીપાવજો, અને ધર્મની શોભા તથા પ્રભાવના વધે તેવા પવિત્ર કાર્ય કરજો. તમે પણ એવા જ મનોરથો સેવો છો, તમારા તે મનોરથો સફળ થાઓ એવા મારા તમને આશીર્વાદ છે.

શ્રી જિનશાસનમાં આવા અનેક કુમાર ભાઈઓ ને કુમારિકા બેનો થાઓ, સત્ધર્મના પંથે ચડો, તત્ત્વજ્ઞાન અને વૈરાગ્યમાં આગળ વધી ધર્મની પ્રભાવના વધારો અને પોતાનું આત્માનું કલ્યાણ કરો, –એવી ભાવના સાથે વિરમું છું.

## આત્મધર્મ ( છઠ્ઠા વર્ષમાં પ્રવેશ )

ગતાંકથી આ ‘આત્મધર્મ’ માસિકના પાંચ વર્ષ પૂરા થઈને છઠ્ઠા વર્ષની શરૂઆત થઈ છે. આ માસિકમાં આપવામાં આવતા પરમ પૂ. સદ્ગુરુદેવશ્રી કાનજી સ્વામીના વ્યાખ્યાનો દ્વારા પાંચ વર્ષમાં તત્ત્વજ્ઞાનને લગતા અનેક જટિલ પ્રશ્નોનો નિકાલ થયો છે. તત્ત્વજ્ઞાનના અનેક વિષયો વિકવિધશૈલીથી પ્રસિદ્ધ થયા છે અને ઘણા મુમુક્ષુઓ તેનો લાભ લઈ રહ્યા છે. જૈનધર્મના નામે તો માસિક વગેરે ઘણા પત્રો નીકળે છે. પરંતુ તેમાંના લખાણો મુખ્યપણે તો રાજદ્વારી બાબતોથી ભરેલા હોય છે, કવચિત્ બીજા લેખો હોય છે તો તેમાં કોઈ એવો લેખ નથી હોતો કે જે લેખ મુમુક્ષુ જીવોને નિઃસંદેહપણે આત્મહિતનો માર્ગ દર્શાવી શકે. તે બધા પત્રોથી આ માસિકની રીત તદ્ન જાુદી જ છે. આ પત્રમાં એક માત્ર તત્ત્વજ્ઞાનના જ વિષયો અને તે પણ ચાલુ ઘરગથ્થું ભાષામાં આપવામાં આવે છે; અને તેથી સત્ધર્મની પ્રભાવના સારી રીતે ચાલી છે.

[ ૨ ] જૈન શાસનનું તત્ત્વજ્ઞાન ઘણું વિશાળ છે, તેના અનેક વિષયો આત્મધર્મમા આવી ગયા છે, તેમાંથી કેટલાકની યાદી નીચે મુજબ છે.

( ૧ ) દ્રવ્ય–ગુણ–પર્યાયનું સ્વરૂપ.

( ૨ ) નિશ્ચય–વ્યવહારનું સ્વરૂપ.

( ૩ ) વિશ્વનું સંપૂર્ણ વ્યવસ્થિતપણું છે અર્થાત્ દરેક દ્રવ્યના ક્રમબદ્ધ પર્યાય છે, તેનું સ્વરૂપ.

( ૪ ) વિશ્વના દરેક પદાર્થની સંપૂર્ણ સ્વતંત્રતા.

( ૫ ) ઉપાદાન નિમિત્તનું સ્વરૂપ.

( ૬ ) સમ્યગ્દર્શન તે જ ધર્મનું મૂળ છે, તે સમ્યગ્દર્શનનું સ્વરૂપ.

( ૭ ) મિથ્યાત્વ તે જ સંસારનું મૂળ છે, તે મિથ્યાત્વનું સ્વરૂપ.

( ૮ ) જીવ પોતે જ સ્વભાવને ભૂલીને અનાદિથી અવિદ્યાને સેવતો આવે છે, તેથી જ સંસારમાં રખડે છે, છતાં તે કર્મ વગેરે બીજા પદાર્થો ઉપર દોષ નાખે છે.

( ૯ ) પુણ્યનું સ્વરૂપ; પુણ્ય તે ધર્મ નથી તેમ જ તે ધર્મનું કારણ પણ નથી.

( ૧૦ ) વ્યવહાર કરતાં કરતાં કદી નિશ્ચયધર્મ પ્રગટે નહિ.

( ૧૧ ) આત્મા પરનું કાંઈ કદી કરી શકતો નથી.

( ૧૨ ) જડકર્મ પરદ્રવ્ય છે તે આત્માને લાભ કે નુકસાન કરી શકે નહિ. જડ કે ચેતન કોઈ પણ પર વસ્તુને આત્માને લાભ નુકસાન કરી શકે નહિ.

( ૧૩ ) શરીર સાથેની એકત્વબુદ્ધિના કારણે જ પુણ્યથી લાભ થાય એવી જાૂઠી માન્યતાના કારણે જ જીવ પોતાથી દુઃખી થઈ રહ્યો છે, જડકર્મો તેને દુઃખ દેતાં નથી.

( ૧૪ ) ધન, સ્ત્રી, પુત્ર, તેમજ બહારની કહેવાતી સવગડો વગેરેથી જીવ સુખી થતો નથી તેમજ તેના અભાવમાં અથવા તો બહારની કહેવાતી અગવડોથી જીવ દુઃખી થતો નથી, પણ પોતાના અજ્ઞાનભાવથી જ તે દુઃખી થઈ રહ્યો છે.

( ૧૫ ) ધર્મ કયાં થાય ? અને કેવી રીતે થાય ? અધર્મ કયાં થાય અને કેવી રીતે થાય ?

( ૧૬ ) ક્રિયા કેટલા પ્રકારની છે ? અને તેમાંથી કઈ ક્રિયા ધર્મની છે ?

( ૧૭ ) જીવ બોલી શકે નહિ, શરીરને હલાવી ચલાવી શકે નહિ, શરીર વગેરે કોઈ પર વસ્તુની ક્રિયાને આત્મા નિશ્ચયથી કે વ્યવહારથી કોઈ રીતે કરી શકતો નથી.

( ૧૮ ) પુણ્યનું કાર્યક્ષેત્ર કેટલું ?

( ૧૯ ) જડ કર્મના ઉદયનું કાર્યક્ષેત્ર કેટલું ?

( ૨૦ ) હિંસા અને અહિંસાનું યથાર્થ સ્વરૂપ.

( ૨૧ ) ઉત્તમ ક્ષમા, ત્યાગ, તપ, બ્રહ્મચર્ય વગેરે ધર્મનું સ્વરૂપ.

( ૨૨ ) ધર્મ તો આત્મનો જ શુદ્ધ પર્યાય છે અને તે આત્માને ઓળખીને તેમાં લીન થવાથી જ થાય છે, બીજી કોઈ રીતે થતો નથી.

( ૨૩ ) અનેકાન્તવાદનું અને એકાંતવાદનું યથાર્થ સ્વરૂપ શું ? અનેકાંતનું પ્રયોજન શું ?

( ૨૪ ) તીર્થંકર ભગવંતોએ શું કર્યું અને શું કહ્યું ?

( ૨૫ ) જગતમાં ધર્મના નામે ચાલતા મતોને તત્ત્વજ્ઞાનની કસોટી ઉપર ચડાવ્યા સિવાય તેમનો સમન્વય કરવાની ચાલી રહેલી મનોવૃત્તિ તે માત્ર ગૃહીત મિથ્યાત્વનું પોષણ જ છે, તે કોઈને લાભદાયક નથી.

એ વગેરે અનેક પ્રકારના વિધવિધ વિષયો ખાસ શૈલીથી સરળ રીતે પ્રસિદ્ધિ પામ્યા છે. અને તે દરેક લેખોનો સાર એ હોય છે કે પોતાના આત્મ સ્વભાવની સાચી ઓળખાણ કરવી. 'આત્મધર્મ' માસિક તેના નામ પ્રમાણે પાને પાને આત્માનો ધર્મ બતાવે છે. સંસાર–પોષક લખાણ તેમાં હોતું નથી, સંસારની ઝંઝટોથી તે સદા અલિપ્ત રહે છે.

( ૩ ) આ કળિકાળમાં ધર્મના નામે, વેષને નામે, દેશની સેવાના નામે, ત્યાગના નામે–વગેરે અનેક પ્રકારે જુઠ્ઠી માન્યતાઓ પોષાય છે એ જાણીતું છે. આત્માર્થી જીવો તે પાખંડોથી બચે, ધર્મના નામે ચાલતા પાખંડો બંધ થાય અને જગતના પદાર્થોનું તથા આત્માના ધર્મનું સાચું સ્વરૂપ શું છે તે લોકો જાણે–અને તેઓ ધર્મનું સ્વરૂપ પામે–એ જ આ માસિકનો હેતુ છે; તેથી યથાર્થ વસ્તુ સ્વરૂપ બતાવનાર લેખો જ તેમાં આપવામાં આવે છે; તેમાં કોઈ પણ વ્યક્તિની નિંદા કે અંગત ટીકા બિલકુલ કરવામાં આવતી નથી. માત્ર સત્ય સ્વરૂપ શું છે અને અસત્ય શું છે તેનું વિવેચન કારણો સહિત યુક્તિ અને આગમના આધારે આપવામાં આવે છે.

( ૪ ) 'આત્મધર્મ' એ કોઈ લૌકિક છાપું નથી, તેમ જ ધર્મના નામે ચાલી રહેલા અન્ય છાપાઓ કરતાં પણ તે જુદી જાતનું છે. તેમાં જે કાંઈ પીરસવામાં આવે છે તે સત્ તત્ત્વના નમૂનારૂપ હોય છે. આ પત્રમાં જે કાંઈ છપાય છે તે, જો કે પૂ. ગુરુદેવશ્રીના મુખથી નિરંતર જે વ્યાખ્યાનો થાય છે તેનો અંશમાત્ર જ છે, તોપણ તેટલામાં ઘણું તત્ત્વ ભરેલું હોય છે. માટે અન્ય છાપાઓની જેમ આ પત્રને જેમ તેમ ન વાંચતાં તેના દરેક વાકયના ભાવ સમજીને વાંચવાની ખાસ ભલામણ છે.

( ૫ ) પોતાને સુધારક માનતા કેટલાક ભાઈઓ પોતે દેશસેવા કરી રહ્યા છે–એમ માને છે અને તે દેશસેવાને જ ધર્મ માનીને ધર્મના નામ તરફ સૂગ ધરાવે છે, તેઓ પણ આ પત્રને થોડો કાળજીપૂર્વક અને તુલનાશક્તિથી વાંચીને અભયાસ કરે તો તેમની ધર્મ પ્રત્યેની સૂગ ટળી જઈને પરમસત્ય સ્વરૂપની રુચિ થયા વગર રહે નહિ. માટે તેવા ભાઈઓને આ પત્રનો અભ્યાસ કરવાની નમ્ર ભાવે સૂચના છે.

( ૬ ) કોઈ પણ જીવ ગમે તેને ગમે તેવો અભિપ્રાય ધરાવવા સ્વતંત્ર છે; તેથી કેટલાક નાસ્તિક જેવા લોકો સત્ ધર્મને હંબગ ( Humbug ) માને છે, તેમને પણ ખાસ સૂચના છે કે–તમે વસ્તુસ્વરૂપનો અભ્યાસ કરો. વસ્તુ સ્વરૂપના યથાર્થ જ્ઞાન વિના કોઈ જીવ કદી પણ સુખી થાય નહિ. જૈનધર્મ એ કોઈ વાડો કે કલ્પિત મત નથી પણ વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ તે બતાવે છે, એટલે જૈનધર્મ તે વસ્તુસ્વભાવ જ છે. વસ્તુ સ્વરૂપના અભ્યાસ વગર તમે સુખી થવા માગો છો, પણ તે બનવું અશકય છે.

( ૭ ) વર્તમાન કેળવણી કેટલાક જુવાનોના મગજમાં એવા પ્રકારની ધૂન પેદા કરે છે કે 'અમે ઘણા ડાહ્યા છીએ' અને જેઓએ તેમના જેવી કેળવણી લીધી ન હોય તે મૂર્ખ છે, એમ તેઓ માને છે. વળી તેઓ માને છે કે ધર્મનો અભ્યાસ તો નવરા લોકો માટે છે અને આપણું કાર્ય તો જગતમાં આગળ વધીને ધનની પ્રાપ્તિ શી રીતે થાય અને આપણા દેશની ધનસંપતિ શી રીતે વધે–તેના ઉપાયો કરવાનું છે એમ માનીને તે સંબંધી વાતો અને ચર્ચાઓ કર્યા કરે છે; એટલે ધર્મ તો જાણે કે નકામી વસ્તુ હોય, અને તેના વગર જ સુખી થઈ શકાતું હોય એમ

તેમને લાગે છે. તેમની એ માન્યતા અને વિચારો કેટલા જુઠ્ઠા છે તે આ પત્ર બતાવે છે. ધર્મનો અભ્યાસ માત્ર વૃદ્ધ કે નવરાનું કાર્ય નથી પણ ધર્મ તો દરેક જીવનું કર્તવ્ય છે; જે કોઈ જીવ સુખી થવા માંગતા હોય તે દરેકનું પછી ભલે તે વૃદ્ધ હો કે બાળક હો, પુરુષ હો કે સ્ત્રી હો, કરોડપતિ હો કે નિર્ધન હો, ભણેલ હો કે અભણ હો તે દરેકનું, એ જ કર્તવ્ય છે. –એમ આ પત્ર સચોટ રીતે સાબિત કરે છે. અને સાથે સાથે એ પણ સમજાવે છે કે ધર્મ એ આત્માની ચીજ છે, તેથી તેની શરૂઆત પણ આત્મામાંથી જ થાય છે, કોઈ બાહ્ય ક્રિયાઓ વડે તેની શરૂઆત થતી નથી. માટે સર્વે યુવકો પણ આ માસિક વાંચે અને પોતાની તુલનાશક્તિ વડે સત્ય–અસત્યનો તેઓ નિર્ણય કરે તો તેમને લાભ થશે... અને જીવનમાં બાકી રહી જતું સૌથી મોટું કર્તવ્ય તેમને સમજાશે.

( ૮ ) જો કે ધર્મના નામે આજે જગતમાં ધતિંગો ઘણા ચાલે છે અને આ આર્યદેશ બાહ્યવેષ દેખીને જેટલો ઠગાય છે તેટલો બીજે કયાંય ઠગાતો નથી–એ વાત સત્ય છે, છતાં પણ તેથી એમ મની લેવું કે ‘જગતમાંથી સત્ય ધર્મનો સર્વથા લોપ થઈ ગયો છે અને સર્વ સ્થળે ધતિંગ જ ચાલે છે’ –એ પણ મહાન ભૂલ છે. આ કાળે પણ સત્ય ધર્મનો સર્વથા લોપ નથી થયો. માટે ધીરજથી સત્ય–અસત્યની પરીક્ષા કરતાં શીખવું જોઈએ. માટે સર્વ લોકો આ પત્રનો અભ્યાસ નિમિત્તપણે એક સાથે એક વર્ષ સુધી રાખે અને સત્ય–અસત્યની પરીક્ષા કરે–એવી તેમના પ્રત્યે નમ્ર ભાવે વિનંતી છે.

( ૯ ) અત્યાર સુધી ઘણા જિજ્ઞાસુ જીવો આ પત્રનો લાભ લે છે અને તેનાથી સત્‌ધર્મનો સારો પ્રચાર થયો છે, છતાં પણ આ પત્રનો જેટલો વિશાળ પ્રચાર અને ફેલાવો થવો જોઈએ તેટલો હજુ થયો નથી; તે માટે આ પત્રના ગ્રાહકો વધવાની જરૂર છે. આત્મધર્મના હરેક ગ્રાહકો તથા વાંચકોએ તેમજ ધર્મ પ્રેમી ભાઈ–બહેનોએ તે માટે પ્રયાસ કરવાની જરૂર છે. દરેક ગ્રાહકો ને વાંચકોની ફરજ છે કે તેમણે આ પત્રના ફેલાવા માટે બને તેટલો પ્રયત્ન કરવો. અને પોતાના સંબંધીઓને તે પત્ર વાંચવાની ભલામણ કરીને તેમને સત્યધર્મ પ્રત્યે પ્રેરવા.

( ૧૦ ) ‘આત્મધર્મ નહિ વાંચનારાઓ સંબંધી કહ્યા બાદ હવે, જેઓ આત્મધર્મનું વાંચન કરે છે તેવા જિજ્ઞાસુ વાંચકોને એક અગત્યની ભલામણ કરવાની છે કે–જૈનદર્શન એવું ગંભીર છે કે જ્ઞાની પુરુષના સીધા સંસર્ગ વગર કોઈ જીવ તેના રહસ્યને પામી શકે નહિ એથી શાસ્ત્રોમાં દેશના લબ્ધિનું વર્ણન આવે છે. શ્રીમદ્ રાજચંદ્રજીના શબ્દોમાં કહીએ તો ‘પાવે નહિ ગુરુગમ વિના, એહી અનાદિ સ્થિત’ –અનાદિથી એવી જ વસ્તુ સ્થિતિ છે કે ગુરુગમ વગર એટલે કે દેશનાલબ્ધિ વગર કોઈ જીવ ધર્મ પામી શકે નહિ. અને એ દેશનાલબ્ધિ માત્ર શાસ્ત્ર વગેરેના વાંચનથી કોઈ જીવ પામી શકે નહિ; પણ જ્ઞાનીપુરુષના ઉપદેશનું સીધું શ્રવણ કરે તો જ દેશનાલબ્ધિ પામે; માટે ધર્મના અભિલાષી જીવોએ એકવાર તો અવશ્ય સત્‌સમાગમ કરીને સદ્‌ગુરુગમે દેશનાલબ્ધિ પ્રાપ્ત કરવી જોઈએ. પોતાની મેળે શાસ્ત્રનું વાંચન કરવાથી વર્ષો સુધી જે કાર્ય નહિ થાય તે કાર્ય સત્‌પુરુષના પ્રત્યક્ષ સમાગમે અલ્પકાળમાં થઈ જશે... માટે, માત્ર આત્મધર્મ વાંચીને જ સંતોષ ન માનતાં વિશેષ સ્પષ્ટ સમજવા માટે પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણીનું સીધેસીધું પાન કરવા આગ્રહ ભરી ભલામણ છે. જ્ઞાની પુરુષના શ્રીમુખથી આધ્યાત્મિક ઉપદેશનું સાક્ષાત્ શ્રવણ કરવું તે જ આત્માર્થીઓને કલ્યાણનું મુખ્ય કારણ છે. એક વખત તો સત્‌ની રુચિપૂર્વક ચૈતન્યમૂર્તિ જ્ઞાનીપુરુષ પાસેથી અવશ્ય શ્રવણ કરવું જોઈએ, તેમ કરવાથી જ આત્મામાં સત્‌નું પરિણમન થાય છે.

**રામજી માણેકચંદ દોશી**

## બ્રહ્મચર્ય વિશેષાંક

સોનગઢમાં પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી પાસે છ બાલકુમારિકા બેનોએ આજીવન–બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી, તે શુભ પ્રસંગની યાદગીરી તરીકે શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તરફથી ‘આત્મધર્મ’ ના આ અંકના પાનાં વધારીને ખાસ ‘બ્રહ્મચર્ય વિશેષાંક’ તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

**ઉપરના કારણે આ અંક મોડો પ્રસિદ્ધ થવા પામ્યો છે.**

# સાચું બ્રહ્મચર્ય જીવન કોણ જીવી શકે ?

બ્રહ્મચારી એટલે શું ?

બ્રહ્મચારી એટલે આત્માનો રંગી અને વિષયોનો ત્યાગી.

વિષયોનો ત્યાગી કોણ થઈ શકે ?

જે વિષયોમાં સુખ ન માનતો હોય તે.

વિષયોમાં સુખ કોણ ન માને ?

જેને વિષયોથી રહિત આત્માના સુખનું ભાન અને રુચિ થઈ હોય તે.

જેમ એક સ્પર્શેન્દ્રિયના વિષયમાં સુખ નથી તેમ પાંચ ઇન્દ્રિયો સંબંધી કોઈ પણ વિષયોમાં આત્માનું સુખ નથી; એમ જાણીને સવ વિષયોમાંથી સુખબુદ્ધિ ટળે અને સર્વ વિષયોરહિત અસંગી આત્મસ્વભાવની રુચિ થાય તે જ જીવ વાસ્તવિક બ્રહ્મચર્ય જીવન જીવે છે. એટલે ખરેખર જેટલો જેટલો આત્મિક સુખનો અનુભવ છે તેટલે તેટલે અંશે બ્રહ્મચર્યજીવન છે. બીજી રીતે કહીએ તો બ્રહ્મસ્વરૂપ આત્મામાં જેટલે અંશે ચર્યા (–પરિણમન) હોય તેટલું બ્રહ્મચર્યજીવન છે. અને જેટલી બ્રહ્મામાં ચર્યા હોય છે તેટલો પરવિષયોનો ત્યાગ હોય છે ને બાહ્યમાં પણ તે તે પ્રકારના વિષયોનો સંગ હોતો નથી.

શ્રી આત્મઅવલોકનમાં શીલની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે– ‘પોતાના ચેતનસ્વભાવને શીલ કહે છે. તે પોતાના સ્વભાવની અન્ય પરભાવરૂપ નારી પ્રત્યે વિરક્તતા (અર્થાત્ તેનો ત્યાગ) અને પોતાના સ્વભાવમાં સ્થિરતા તે જ શીલપાલન છે.’

–પણ જે જીવ પરવિષયોથી કે પરભાવોથી સુખ માનતો હોય તે જીવને બ્રહ્મચર્ય જીવન હોય નહિ; કેમકે તેને વિષયોના સંગની રુચિ પડી છે. પછી ભલે તે જીવ શુભરાગ વડે કદાચ સ્ત્રીસંગ કે પુરુષસંગ ન કરતો હોય, પણ અમુક શબ્દથી કે મૂર્તિ વગેરે અમુક રૂપથી ઇત્યાદિ કોઈ પણ વિષયથી મને સુખ થાય કે તેના નિમિત્તથી મને જ્ઞાન થાય એવી જેની દ્રષ્ટિ છે તેને પરવિષયોની રુચિ જ છે અને તેથી તેને વાસ્તવિક બ્રહ્મચર્ય હોતું જ નથી.

આથી, તત્ત્વજ્ઞાનને અને બ્રહ્મચર્યને મેળ સિદ્ધ થયો; કેમકે જે જીવને તત્ત્વજ્ઞાન હોય–આત્માની રુચિ હોય તે જીવ કદી કોઈ પણ પરવિષયમાં સુખ માને નહિ, એટલે રુચિમાં–શ્રદ્ધામાં–દ્રષ્ટિમાં તો તેણે પોતાના આત્મ સ્વભાવનો સંગ કરીને સર્વ પર વિષયો નો સંગ છોડી દીધો છે, તેથી તે જીવ રુચિ–શ્રદ્ધાથી તો બ્રહ્મચર્ય જીવન જ જીવે છે. અને પછી સ્વભાવની રુચિના જોરે તે સ્વભાવમાં લીનતા કરતાં જેમ જેમ રાગાદિ પરપરિણતિ ટળતી જાય છે તેમ તેમ તેના નિમિત્તભૂત બાહ્ય વિષયો પણ સ્વયમેવ છૂટતા જાય છે, ને એ ક્રમથી આત્મિક બ્રહ્મચર્ય જીવનમાં આગળ વધતા તે જીવ પોતે પૂર્ણ બ્રહ્મસ્વરૂપ પરમાત્મા થઈ જાય છે.

શરીરના સ્પર્શમાં જેને સુખની માન્યતા ટળી ગઈ હોય તે જ તેનાથી વિરક્ત થઈને બ્રહ્મચર્ય જીવન જીવી શકે. હવે જેને શરીરના સ્પર્શ–વિષયમાંથી સુખબુદ્ધિ ટળી ગઈ હોય તે જીવને શબ્દ, રૂપ, રસ, ગંધ કે વર્ણ વગેરે વિષયોમાંથી પણ સુખબુદ્ધિ અવશ્ય ટળી ગઈ હોય. એક પણ ઇન્દ્રિયમાંથી જેને ખરેખર સુખબુદ્ધિ ટળે તેને પાંચે ઇન્દ્રિયમાંથી સુખબુદ્ધિ ટળે. હવે પાંચે ઇન્દ્રિય–વિષયોમાંથી સુખબુદ્ધિ તેને જ ટળે કે જેણે સત્પુરુષના ઉપદેશના શ્રવણપૂર્વક, પાંચ ઇન્દ્રિયોના વિષયોથી પાર અતીન્દ્રિય આત્માનું સુખ લક્ષગત કર્યું હોય અને અંતરમાં તેની રુચિ થઈ હોય; એવો જીવ જ યથાર્થપણે ઇન્દ્રિય વિષયોથી વિરક્ત થઈને બ્રહ્મચર્ય જીવન જીવી શકે.

આત્માના લક્ષ વગર સ્પર્શેન્દ્રિયના વિષયને છોડીને કોઈ જીવ શારીરિક બ્રહ્મચર્ય તો પાળે પણ કડવાશમાં દુઃખ અને લાડવા ખાવામાં આનંદ–સુખ માને તો તેણે ‘રસ’ સાથે વિષય કર્યો છે એટલે તેનું ખરેખર બ્રહ્મચારીજીવન નથી પણ વિષયી જીવન છે.

તેવી રીતે, દુર્ગંધમાં દુઃખ અને સુગંધમાં સુખ માને તો તેણે ‘ગંધ’ સાથે વિષય કર્યો છે.

તેમ, સ્ત્રી આદિની આકૃતિને કારણે વિકાર થવાનું માને અને ભગવાનની મૂર્તિ વગેરેના કારણે વીતરાગતા થવાનું માને, અગર તે રૂપને લીધે જ્ઞાન થયું એમ માને તો તેણે ‘રૂપ (વર્ણ)’ સાથે વિષય કર્યો છે.

વળી, નિંદા વગેરેના શબ્દો દ્વેષ કરાવે અને પ્રશંસાના શબ્દો રાગ કરાવે અથવા દેવ–ગુરુની વાણીથી મને જ્ઞાન થાય–એ જેણે માન્યું છે તેણે ‘શબ્દ’ સાથે વિષય કર્યો છે.

અને બ્રહ્મચર્યના નામે જેને માન પોષવાની કે બીજી કોઈ વસ્તુની રુચિ હોય તો તે જીવે ‘માન’ સાથે વિષય કર્યો છે.

ઉપર પ્રમાણે જે જીવની પરિણતિ પોતાના સ્વઘરને છોડીને પર ઘરમાં ભમે છે–આત્મવિષય છોડીને પરવિષયોમાં એકતા કરે તે જીવ ખરેખર બ્રહ્મચારી નથી પણ અબ્રહ્મચારી છે. સમ્યગ્દર્શન સ્વદ્રવ્યને વિષય કરનાર છે. જે સ્વદ્રવ્યને વિષય કરે તેને જ પરદ્રવ્ય સાથેનો વિષય ટળે; જે સ્વદ્રવ્યને વિષય ન કરે ને પરદ્રવ્ય સાથે જ વિષય કરે તેને કદી વિષય ટળે નહિ અને બ્રહ્મચર્યજીવન થાય નહિ.

કોઈ જીવ શુભરાગના વેગવડે બાહ્ય ત્યાગી–દ્રવ્યલિંગી તો થઈ જાય પણ એમ માનતો હોય કે ‘મને નિમિત્તથી લાભ–નુકસાન થાય, અથવા તો જે પુણ્યની વૃત્તિ થાય છે તે મને ધર્મનું કારણ છે’ –તો તે જીવે પર વિષયોનો અને પર ભાવનો સંગ જરા પણ છોડયો નથી, ને તેને આત્મિકબ્રહ્મચર્ય જરા પણ પ્રગટયું નથી. પુણ્યભાવ તો પર વિષયોના લક્ષે જ થાય છે, તે પુણ્યને જેણે ધર્મ માન્યો તેને ખરેખર પરવિષયોમાં સુખ છે–એમ જ માન્યું છે, તેથી તેને અંતરમાં પરવિષયોનો સંગ છોડવાની રુચિ નથી પણ પરવિષયોનો સંગ કરવાની રુચિ છે પરવિષયોનો સંગ કરવાની રુચિ તે અબ્રહ્મચર્ય જ છે.

પરવિષયોથી મને કાંઈ પણ થાય એમ જે માને તે જીવ તે પદાર્થોની અનુકૂળતામાં સુખ માન્યા વગર રહે નહિ. જે જીવ દેવ–ગુરુ–શાસ્ત્રથી આ આત્માને લાભ થાય એમ માને તે જીવને દેવ–ગુરુ–શાસ્ત્રના વિષયને છોડવાની રુચિ નથી પણ દેવ–ગુરુ–શાસ્ત્રના વિષય કરવાની રુચિ છે. જેમ સ્ત્રી વગેરેમાં સુખબુદ્ધિ તે વિષય છે તેમ દેવ–ગુરુ–શાસ્ત્ર પણ પરવિષય છે તેમાં સુખબુદ્ધિ તે પણ વિષય જ છે. –એમ અશુભ છે ને બીજો શુભ છે એટલું જ. પરંતુ છે તો બંને વિષય, એક અબ્રહ્મના જ તે બે પ્રકાર છે.

મારા અસંગ ચૈતન્યતત્ત્વને કોઈ પર દ્રવ્યનો સંગ જરા પણ નથી, પર દ્રવ્યના સંગથી મારામાં સુખ નથી પણ પર દ્રવ્યના સંગ વગર જ મારા સ્વભાવથી મારું સુખ છે–એમ જે જીવે પોતાના અતીન્દ્રિય આત્મસ્વભાવની રુચિ અને લક્ષ કર્યું છે તથા સર્વ ઇન્દ્રિય વિષયોની રુચિ છોડી છે તે ભવ્ય જીવ ખરું આત્મજીવન બ્રહ્મજીવન જીવે છે. –એવા સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા ભગવાન સમાન છે–એમ જ્ઞાનીઓ કહે છે.

આ શરીર તો કાષ્ટની પૂતળી સમાન જડ છે ને ચૈતન્યમૂર્તિ આત્મા તેનાથી જુદો છે એમ જાણે–એટલે કે શરીર અને આત્માનું ભેદજ્ઞાન કરે તેને ભગવાન સમાન કહેવાય છે, બીજાના સુંદર શરીર દેખવાને કારણે તેને લેશ પણ વિકાર થતો નથી. એટલે તેમાં આત્માના લક્ષે બ્રહ્મચર્ય પાળવાનું જ આવ્યું. બાકી શરીરના લક્ષે શુભભાવરૂપ બ્રહ્મચર્ય રાખે ને વિષય ઇચ્છા ન કરે તે પુણ્ય બંધનું કારણ છે, પણ માત્ર એવું શુભભાવરૂપ બ્રહ્મચર્ય પાળનારને ‘ભગવાન સમાન’ કહ્યો નથી.

આ રીતે ખરેખર આત્મસ્વભાવની રુચિની સાથે જ બ્રહ્મચર્ય વગેરે સર્વ ગુણોના બીજડાં પડેલા છે, ને જેમ જેમ તે રુચિનો વિકાસ થતો જાય છે તેમ તેમ આત્મિક બ્રહ્મચર્ય, અહિંસા વગેરે ગુણો પણ વિકસતા જાય છે. માટે સાચું બ્રહ્મચર્ય જીવન જીવવાના અભિલાષી જીવોનું પહેલું કર્તવ્ય એ છે કે, સર્વે પર વિષયોથી ખાલી ને અતીન્દ્રિય સુખથી ભરપૂર એવા પોતાના આત્મસ્વભાવની રુચિ કરવી, તેનું લક્ષ કરવું અને તેનો અનુભવ કરીને તેમાં તન્મય થવાનો પ્રયત્ન કરવો.

એ પ્રકારે બ્રહ્મચર્યજીવન જીવનાર અવશ્ય ‘પરમ બ્રહ્મ’ થઈ જાય છે.


## જોઈએ છે

એક એવા ધર્મપ્રેમી, ઉત્સાહી જૈન યુવકની તાત્કલિક જરૂર છે કે જે પૂ. સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનો ઝડપથી ( અગર તો ગુજરાતી શોર્ટહેન્ડ દ્વારા ) લખી શકે. પગાર લાયકાત મુજબ: ( ઉમેદવારને ગુજરાતી શોર્ટહેન્ડ શીખવાની ઇચ્છા હશે તો તે માટેના ખર્ચની વ્યવસ્થા કરી આપવામાં આવશે. ) તુરત લખો અગર મળો–

**શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ ( કાઠિયાવાડ )**

સં : ૨૦૦૫ના કારતક સુદ ૧૩ ને રવિવારના દિવસે સોનગઢમાં છ કુમારી બેનોએ એક સાથે બ્રહ્મચર્ય લીધું તે શુભ પ્રસંગે બેનો માટે ઉપર્યુક્ત બ્રહ્મતર્ય–આશ્રમની સ્થાપના થઈ છે, ને તેમાં મુમુક્ષુઓએ નીચે પ્રમાણે રકમો ભેટ આપી છે.

# “સનાતન જૈન કુમારી બ્રહ્મચર્ય આશ્રમ”

| | |
|---|---|
| ૨૫૦૧–ઝવેરી નાનાલાલ કાળીદાસ જસાણી | રાજકોટ |
| ૨૫૦૧–જડાવબેન નાનાલાલ જસાણી | ,, |
| ૫૦૧–કુસુમબેન માણેકલાલ ચુનીલાલ ( J.P. ) | |
| ૫૦૧–શારદાબેન ( જગજીવન ચતુરભાઈ ) | વઢવાણ |
| ૫૦૧–મુક્તાબેન ( જગજીવન બાઉચંદ ) | સાવરકુંડલા |
| ૨૫૧–શેઠ નેમિદાસ ખુશાલદાસ | પોરબંદર |
| ૨૫૧–,, નેમિદાસ ખુશાલદાસના ધર્મપત્ની કંચનબેન | ,, |
| ૨૫૧–શેઠ ખીમચંદ જેઠાલાલ | રાજકોટ |
| ૨૫૧–કંચનબેન ( શાહ છોટાલાલ ડામરશી ) | ધાંગ્રધ્રા |
| ૨૦૧–કાંતાબેનના બેનો તરફથી | અમરેલી |
| ૧૫૧–શેઠ પ્રેમચંદ મહાસુખરામ | અમદાવાદ |
| ૧૫૧–ઝોબાલીયા છોટાલાલ નારણદાસ | રાણપુર |
| ૧૦૧–મણીબેન ( શેઠ ભગવાનલાલ રણછોડના માતૃશ્રી ) | |
| ૧૦૧–નર્મદાબેન ( શેઠ ભગવાનલાલ રણછોડના બેન ) | |
| ૧૦૧–કાશીબેન દલીચંદ મોદી | |
| ૧૦૧–સંઘવી નાનાલાલ જગજીવન | મોરબી |
| ૧૦૧–ઝબકબેન ( રસિકલાલ ત્રંબકલાલના માતૃશ્રી ) | રાજકોટ |
| ૧૦૧–વસુમતીબેન ચીમનલાલ મણીયાર | |
| ૧૦૧–જયાકુંવરબેન લીલાધર પારેખ | રાજકોટ |
| ૧૦૧–રામજીભાઈ માણેકચંદ દોશી | ,, |
| ૧૦૧–શેઠ ગીરધરલાલ મનસુખલાલ | |
| ૧૦૧–ઝીણીબેન | પોરબંદર |
| ૧૦૧–શેઠ મોહનલાલ વાઘજીભાઈ | |
| ૧૦૧–ડાહીબેન હ:મોહનલાલ વાઘજીભાઈ | |
| ૧૦૧–શેઠ છોટાલાલ રાયચંદ | ચૂડા |
| ૧૦૧–કાંતાબેન ( માણેકચંદ ત્રિભોવનદાસ ) | અમરેલી |
| ૧૦૧–શેઠ રમણલાલ ભોગીલાલ | અમદાવાદ |
| ૧૦૧–,, ફૂલચંદ ચતુરભાઈના ધર્મપત્ની દીવાળીબેન | વઢવાણ |
| ૧૦૧–શેઠ તલકશી માણેકચંદના ધર્મપત્ની મણીબેન | ,, |
| ૧૦૧–,, નારણદાસ કરશનજીના ધર્મપત્ની સમતાબેન | રાણપુર |
| ૧૦૧–શેઠ ભગવાનલાલ છગનલાલ | ભાવનગર |
| ૫૧–વિજીબેન ચંદુલાલ મહેતા | ,, |
| ૫૧–પંડિત શ્રી લાલનજી | ,, |
| ૫૧–મોતીબેન રાયચંદ | ચૂડા |
| ૫૧–કંચનબેન ( ચુડગર મગનલાલ ત્રિભુવનદાસ ) | વઢવાણ |
| ૫૧–છોટાલાલ મોહનલાલ | ,, |
| ૫૧–ગુલાબબેન | જામનગર |
| ૫૧–રતીલાલ લક્ષ્મીચંદ | ,, |
| ૫૧–કાશીબેન | કરાંચીવાળા |
| ૫૧–ગંગાબેન–ખુશાલદાસ મોતીચંદભાઈ | સોનગઢ |
| ૫૧–દોશી જગજીવન બાઉચંદના માતુશ્રી | સાવરકુંડલા |
| ૫૧–ધોળકીયા નંદલાલ મગનલાલ | સુરત |
| ૫૧–શેઠ સાકળચંદ મોતીચંદ | ધાંગધ્રા |
| ૫૧–ઝબકબેન | દામનગરવાળા |
| ૫૧–રતીલાલ ખીમચંદ હા. ઘેલીબેન | વઢવાણ |
| ૫૧–ગોરધન ફૂલચંદ ઇજનેર | જુનાગઢ |
| ૫૧–ધામી ભાણજી આણંદજી | મહુવા |
| ૫૧–કસુંબાબેન વાઘજી ગુલાબચંદ | મોરબી |
| ૫૧–મોદી હરગોવિંદ દેવચંદ | સોનગઢ |
| ૫૧–વિજ્યાબેન હરગોવિંદ મોદી | સોનગઢ |
| ૫૧–શેઠ લાલજી વાલજીભાઈ ઝવેરી | લાઠી |
| ૫૧–શેઠ તલકચંદ અમરચંદ | લાઠી |
| ૫૧–શેઠ જીવણલાલ મૂળજીભાઈ | વઢવાણ |
| ૫૧–છોટાલાલ સુંદરજી | પોરબંદર |
| ૫૧–શેઠ લાલજીભાઈના ધર્મપત્ની | લાઠી |
| ૫૧–શેઠ નારણદાસ કરસનજીના પુત્રીઓ | રાણપુર |
| ૩૧–હીરાબેન મૂળચંદ | |
| ૨૫–નાગરદાસ બેચરદાસ | કુંડલા |
| ૨૫–કાંતાબેન દવે | ,, |
| ૨૫–ઉજમબેન | જામનગર |
| ૨૫–પટેલ શીવાભાઈ નારણભાઈ | ,, |
| ૨૫–જયાબેન ગુલાબચંદ | કુંડલા |
| ૨૫–ડૉ. પી. વી. શાહ | કુંડલા |
| ૨૫–શા. પાનાચંદ ભાઈલાલના માતુશ્રી | બરવાળા |
| ૨૫–સવિતાબેન દામોદર | કુંડલા |
| ૧૦–જગજીવન ગોકળદાસ ચટાઈની કું. | પોરબંદર |
| ૧૦–ભાઈ નારણદાસ મોહનલાલ | વઢવાણ |

૧૧૪૫૭ એકંદર રૂા. અગિયાર હજાર ચારસો સતાવન

( વન–ફંડ ચાલું છે )

# શ્રી પદ્મનંદિ આચાર્યદેવ રચિત એકત્વ ભાવના

(અનુષ્ટુપ)

स्वानुभूत्यैव यद्रम्यं रम्यं यच्चात्मवेदिनाम।
जल्पे तत्परमज्योतिखाङ्गानसगोचरम् ।।१।।

અર્થ :– જે સ્વાનુભૂતિથી જ જણાય છે અને વાણી તથા મનથી અગોચર છે તથા આત્માના અનુભવી પુરુષોને જે રમ્ય છે એવી પરમજ્યોતિનું હું વર્ણન કરું છું.

ભાવાર્થ :– પરમજ્યોતિ એટલે આત્મારૂપી તેજ; તે આત્મારૂપી તેજ અમૂર્તિક ચૈતન્યસ્વરૂપી છે, તેથી મૂર્ત–ઇન્દ્રિયોવડે કે મનના વિકલ્પોવડે તે જણાતું નથી, સ્વાનુભવથી જ તે જણાય છે અને સ્વાનુભવી પુરુષોને તે રમ્ય છે–સ્વાનુભવી પુરુષો તેમાં જ રમે છે.

एकत्वैक पदप्राप्तमात्मतत्त्वमवैति यः।
आराध्यते स एवान्यैस्तस्याराध्यतो न विद्दते ।।२।।

અર્થ :– જે કોઈ જીવ, એકત્વસ્વરૂપને પ્રાપ્ત એવા આત્મતત્ત્વને જાણે છે. તેની અન્ય જીવો આરાધના કરે છે, પરંતુ તે જીવને આધાધ્ય કોઈ નથી.

ભાવાર્થ:– આત્માના અનુભવી ધર્માત્માઓ પોતાના એકત્વસ્વરૂપને જ આરાધે છે, તેનાથી ભિન્ન અન્ય કોઈની આરાધના તેઓ કરતાં નથી, તેથી તેને આરાધ્ય કોઈ નથી; પણ જગતના અન્ય જીવો તેની આરાધના (ભક્તિ વંદન, પૂજન) કરે છે.

एकत्वज्ञो बहुभ्योऽपि कर्मभ्यो न विभेति सः।
योगी सुनौगतोऽम्मोधिजलेभ्य इव धीरधी ।।३।।

અર્થ :– જેમ ઉત્તમ નૌકામાં બેઠેલો ધૈર્યવાન અને બુદ્ધિમાન પુરુષ સમુદ્રના પાણીથી ભય પામતો નથી, તેમ–આત્માના એકત્વસ્વરૂપને જાણનારા યોગીઓ ઘણા કર્મોથી પણ જરાય ભય પામતા નથી.

ભાવાર્થ :– જેમાં કર્મોનો અને વિકારનો પણ અભાવ છે એવા આત્માના એકત્વસ્વરૂપને જાણનારા યોગીઓને કર્મોનો ભય કયાંથી હોય? જેમ નૌકામાં પાણીનો પ્રવેશ થતો નથી, તેથી નૌકામાં બેઠેલો ધીર અને બુદ્ધિમાન પુરુષ સમુદ્રના પાણીથી ભયભીત થતો નથી; તેમ આત્મામાં કર્મોનો પ્રવેશ નથી, તેથી આત્માના શુદ્ધ એકત્વસ્વરૂપને અનુભવનારા જ્ઞાનીઓને કર્મોનો જરા ય ભય હોત નથી.

चैतन्यैकत्व संवितिदुर्लभा सैव मोक्षदा।
लब्धा कथं कथंचिच्चेश्चितनीया मुहुर्मुहुः ।।४।।

અર્થ :– ચૈતન્યના એકત્વની અનુભૂતિ દુર્લભ છે અને તે એકત્વની અનુભૂતિ જ મોક્ષની દાતાર છે; તેથી કોઈ પણ પ્રકારે ચૈતન્યના એકત્વની અનુભૂતિ પામીને તેનું વારંવાર ચિંતવન કરવું જોઈએ.

ભાવાર્થ :– પરભાવોથી ભિન્ન અને સ્વભાવથી પરીપૂર્ણ એવા આત્માના એકત્વસ્વરૂપનો અનુભવ કરીને વારંવાર તેનો જ અભ્યાસ કરવો તે મોક્ષનો ઉપાય છે એમ સમજીને મુમુક્ષુઓ કોઈ પણ રીતે તેની જ પ્રાપ્તિનો પુરુષાર્થ કરો.

સમયસારમાં ભગવાન શ્રીકુંદકુંદાચાર્યદેવે પણ કહ્યું છે કે–

'सुदपरिचिदाणुभुदा सव्वस्सवि कामभोगबंध कहा।
एयत्तस्सुवलंमो णवरि ण सुलहो विभत्तरस ।।५।।

અર્થાત્, સર્વે જીવોએ કામ–ભોગ અને બંધનની કથા તો સાંભળી છે, પરિચય કર્યો છે અને તેનો અનુભવ પણ કર્યો છે, તેથી તે તો તેમને સુલભ છે, પરંતુ પરથી જુદાં આત્માના એકત્વસ્વરૂપની ઉપલબ્ધિ જ કેવળ સુલભ નથી. તેથી ભવ્ય જીવોએ આત્માના એકત્વ–વિભક્તસ્વરૂપની પ્રાપ્તિ માટે સર્વ પ્રકારે ઉદ્યમ કરવો યોગ્ય છે.

मोक्ष एव सुखं साक्षात्तच्च साध्यं मुमुक्षुमिः।
संसारेऽत्र तुं तन्नरित यदस्ति खलु तन्न तत् ।।५।।

અર્થ :– મોક્ષ એ જ સાક્ષાત્ સુખ છે અને મુમુક્ષુ જીવોને તે જ સાધ્ય છે. અહીં સંસારમાં તે સુખ નથી સંસારમાં જે છે તે સાચું સુખ નથી–પણ દુઃખ છે.

ભાવાર્થ :– સાક્ષાત્ સુખ મોક્ષદશામાં છે તેથી મુમુક્ષુઓને મોક્ષ જ સાધ્ય છે. શુદ્ધ એકત્વસ્વરૂપ આત્માનો અનુભવ તે જ મોક્ષનું સાધન છે એમ ઉપરની ગાથામાં જણાવ્યું છે. તે અનુસાર મોક્ષાર્થીઓ આત્મસ્વરૂપના અનુભવનો પ્રયત્ન કરે.

किंचित्संसार संबंधि बंधुरं नेति निश्चयात्।
गुरुपदेशतोऽम्माकं निःश्रेयसपदं प्रियम ।।६।।

અર્થ :– શ્રી આચાર્યદેવ કહે છે કે, ખરેખર આ સંસાર સંબંધી કાંઈ પણ અમને પ્રિય નથી. અમને તો શ્રી ગુરુના ઉપદેશથી એક મોક્ષપદ જ પ્રિય છે.

ભાવાર્થ :– શ્રી ગુરુના ઉપદેશથી સાક્ષાત્ સુખસ્વરૂપ મોક્ષનું સ્વરૂપ જાણ્યું છે તે મોક્ષ જ અમને પ્રિય છે, એનાથી અન્ય કોઈ ભાવો કે કોઈ પદાર્થો આ જગતમાં અમને પ્રિય નથી.

मोहोदयविविषाक्रान्तमपि स्वर्गसुखं चलम्।
का कथाऽपर सौख्यानामलं भवसुखेन मे ।।૭।।

અર્થ :– આ સંસારમાં સ્વર્ગસુખ પણ મોહના ઉદયરૂપી ઝેરથી ભરેલું અને નાશવાન છે, તો પછી સ્વર્ગ સિવાયના બીજા સુખોની તો શું વાત કરવી? એવા સંસારસુખોથી અમને બસ થાવ :– હવે અમારે એવા સંસારસુખ જોઈતા નથી.

लक्ष्यी कृत्य सदात्मानं शुद्धबोधमयं मुनिः।
आस्ते यः सुमतिश्चात्र सोप्युत्र चरन्नपि ।।૮।।

અર્થ :– જે મુનિવર આ ભવમાં શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્માને સદા લક્ષ્ય કરીને રહે છે, ત શ્રેષ્ઠ બુદ્ધિમાન મુનિવર અન્ય ભવમાં પણ એ જ રીતે આત્માને લક્ષ્ય કરીને રહે છે.

ભાવાર્થ :– સદાય શુદ્ધાત્મસ્વરૂપમાં લક્ષ રાખવાથી આરાધકભાવ અપ્રતિહતપણે ચાલુ રહે છે. માટે સદા શુદ્ધાત્મસ્વરૂપમાં લક્ષ રાખવું જોઈએ.

वीतरागपथे स्वस्थः प्रस्थितो मुनिपुंगवः।
तस्य मुक्तिसुखप्राप्ते कः प्रत्यूहो जगत्त्रये ।।૯।।

અર્થ :– પોતાના એકત્વ આત્મસ્વરૂપમાં સ્થિર થઈને જે મુનિશ્વરોએ વીતરાગમાર્ગમાં પ્રસ્થાન કર્યું છે તેમને મુક્તિસુખની પ્રાપ્તિમાં વિઘ્ન કરનાર ત્રણ જગતમાં કોણ છે?

ભાવાર્થઃ– જે મુનિવરો આત્માના એકત્વસ્વરૂપમાં સ્થિર થઈને વીતરાગભાવ પ્રગટ કરે છે તેઓ તુરત મુક્તિસુખ પામે છે, તેમાં વિઘ્ન કરનાર ત્રણ જગતમાં કોઈ નથી.

इत्येकाग्रमना नित्यं भावयन् भावनापदम्।
मोक्षलक्ष्मीकटाक्षालिमालापद्मश्च जायते ।।૧૦।।

અર્થ :– આ પ્રમાણે આ ભાવનાપદોને અર્થાત્ ભાવનાપદોમાં દર્શાવેલા એકત્વસ્વરૂપને એકાગ્રચિત્તથી જે સદાય ભાવે છે તે મુનિ, મોક્ષલક્ષ્મીના કટાક્ષરૂપ જે ભમરાઓનો સમૂહ તેને માટે 'પદ્મ' સમાન થાય છે.

ભાવાર્થ :– જેમ સુગંધી ફૂલ ઉપર ભમરાઓ આકર્ષાઈને આવે છે તેમ, જે જીવ સદાય એકત્વભાવના ભાવે છે તે જીવને મુક્તિની પ્રાપ્તિ થાય છે. માટે મુમુક્ષુજીવોએ પોતાના એકત્વ સ્વભાવને સમજીને તેની સદાય ભાવના કરવી યોગ્ય છે.

एतद्धर्मफलं धर्मः स चदेस्ति ममामलः।
आपद्यपि कुतश्चिंता मृत्योरपि कुतो भयम् ।।११।।

અર્થ :– આ મનુષ્યભવનું ફળ ધર્મ છે; જો મારો તે ધર્મ નિર્મળપણે વિદ્યમાન છે તો આપતિની પણ શું ચિંતા છે? ને મૃત્યુનો પણ શું ભય છે?

ભાવાર્થ :– જેણે એકત્વભાવનાવડે પોતના નિર્મળ એકત્વ સ્વરૂપની પ્રાપ્તિ કરી છે તે કૃતકૃત્ય છે, તેને કોઈ આપત્તિનો કે મૃત્યુનો પણ ભય નથી. ગમે તેવી આપત્તિ આવે કે મૃત્યુ આવે તોપણ તેઓ પોતાના એકત્વ સ્વભાવની ભાવનાથી ચ્યુત થતા નથી.

આ એકત્વભાવના–અધિકાર સમજીને આત્માર્થી જીવો પોતાના એકત્વ સ્વરૂપને પ્રાપ્ત કરો.

## રાજકોટમાં શ્રી જિનમંદિરનું ખાતમુહૂર્ત

સૌરાષ્ટ્ર દેશમાં સત્ દેવ–ગુરુ–ધર્મની પ્રભાવના દિન–પ્રતિદિન ખૂબ વધતી જાય છે; અને યથાર્થ તત્ત્વજ્ઞાનમાં હજારો જીવો રસ લઈ રહ્યા છે. લાંબા કાળમાં નજરે નથી પડતી એવી જૈનશાસનની મહાન પ્રભાવના અત્યારે ઉદય પામી છે. અને સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર શ્રીજિનમંદિર થવા લાગ્યા છે.

સૌરાષ્ટ્રના પાટનગર–રાજકોટ શહેરમાં આસો વદી ૧૧ના મંગળ–દિવસે શ્રીજિનમંદિરનું ખાત–મુહૂર્ત લગભગ ૫૦૦ ભાઈ–બહેનોના આનંદ અને ઉલ્લાસ વચ્ચે શેઠ શ્રી નાનાલાલભાઈ કાળીદાસ જસાણીના શુભહસ્તે થયું હતું. શ્રી જિનમંદિરની સાથે સાથે શ્રી સ્વાધ્યાયમંદિરનું પણ ખાતમુહૂર્ત હતું. ખાતમુહૂર્તનો વિધિ બ્ર. ભાઈશ્રી ગુલાબચંદભાઈએ જૈનશાસ્ત્રો અનુસાર કરાવી હતી. ખાતમુહૂર્ત વિધિ પ્રસંગે ભાઈશ્રી મોહનલાલ કાનજી ધીયાના ઘર ચૈત્યાલયમાંથી શ્રી જિનપ્રતિમાં લાવીને તેનું પૂજન કરવામાં આવ્યું હતું. આ મંગળ કાર્યની શરૂઆત કરવા માટે રાજકોટના સર્વે મુમુક્ષુઓને વધાઈ!

**દર્શન પ્રાભૃત ઉપર પૂ. સદ્‌ગુરુદેવશ્રીના વ્યાખ્યાનોનો ટૂંકસાર આત્મધર્મ અંક ૫૪ થી ચાલુ**

# અષ્ટપ્રાભૃત-પ્રવચનો

સં. ૨૦૦૩ઃ જેઠ સુદ ૩ લેખાંકઃ ૧૦

## ( ૨૧૬ ) સાચી સમજણ અને વ્રતાદિનો ક્રમ

જેણે રાગ-દ્વેષરહિત પોતાના શુદ્ધસ્વભાવની પ્રતીતિ કરી તેને સમ્યગ્દર્શન થયું. તે જીવ બધા રાગ-દ્વેષનો ત્યાગ ન કરી શકે અને સ્ત્રી આદિનો ત્યાગ તેને ન હોય તોપણ તેનું સમ્યગ્દષ્ટિપણું ચાલ્યું જતું નથી.

કોઈ જીવ એમ માને કે- 'અત્યારે આપણે આત્મા સમજવાનું શું કામ છે? પહેલાં રાગ ઘટાડીને ત્યાગ કરવા માંડો. આત્મા ન ઓળખાય ત્યાં સુધી વ્રત વગેરે કરવાં, એમ કરવાથી કયારેક આત્મા ઓળખાશે, ' – એમ માનનાર મિથ્યદ્રષ્ટિ છે. તે મોક્ષમાર્ગના ક્રમનું ઉલ્લંઘન કરે છે. આત્માને ઓળખ્યા વગર કોનો ત્યાગ કરશે? અને આત્માને ઓળખ્યા વગર શેના વ્રત? પ્રથમ રાગરહિત સ્વભાવને સમજ્યા વગર યથાર્થપણે રાગ ટળી જ શકે નહિ. અને વ્રતાદિ હોય જ નહિ. હજી જેનામાં આત્મભાન કરીને ચોથું ગુણસ્થાન પ્રગટ કરવાની તો તાકાત નથી, તે જીવમાં વ્રતાદિ કે જે પાંચમાં ગુણસ્થાને હોય છે તે પ્રગટ કરવાની તાકાત કયાંથી આવશે? આપણાથી વ્રત-તપ થાય, પણ સાચી સમજણ ન થઈ શકે-એમ જે માને છે તેને આત્મસ્વભાવની અરુચિ છે અને શુભરાગની રુચિ છે-તે મિથ્યાદ્રષ્ટિ જ છે. આત્મજ્ઞાન વિના શુભભાવ કરે તોપણ ધર્મ નથી અને શુભરાગ કરવો તે આત્મજ્ઞાનનો ઉપાય નથી. જ્યાં સુધી વિકારરહિત સ્વભાવનું ભાન ન થાય ત્યાં સુધી સમજણનો જ પ્રયત્ન કર્યા કરવો, પરંતુ શુભરાગ તે ધર્મનો ઉપાય છે-એમ ન માનવું.

## ( ૨૧૭ ) આત્મસ્વભાવની સમજણ અત્યારે થઈ શકે છે

'હમણાં આત્માની સમજણ ન થઈ શકે' એમ જે માને છે તે આત્માની જ ના પાડે છે અને તેને વિકારની જ રુચિ છે. અત્યારે તારો આત્મા છે કે નહિ? અને જો આત્મા છે તો તેના જ્ઞાનાદિ ગુણો છે કે નથી? તથા તે જ્ઞાનાદિ ગુણોની પર્યાય ક્ષણે ક્ષણે કાર્ય કરે છે કે નહિ? ક્ષણે ક્ષણે પોતાની પર્યાયમાં કાર્ય તો થઈ જ રહ્યું છે પણ અજ્ઞાની કહે છે કે- 'મારું જ્ઞાન પરને જાણી શકે પણ મને ન જાણે, મારાથી અત્યારે વિકાર થઈ શકે પણ અવિકારી સમજણ ન થઈ શકે. ' આ રીતે તીવ્ર અજ્ઞાનીની દ્રષ્ટિ જ ઊંધી છે તેથી તે આત્માનો અનાદર કરીને સાચી સમજણ કરવામાં આડ મારે છે. મારો પુરુષાર્થ વિકારમાં કાર્ય કરી શકે, પણ સાચી સમજણમાં મારો પુરુષાર્થ કાર્ય ન કરી શકે એમ માનનાર જીવ સત્ સમજવાને લાયક નથી. માટે એમ નિર્ણય કરવો જોઈએ કે- આત્મા વસ્તુ સમજી શકાય એવા સ્વભાવવાળી છે, મારા સત્ પ્રયત્નથી હું આત્મસ્વભાવ-સમજવાને લાયક છું. એમ પોતાની લાયકાત સ્વીકારીને જે સત્‌સ્વભાવ સમજવાનો પુરુષાર્થ કરે તેને જરૂર સમજાય. દરેક જીવોએ પહેલાં એ જ પુરુષાર્થ કરવાનો છે.

## ( ૨૧૮ ) સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિનું માપ કઈ રીતે છે?

સાચી સમજણનું માપ બાહ્ય ત્યાગ ઉપરથી નથી, અને રાગની મંદતા ઉપરથી પણ નથી. જે બાહ્ય ત્યાગ ઉપરથી કે રાગની મંદતા ઉપરથી સાચી સમજણનું માપ માને છે તે જીવ બર્હિદ્રષ્ટિ છે.

જેને સાચી સમજણ થાય તે જીવને તરત જ બધા રાગાદિ ટળી જવા જોઈએ અને તેને ત્યાગી થઈ જવું જોઈએ-એમ કોઈ માને તો તે પણ મિથ્યાદ્રષ્ટિ છે. શ્રીમદ્ રાજચંદ્રજીને આત્મભાન હતું છતાં વેપાર-ધંધો હતો, સ્ત્રી હતી, પુત્ર-પુત્રી થતાં હતાં; તેથી કંઈ તેમનું આત્મભાન ખસી ગયું ન હતું. ગૃહસ્થપણામાં હોવા છતાં તેઓ એકાવતારી થયા છે. તે વખતે વખતે બીજા બર્હિદ્રષ્ટિ અજ્ઞાનીઓ કહેતા હતા કે- 'અમે તો ત્યાગી થયા છીએ અને તેણે તો કાંઈ ત્યાગ કર્યો નથી. શું અમે ત્યાગી થયા છતાં અજ્ઞાની, અને એ અમારા કરતાં આગળ વધી ગયા? જો એ આત્મા સમજ્યા હોય તો કાંઈ ત્યાગ કેમ કર્યો નથી? ' અરે ભાઈ! તેં શું કર્યું છે? ત્યાગના અભિમાન કરી કરીને માત્ર મિથ્યાત્વ પોષ્યુ છે. હજી સમ્યગ્દર્શનનું ઠેકાણું નથી અને પોતાને મુનિ માની બેસે, તે જીવ સત્ સમજવાની દરકાર શેનો કરે?

જ્ઞાનીઓને રાગ થાય તેને તેઓ જાણે છે અને તે રાગની બીજી બાજુને પણ તેઓએ જાણી છે–એટલે કે રાગરહિત આત્મસ્વભાવને પણ તેઓએ જાણ્યો–અનુભવ્યો છે; તેથી રાગ વખતે તેઓ તેમાં એકત્વપણે વર્તતા નથી, પણ તે વખતે ય શુદ્ધાત્મ સ્વભાવમાં જ એકત્વપણે વર્તે છે. તેને બહારમાં ધંધા–વેપાર હોય તોપણ તે સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા છે. અને જેણે રાગરહિત સ્વભાવને જાણ્યો નથી તેથી રાગમાં જ એકત્વપણે જે વર્તે છે એવા જીવને બહારમાં સ્ત્રી વગેરેનો સંયોગ ન હોય અને રાગની ઘણી મંદતા હોય તોપણ તે મિથ્યાદ્રષ્ટિ છે અને અનંત–સંસારના કારણને સેવી રહ્યો છે. જે સમ્યગ્દ્રષ્ટિ છે તે ગૃહસ્થાવાસમાં હોય તોપણ અલ્પ ભવે મુક્ત થશે.

જેને રાગરહિત આત્મસ્વભાવનું ભાન નથી તે જીવ રાગમાં લીન થયા વગર રહેશે જ નહિ. અને રાગમાં લીનતા હોવાથી રાગના વિષયોમાં પણ લીનતા હોય જ. જ્ઞાનીને રાગથી ભિન્ન સ્વભાવની અનુભૂતિ પ્રગટી હોવાથી રાગ હોવા છતાં તેમાં લીનતા હોતી નથી એટલે તેને રાગના વિષયોમાં પણ લીનતા હોતી નથી. જ્ઞાનીને આસક્તિરૂપ રાગ હોય છે પરંતુ રુચિરૂપ રાગ હોતો નથી–પરમાં આનંદ માનતા નથી, રાગમાં આત્માની એકતા માનતા નથી, રાગને દુઃખરૂપ માને છે. અજ્ઞાનીને પરમાં સુખબુદ્ધિપૂર્વકનો રાગ થાય છે અને તે રાગને કર્તવ્ય માને છે.

## ( ૨૧૯ ) જ્ઞાનીની ભાવના કેવી હોય ?

કોઈના ઘરમાં સર્પ હોય, જ્યારે તે સર્પને સર્પ તરીકે જાણીને પકડયો પછી તેને દૂર મૂકવા જતાં થોડીક વાર લાગે અને તેથી સર્પને થોડો વખત હાથમાં પકડી રાખ્યો હોય, છતાં તે છોડવા માટે જ છે. સર્પને ઘરમાં સંઘરી મૂકવાનો ભાવ નથી. વળી બીજું દ્રષ્ટાંત એ છે કે–કોઈને ઝાડા થયા અને બહાર જતાં વાર લાગે છે, તેથી અલ્પકાળ વિષ્ટા પેટમાં રહે છે, ત્યાં તેને તે વિષ્ટા પેટમાં રાખવાનો ભાવ નથી પણ જલ્દી છોડવાનો ભાવ છે. આ બે દ્રષ્ટાંતો છે, તેના ઉપરથી સિદ્ધાંત એ સમજવાનો છે કે – જ્ઞાનીઓએ બધાય રાગને પોતાના ચૈતન્ય સ્વભાવથી જાુદો જાણી લીધો છે અને તે દૂર કરવાનો પ્રયત્ન પણ કરે છે, છતાં પુરુષાર્થની મંદતાથી જે રાગ રહી જાય છે તેને ઝેરી સર્પ અને વિષ્ટાતુલ્ય જાણીને છોડવા માગે છે. અલ્પકાળ જે રાગાદિ થાય છે તેને રાખવાની ભાવના નથી પણ ટાળવાની જ ભાવના છે. ભેદવિજ્ઞાન થતાં, પુણ્ય–પાપભાવ મારાં છે અને હું તેનો કર્તા છું એવી માન્યતારૂપ બંધકોષ તો છૂટી ગયા છે, હવે વિકારીભાવોરૂપ વિષ્ટા લાંબો વખત ટકી શકશે નહિ. શ્રીમદ્ રાજચંદ્રજીએ લખ્યું છે કે ‘જ્ઞાનીપુરુષોને સમયે સમયે અનંતા સંયમપરિણામ વર્ધમાન થાય છે, એમ સર્વજ્ઞે કહ્યું છે તે સત્ય છે. તે સંયમ, વિચારની તીક્ષ્ણ પરિણતિથી તથા બ્રહ્મરસ ( ચૈતન્યસ્વભાવ ) પ્રત્યે સ્થિરપણાથી ઉત્પન્ન થાય છે.’

## ( ૨૨૦ ) જ્ઞાની અને અજ્ઞાનીના અભિપ્રાયનું જોર કયાં છે ?

જ્ઞાનીઓને સમ્યગ્દર્શનનો પુરુષાર્થ પ્રગટયો હોવા છતાં, જ્યાં સુધી સમ્યક્ચારિત્રનો પુરુષાર્થ ઓછો છે ત્યાં સુધી તેમને પણ રાગાદિ હોય છે; પરંતુ સમ્યગ્દ્રષ્ટિ જીવો શ્રદ્ધામાં ચારિત્રના દોષને પોતાના સ્વીકારતા નથી, શ્રદ્ધામાં તો પૂરા સ્વભાવને જ સ્વીકારે છે. જે મારો સ્વભાવભાવ છે તેનાથી બંધન થતું નથી અને જેનાથી બંધન થાય તે મારો સ્વભાવ નથી–એ પ્રમાણે જ્ઞાનીને નિરંતર સ્વભાવ અને રાગાદિ વિભાવ વચ્ચે ભેદજ્ઞાન વર્તે છે, અને તેમના અભિપ્રાયનું જોર તો સ્વભાવ તરફ જ ઢળેલું હોવાથી તે સ્વભાવના આશ્રયે ક્ષણે ક્ષણે વિકારભાવ તૂટતો જ જાય છે, તેથી જ્ઞાનીને વિકારની મર્યાદા છે. અજ્ઞાનીને રાગ અને સ્વભાવ વચ્ચે ભેદજ્ઞાન નથી તેથી તે રાગને જ આત્મા માનીને એકત્વપણે રાગનો અનુભવ કરે છે, અને રાગમાં આત્મબુદ્ધિ હોવાથી તેના અભિપ્રાયનું જોર રાગમાં જ રહ્યા કરે છે તેથી તેના ઊંધા અભિપ્રાયમાં અમર્યાદિત વિકાર છે.

## ( ૨૨૧ ) પરનું અને વિકારનું સાચું જ્ઞાન સમ્યગ્દ્રટિને જ હોય છે.

જ્ઞાનીઓ રાગથી અંશે જાુદાં પડીને શુદ્ધસ્વભાવને અનુભવે છે. સમ્યગ્દ્રષ્ટિ જીવો શ્રદ્ધા અપેક્ષાએ તો રાગથી સર્વથા ભિન્ન થઈ ગયા છે અને ચારિત્ર અપેક્ષાએ રાગથી અંશે ભિન્ન થઈને સ્વભાવને અનુભવે છે. અંશે જે સાક્ષાત્ અનુભવ થયો છે તે અંશ ઉપરથી આખો નિર્મળ ચારિત્રભાવ કેવો હોય તેનું પણ જ્ઞાનીને અનુમાનવડે ભાન થયું છે, એટલે તે નિર્મળચારિત્રભાવથી વિરુદ્ધભાવોને પોતાનું સ્વરૂપ માનતા નથી. જ્યાં સુધી જીવ પરનું અને વિકારનું લક્ષ છોડીને પોતાના નિરપેક્ષ પરિપૂર્ણ સ્વભાવમાં અભેદ દ્રષ્ટિ ન કરે અને સ્વભાવમાં એકત્વબુદ્ધિ ન કરે ત્યાં સુધી તેને વિકારનું કે પરનું યથાર્થ જ્ઞાન થાય નહિ; કેમકે સ્વભાવમાં એકત્વબુદ્ધિ પ્રગટી નહિ હોવાથી,

જે જે પરને કે વિકારને જાણશે તેમાં એકત્વબુદ્ધિ કર્યા વગર રહેશે નહિ. અને સમ્યગ્દ્રષ્ટિને પોતાના સ્વભાવમાં એકત્વબુદ્ધિ પ્રગટી છે, તેથી તે ગમે તેને જાણે ત્યારે પણ સ્વભાવનું એકત્વપણું રાખીને જાણે છે, તેથી તેમને સ્વ–પરનું યથાર્થજ્ઞાન હોય છે.

## ( ૨૨૨ ) રાગ-દ્વેષનો કર્તા કોણ ?

પોતાના શુદ્ધાત્મસ્વભાવનો મહિમા અને તેની પ્રતીત વડે જીવને સમ્યગ્દર્શન પ્રગટ થતાં મિથ્યાશ્રદ્ધા ટળી જાય છે, અને મિથ્યાશ્રદ્ધા ટળી જતાં તેના નિમિત્તરૂપ દર્શનમોહકર્મ પણ સ્વયં ટળી જાય છે. સમ્યગ્દર્શન થયા પછી પણ જ્યાં સુધી ચારિત્રના દોષથી રાગાદિ વિકાર થાય છે ત્યાં સુધી તેના નિમિત્તરૂપ ચારિત્રમોહ–કર્મનો પણ સદ્‌ભાવ હોય છે. દ્રવ્યસ્વભાવની પ્રતીતિમાં સમ્યગ્દ્રષ્ટિ જીવો રાગાદિ વિકારને પોતાનો માનતા નથી અને આત્માને તેનો કર્તા માનતા નથી, કેમકે ત્રિકાળી આત્મસ્વભાવ વિકારનો કર્તા નથી. જો ત્રિકાળીસ્વભાવ વિકારનો કર્તા હોય તો વિકાર કદી ટળી શકે જ નહિ. સ્વભાવની શ્રદ્ધા અપેક્ષાએ જ્ઞાનીઓ રાગ–દ્વેષના અકર્તા છે. પરંતુ પોતાની પર્યાયને પણ તેઓ જાણે છે. પર્યાયમાં જે રાગ–દ્વેષ થાય છે તે પોતાના સ્વભાવમાં ન હોવા છતાં પોતાની જ પર્યાયના દોષથી થાય છે, કાંઈ પરદ્રવ્યો, બળજબરીથી કરાવતાં નથી; અવસ્થા દ્રષ્ટિએ સમ્યગ્દ્રષ્ટિ પોતે જ પોતાની અવસ્થાના રાગાદિનો કર્તા છે. તેથી તેઓ જાણે છે કે મારા સ્વભાવના ઉગ્ર પુરુષાર્થવડે આ નબળાઈ ટાળીને જ્યારે સ્વરૂપસ્થિરતા કરીશ ત્યારે સમ્યક્‌ચારિત્રદશા પ્રગટશે અને કેવળજ્ઞાન લેવાની ઝપટ લાગશે.

## ( ૨૨૩ ) શું કરવું ?

પ્રશ્ન :– આમાં શું કરવાનું કહ્યું ?

ઉત્તર :– એ જ કરવાનું કહ્યું કે–તારા પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા અને સ્થિરતાની પૂર્ણતા કરીને પૂર્ણ પ્રભુ થઈ જા. પૂર્ણ ધ્યેય તો એ જ છે તેથી એ જ કર્તવ્ય પહેલાં જણાવ્યું. પછી કહે છે કે–જો તારાથી પૂર્ણતા પ્રગટ કરવાનો પુરુષાર્થ ન થઈ શકે તોપણ પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા તો અવશ્ય કરજે. એ સાચી શ્રદ્ધાથી તારું કલ્યાણ અવશ્ય થશે. પૂર્ણસ્વભાવની શ્રદ્ધા તે પૂર્ણતા પ્રગટાવવાનો ઉપાય છે. માટે દરેક જીવોને માટે સૌથી પહેલાં આત્મસ્વભાવની ઓળખાણ કરવાનું જ કહ્યું.

## ( ૨૨૪ ) આત્મસ્વભાવની ઓળખાણ કેમ થાય ?

પ્રશ્ન :– આત્મસ્વભાવની ઓળખાણનો ઉપાય શું ?

ઉત્તર :– આત્મસ્વભાવની રુચિપૂર્વક તેનો અભ્યાસ કરવો, જગતના સર્વે પદાર્થોનો મહિમા છોડીને આત્મ–સ્વભાવનો સર્વોત્કૃષ્ટ મહિમા કરીને સત્ સમજવા પ્રયત્ન કરે તો આત્માની ઓળખાણ થાય. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે– 'જગત્ ઇષ્ટ નહિ આત્મથી, મધ્યપાત્ર મહા ભાગ્ય. ' જેને આત્મા કરતાં જગતમાં કાંઈ ઇષ્ટ નથી–એ મહાભાગ્યવંત જીવ તત્ત્વ સમજવા માટે પાત્ર છે. બહારનો ત્યાગ કે રાગની મંદતા તે સમજણનો ઉપાય નથી. સમ્યક્‌શ્રદ્ધા તે જ મિથ્યાત્વ ટાળવાનો ઉપાય છે, સમ્યગ્જ્ઞાન તે જ અજ્ઞાન ટાળવાનો ઉપાય છે, સમ્યક્‌ચારિત્ર તે જ મિથ્યાચારિત્રને ટાળવાનો ઉપાય છે. રાગની મંદતા કરવી તે ચારિત્રગુણની વિકારી પર્યાય છે, ચારિત્રની પર્યાયવડે શ્રદ્ધાગુણની નિર્મળદશા–સમ્યગ્દર્શન થાય નહિ. માટે રાગની મંદતા તે સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાનનો ઉપાય નથી. સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા કરે તે પણ સમ્યગ્દર્શન પ્રગટાવવાનું ખરું કારણ નથી, કેમકે તે પણ પરાશ્રય છે. સ્વાશ્રય ચૈતન્યસ્વભાવને અનુસરીને અને રાગથી ભિન્ન પડીને શ્રદ્ધા કરવી તે જ સમ્યગ્દર્શન છે.

## ( ૨૨૫ ) સમ્યગ્દ્રષ્ટિનું અંતરપરિણમન કેવું હોય ?

કોઈ અજ્ઞાની એમ કહે કે–અમે રાગને પોતાનું સ્વરૂપ માનતા નથી તેથી અમને સાચી શ્રદ્ધા તો થઈ ગઈ છે, હવે જે રાગાદિ થાય છે તે માત્ર ચારિત્રની નબળાઈ છે. તો જ્ઞાનીઓ કહે છે કે હે ભાઈ, સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માઓને કૃતકૃત્ય સ્વભાવની અંતર અનુભૂતિ થાય છે, અને તેમને તો જે રાગાદિ થાય તેનો ખેદ વર્તે છે. "સાચી શ્રદ્ધા થઈ ગઈ છે માટે હવે જે રાગાદિ થાય તે ચારિત્રની નબળાઈ છે." એવી ઓથ લઈને જે જીવ રાગની હોંશ કરે છે તે જીવે રાગથી ભિન્ન સ્વભાવ અનુભવ્યો જ નથી. જ્ઞાની ધર્માત્માને કદી પરમાં સુખબુદ્ધિ હોતી નથી, રાગની હોંશ હોતી નથી. ઇન્દ્રાણી સાથેના ભોગમાં પણ ધર્માત્મા રંચમાત્ર સુખ ન માને, પણ તે રાગને પણ દુઃખદાયક જાણે છે. આત્માના પરમાનંદ સ્વભાવનો અનાકુળ અનુભવ કેવો છે તે જાણ્યું હોવાથી જ્ઞાની સમસ્ત પરથી ઉદાસ વર્તે છે. શુભ–અશુભરાગ હોવા છતાં તે પ્રત્યે અત્યંત ઉદાસ છે–સ્વપ્ને પણ તેની હોંશ નથી–આદર નથી. સમ્યગ્દ્રષ્ટિની અંતરદશાનું વર્ણન કરતાં શ્રી બનારસીદાસજી પંડિત કહે છે કે –

**જ્ઞાન કલા જિસકે ઘટ જાગી તે જગમાંહી સહજ વૈરાગી,**
**જ્ઞાની મગન વિષયસુખમાંહી, યહ વિપરીત સંભવે નહિ**

જેમના આત્મામાં સમ્યગ્જ્ઞાનકળા જાગૃત થઈ છે તે જીવો જગતમાં સહજપણે વૈરાગી જ હોય છે. જ્ઞાની જીવ વિષયસુખમાં મગ્ન હોય એવું વિપરીત સંભવતું નથી. જ્ઞાનીનો વૈરાગ્ય બહારથી ઓળખાય નહિ. ખાવું–પીવું છોડી દે, બહુ ઓછું બોલે, ધીમે ધીમે ચાલે એ ઉપરથી કાંઈ વૈરાગ્યનું માપ નથી. લડાઈ અને વિષયભોગમાં હોવા છતાં તે વખતે પણ જ્ઞાનીને તે પ્રત્યે ઉદાસીનતા છે, એ વખતે પણ તેઓ વૈરાગી છે. સ્વભાવના ભાન વગર અજ્ઞાનીજીવ ત્યાગી થાય છતાં તે અધર્મી છે, તેને સાચો વૈરાગ્ય નથી. રાગ સાથેની એકત્વબુદ્ધિ ટળ્યા વગર વૈરાગ્ય હોય જ નહિ. રાગ સાથેની એકત્વબુદ્ધિ તે જ અનંતી વિષયાસક્તિ છે. રાગ સાથે એકત્વબુદ્ધિ અથવા પરમાં સુખબુદ્ધિ અને વૈરાગ્ય એ બે વાત પરસ્પર વિરોધી છે, તે બંને સાથે હોય જ શકે નહિ. જેને રાગમાં એકત્વપણું ટળ્યું તથા પરમાં સુખબુદ્ધિ ટળી તેને પોતાના શુદ્ધ સ્વભાવમાં એકત્વપણું હોય. અને જેને સ્વભાવમાં એકત્વપણું હોય તેની પરિણતિ રાગમાં રુચિપૂર્વક કદી જોડાય નહિ. ‘હું રાગ કરું છું અથવા તો રાગ થાય તેથી વાંધો નથી’ એવી જેની દ્રષ્ટિ છે તેનું જોર રાગ તરફ જાય છે, તેને રાગરહિત સ્વભાવની શ્રદ્ધા નથી. જ્ઞાનીનું જોર રાગ તરફ નથી જતું પણ સ્વભાવ તરફ ઢળે છે. મારો સ્વભાવ રાગરહિત જ છે–એવી સ્વભાવની પ્રતીતના જોરે જ્ઞાનીને ક્ષણે ક્ષણે રાગ ટળતો જ જાય છે; જ્ઞાતાસ્વભાવની પ્રતીતના જોરે રાગના જ્ઞાતા રહીને તેઓ રાગને ટાળે છે.

## ( ૨૨૬ ) અજ્ઞાનીના બે દોષ.

સમ્યગ્દ્રષ્ટિને મિથ્યાત્વનું મહાપાપ તો ટળી ગયું છે, ચારિત્રનો દોષ છે તેનું પાપ તો મિથ્યાત્વના અનંતમા ભાગે છે. અજ્ઞાનીને બે પાપ છે–એક તો પરપદાર્થોમાં રુચિપૂર્વક રાગ કરે છે તે ચારિત્રનું પાપ છે, અને રાગની રુચિ હોવા છતાં કહે છે કે મને સાચી શ્રદ્ધા છે, એટલે તે મિથ્યાત્વનું પાપ પણ દ્રઢ કરે છે. કોઈ જીવ ત્યાગ ન કરી શકે અને ચારિત્ર અંગીકાર ન કરી શકે પણ જો સાચી શ્રદ્ધા રાખે તો તેને જૈનમાર્ગમાં દંડ નથી; પરંતુ કોઈ જીવ ત્યાગી કે સાધુ નામ ધરાવે પણ સાચી શ્રદ્ધાથી જો ભ્રષ્ટ હોય તો તે જીવ દંડને પાત્ર છે અર્થાત્ તે જીવ વિરાધક થઈને અનંત સંસારમાં રખડે છે; તેથી શ્રીકુંદકુંદભગવાને આ દર્શન–પાહુડમાં ૨૨મી ગાથામાં ખાસ કહ્યું છે કે હે જીવ! જો જિનમાર્ગમાં કહ્યા પ્રમાણે બધું કરવા તું સમર્થ હોય તો તેમ કરજે, પણ જો બધું કરવા સમર્થ ન હો તો સાચી શ્રદ્ધા તો અવશ્ય કરજે. –૨૨– સં. ૨૦૦૨: જેઠ સુદ–૪

## ( ૨૨૭ ) ધર્માત્માઓ પ્રત્યે વિનય ન કરે તે મિથ્યાદ્રષ્ટિ.

જે જીવ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ અને વિનયમાં સારી રીતે સ્થિત છે અને ગુણના ધરનારા શ્રીગણધર આચાર્યાદિકના ગુણોનું અનુસરણ કરનાર છે તે જીવ વંદન કરવા યોગ્ય છે, એમ સાધક જીવો માને છે. અન્ય કે જેઓ સમ્યગ્દર્શનાદિથી ભ્રષ્ટ છે અને ગુણવાન પ્રત્યે દ્વેષભાવ રાખીને વિનયરૂપ નથી પ્રવર્તતા તેઓ વંદવા યોગ્ય નથી. –૨૩–

સહજોત્પન્ન યથાજારૂપ નિર્ગ્રંથમુદ્રા જોઈને જે તેને માનતો નથી, તેનો વિનય–સત્કાર–પ્રીતિ કરતો નથી પણ દ્વેષભાવ કરે છે તે જીવ–ભલે તે બાહ્ય સંયમ પાળનાર હોય અથવા દીક્ષા ગ્રહણ કરી હોય તોપણ–પ્રગટપણે મિથ્યાદ્રષ્ટિ છે. જો કોઈ જીવ યથાજાતરૂપ મુદ્રાને જોઈને પણ દ્વેષભાવને લીધે તેનો ( નિર્ગ્રંથ સંતનો ) વિનય ન કરે તો એમ જાણવું કે તે જીવને તે રૂપની ( નિર્ગ્રંથમાર્ગની ) જ શ્રદ્ધા–રુચિ નથી; એ રીતે જિનમાર્ગની શ્રદ્ધા–રુચિ વિના તો મિથ્યાદ્રષ્ટિ જ હોય.

સહજ આનંદકંદ આત્માનુભવદશામાં ઝૂલતો નિર્ગ્રંથ મુનિમાર્ગ કેવો સુંદર હતો! જે જીવ એ પરમ સહજ આત્મદશાનો માર્ગ ન પાળી શકયા તેઓ ભ્રષ્ટ થયા, તેઓએ અમુનિદશાને મુનિદશા માનીને ( તથા મનાવીને ) આત્મદશામાં ઝૂલી રહેલા ભગવાન સમાન મુનિઓનો અનાદર કર્યો તેથી તેઓ મિથ્યાદ્રષ્ટિ છે.... એવા જીવોને વંદન કરવું યોગ્ય નથી. –૨૪–

દેવોથી વંદાવાયોગ્ય અને શીલસહિત એવા, જિનેશ્વરદેવના યથાજાતરૂપને ( –નિર્ગ્રંથ મુનિને ) દેખીને પણ જે તેનો વિનયાદિક નથી કરતો અને ગૌરવ–અભિમાન કરે છે તે સમ્યગ્દર્શનથી રહિત છે. અણિમા વગેરે ઋદ્ધિના ધારક દેવો પણ જે રૂપને પગે પડે છે તેને દેખીને દ્વેષ–ભાવને લીધે જે વંદન કરતો નથી તેને સમ્યક્ત્વ કેવું? –૨૫–

## ( ૨૨૮ ) શરીરાદિ વંદવા યોગ્ય નથી પણ ગુણો વંદવા યોગ્ય છે.

મિથ્યાદ્રષ્ટિ જીવ વંદન કરવા યોગ્ય નથી. વસ્ત્રરહિત હોય છતાં જો ભાવસંયમ ન હોય તો તે પણ વંદનિક

નથી. શરીર, કૂળ, જાતિ વગેરેને વંદન કરવામાં આવતાં નથી પણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ગુણને જ વંદન કરવામાં આવે છે. તો પછી સમ્યગ્દર્શનાદિ ગુણરહિતને કોણ વંદન કરે? સમ્યગ્દર્શનાદિ ગુણ પ્રગટયા વગર મુનિદશા હોતી નથી તેમ જ શ્રાવકદશા પણ હોતી નથી. –૨૬–૨૭

આચાર્યદેવ કહે છે કે જેઓ તપસહિત ભાવમુનિપણું ધારણ કરે છે તેઓને, તેમના શીલને, ગુણને તેમજ બ્રહ્મચર્યને હું વંદન કરું છું; કેમ કે તેઓને તેમના ગુણોવડે અર્થાત્ સમ્યગ્દર્શનપૂર્વકના શુદ્ધભાવવડે સિદ્ધદશા પ્રત્યે ગમન હોય છે. શરીરાદિક વંદવા યોગ્ય નથી પણ ગુણ વંદવા યોગ્ય છે એમ જણાવીને અહીં સમ્યગ્દર્શનપૂર્વકના શુદ્ધભાવરૂપ ગુણોથી સમિત મુનિઓને નમસ્કાર કર્યા છે. બ્રહ્મચર્યનો અર્થ 'આત્મસ્વરૂપ વિષે લીનતા' એમ સમજવો.

જે તીર્થંકર પરમદેવ છે તે સમ્યગ્દર્શનપૂર્વક તપના માહાત્મ્યવડે કેવળજ્ઞાન પામે છે અને ત્યારે તીર્થંકર પદવી પણ પામે છે. તપનો અર્થ શુભાશુભભાવોનો નિરોધ અને સમ્યગ્જ્ઞાનનું પ્રતાપન થાય છે. –૨૮–૨૯

## (૨૨૯) સમ્યગ્દર્શન તે સાર છે અને પૂજ્ય છે

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર અને તપ એ ચારેના સમ્યક્પ્રકારે એકત્વથી જે સંયમગુણ થાય છે તેનાવડે મોક્ષ થાય છે એમ જિનશાસનમાં કહ્યું છે.

આ જીવને સમ્યગ્જ્ઞાન સાર છે કેમ કે જ્ઞાનથી સર્વ હેય–ઉપાદેય જાણી શકાય છે, વળી આ જીવને સમ્યગ્દર્શન ખરેખર સાર છે કેમ કે સમ્યગ્દર્શન વગર જ્ઞાન પણ મિથ્યાજ્ઞાન કહેવાય છે; સમ્યગ્દર્શનથી ચારિત્ર થાય છે. સમ્યગ્દર્શન વગર ચારિત્ર તે મિથ્યાચારિત્ર છે. સમ્યગ્દર્શનપૂર્વકના ચારિત્રથી મોક્ષ થાય છે.

નિર્વાણ–મોક્ષ ચારિત્રથી થાય છે, ચારિત્ર જો સમ્યગ્જ્ઞાનપૂર્વક હોય તો સત્યાર્થ હોય છે અને જ્ઞાન જો સમ્યગ્દર્શનપૂર્વક હોય તો સત્યાર્થ હોય છે; આ રીતે, વિચાર કરતાં સમ્યગ્દર્શનને સારપણું આવ્યું માટે સૌથી પહેલાં તો સમ્યગ્દર્શન જ સાર છે, પછી જ્ઞાન, ચારિત્ર સાર છે. સમ્યગ્દર્શન વગર જ્ઞાનનું પણ સારપણું નથી, એમ જાણવું.

સમ્યગ્દર્શન, જ્ઞાન તથા તે પૂર્વકના ચારિત્ર અને તપ–એ ચારનો સમાયોગ થતાં જીવ સિદ્ધ થયા છે–થાય છે અને થશે.

વિશુદ્ધ સમ્યગ્દર્શનથી જીવ કલ્યાણની પરંપરા પામે છે; તેથી સુર–અસુરથી ભરેલા આ જગત વિષે તે સમ્યગ્દર્શન–રત્ન પૂજ્ય છે.

પચીસ પ્રકારના દોષોથી રહિત નિરતિચાર વિશુદ્ધ સમ્યગ્દર્શથી જીવ કલ્યાણની પરંપરા અર્થાત્ તીર્થંકર પદવી પામે છે; તેથી આ સમ્યગ્દર્શનરૂપી રત્ન દેવ–દાનવ–મનુષ્યોવડે સર્વલોકમાં પૂજનિક છે. તીર્થંકર નામકર્મના કારણરૂપ સોળ ભાવનાઓમાં પણ પહેલાં દર્શનવિશુદ્ધિ છે તે જ મુખ્ય છે, તે દર્શનાવિશુદ્ધિ જ વિનયાદિક પંદર ભાવનાઓનું કારણ છે; માટે સમ્યગ્દર્શનનું જ પ્રધાનપણું છે. –૩૨–૩૩–

ઉત્તમ ગોત્રસહિત મનુષ્યપણું પામીને અને ત્યાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને જીવ અવિનાશી સુખરૂપ કેવળજ્ઞાન પામે છે અને તે સુખસહિત મોક્ષ પામે છે. મનુષ્યપણામાં સમ્યગ્દર્શન પ્રગટ કરીને જીવ મોક્ષ પામે છે તે બધું સમ્યગ્દર્શનનું જ માહાત્મ્ય છે. –૩૪–

## (૨૩૦) સ્થાવર પ્રતિમા, જંગમ પ્રતિમા અને સમ્યગ્દર્શનનો મહિમા

સમ્યગ્દર્શનના પ્રભાવથી કેવળજ્ઞાન થયા પછી શ્રી જિનેન્દ્રભગવાન આ લોકમાં આર્યખંડમાં જ્યાંસુધી વિહાર કરે છે કે બિરાજે છે ત્યાં સુધી તેમની તે પ્રતિમા અર્થાત્ શરીરસહિત પ્રતિબિંબ તેને નિશ્ચય 'સ્થાવર પ્રતિમા' કહેવાય છે કેમકે પોતાના સ્વરૂપમાં અચળ છે અને ધાતુ પાષણ વગેરેની પ્રતિમાં રચીને તેમાં શ્રી જિનેન્દ્ર ભગવાનની સ્થાપના કરવી તે વ્યવહાર છે. એ વ્યવહાર પણ જેમ છે તેમ જાણવો જોઈએ. જ્યારે જિનેન્દ્રભગવાન નિર્વાણ પામે ત્યારે જીવ લોકના શિખરે જઈ સ્થિત થાય છે, તેમાં ગમનવિષે એક સમય લાગે છે, તે કાળમાં શરીર રહિત ગમન કરે છે તેથી (તે ગમન કરનાર અશરીરી જીવને) 'જંગમ પ્રતિમાં' કહેવાય છે.

આ રીતે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેમાં સમ્યગ્દર્શન પ્રધાન છે. આ દર્શન–અધિકારમાં સમ્યગ્દર્શનની પ્રધાનતાનું વ્યાખ્યાન કરીને તેનું ઘણું–ઘણું માહાત્મ્ય બતાવ્યું. અહીં અષ્ટપાહુડમાં પહેલું દર્શનપ્રાભૃત પૂરું થયું.

[ વીર સંવત ૨૪૭૫ ના કારતક સુદ ૧ નું સુપ્રભાત માંગલિક પ્રવચન ]

# સુપ્રભાત માંગલિક આત્માની પ્રભુતા

આજે ભગવાન મહાવીરના નિર્વાણનું ૨૪૭૫ મું વર્ષ બેસે છે. આજના સુપ્રભાતના માંગળિકરૂપે આ સમયસારનો ૨૭૫ મો કળશ વંચાય છે. આ શ્લોક માંગળિક સ્વરૂપ છે–

**માલિની**

जयति सहजतेज: पुंजमज्जत्त्रिलोकी रुखलदखिलविकल्पोऽप्येक एव स्वरूप:।
स्वरसविसरपूर्णाच्छिन्न तत्त्वोपलभ: प्रसभनियमितार्चि श्चिश्चमत्कार एष:।। २७५।।

અર્થ:– સહજ ( પોતાના સ્વભાવરૂપ ) તેજ:પુંજમાં ત્રણ લોકના પદાર્થો મગ્ન થતા હોવાથી જેમાં અનેક ભેદો થતા દેખાય છે તોપણ જેનું એક જ સ્વરૂપ છે ( અર્થાત્ કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થો ઝળકતા હોવાથી જે અનેક જ્ઞેયાકારરૂપ દેખાય છે તોપણ ચૈતન્યરૂપ જ્ઞાનાકારની દ્રષ્ટિમાં જે એક સ્વરૂપ જ છે ), જેમાં નિજ રસના ફેલાવાથી પૂર્ણ અછિન્ન તત્ત્વ–ઉપલબ્ધિ છે ( અર્થાત્ પ્રતિપક્ષી કર્મનો અભાવ થયો હોવાથી જેમાં સ્વરૂપ–અનુભવનનો અભાવ થતો નથી ) અને અત્યંત નિયમીત જેની જ્યોત છે ( અર્થાત્ અનંત વીર્યથી જે નિષ્કંપ રહે છે ) એવો આ ( પ્રત્યક્ષ અનુભવગોચર ) ચૈતન્ય ચમત્કાર જયવંત વર્તે છે ( કોઈથી બાધિત ન કરી શકાય એમ સર્વોત્કૃષ્ટપણે વર્તે છે ).

( ૨ ) અહીં ચૈતન્ય ચમત્કાર જયવંત વર્તે છે એમ કહેવામાં જે ચૈતન્યચમત્કારનું સર્વોત્કૃષ્ટપણે વર્તવું બતાવ્યું, તે જ મંગળ છે. આત્મા ચિત્ચમત્કાર છે તે પોતે જ મંગળસ્વરૂપ છે. આજે વીર સં. ૨૪૭૫ બેસે છે, વિક્રમ સં. ૨૦૦૫ બેસે છે, આ માંગળિકરૂપ કળશ ૨૭૫ મો છે ને પાનું ૫૧૫ છે–એ રીતે બધામાં છેલ્લો અંક 'પાંચ' આવે છે. 'પંચ ત્યાં પરમેશ્વર' એમ લોકો બોલે છે તેમ અહીં બધા પાંચડાનો મેળ થયો છે ને તેમાં વર્ણન પણ પરમેશ્વરનું એટલે કે આત્માની પ્રભુતાનું છે.

( ૩ ) આત્મામાં પ્રભુત્વ શક્તિ છે. તે પ્રભુત્વ શક્તિના અખંડ પ્રતાપથી આત્મા દીપી રહ્યો છે–શોભી રહ્યો છે. 'જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી એવા સ્વતંત્ર્યથી શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વ શક્તિ' આત્મામાં ત્રિકાળ ઊછળે છે. ( સમયસાર પૃ. ૫૦૩–૪ ) આત્મામાં જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, સુખશક્તિ, જીવનશક્તિ વગેરે અનંત શક્તિઓ છે, તેમાં એક પ્રભુત્વ નામની શક્તિ પણ છે. આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં પ્રભુતા રહેલી છે. આત્મદ્રવ્યમાં અનંતશક્તિઓ રહેલી છે, તેનામાં પામરતાનથી પણ પ્રભુતા છે. દ્રવ્યમાં પ્રભુત્વ છે, જ્ઞાનાદિ અનંત ગુણોમાં પ્રભુત્વ છે. ને પર્યાયોમાં પણ પ્રભુત્વ છે; એમ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં પ્રભુત્વ રહેલું છે. દ્રવ્ય–ગુણ ને પર્યાય ત્રણેની સ્વતંત્રતાથી આત્મા શોભી રહ્યો છે. આત્માના દ્રવ્યની–ગુણની કે પર્યાયની પ્રભુતાના પ્રતાપને ખંડિત કરવા કોઈ સમર્થ નથી. પોતાની અખંડ પ્રભુતાથી જ આત્મા શોભે છે, કોઈ નિમિત્ત વગેરે પર વસ્તુથી આત્મા શોભતો નથી. આ દિપાવલીના તહેવારમાં લોકો ઘર વગેરેને શોભા કરે છે, પણ અહીં તો આત્માની આત્માની શોભાની વાત થાય છે. ઘર વગેરેની શોભામાં આત્માની શોભા નથી પણ પોતાની પ્રભુત્વ શક્તિથી જ આત્માની અખંડિત શોભા છે, આત્માનો પ્રતાપ અખંડ છે.

( ૪ ) આ કળશમાં પહેલો જ શબ્દ '**जयति**' છે. **जयति** એટલે જયવંત વર્તે છે. ચૈતન્યચમત્કાર આત્માનો જય થવાનું કહ્યું તે જ મહા માંગળિક છે. ચૈતન્યની સ્વતંત્રતા અખંડ પ્રતાપથી શોભે છે, કોઈ નિમિત્તો કે પ્રતિકૂળ સંયોગ ચૈતન્યની શોભાને નુકસાન કરી શકતા નથી અને કોઈ અનુકૂળસંયોગો ચૈતન્યની શોભાને સહાય કરતા નથી. આત્મા પોતે પોતાના અખંડિત પ્રતાપથી શોભે છે, એવી પ્રભુતા આત્મામાં ત્રિકાળ છે. તે પ્રભુતા દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં છે. દ્રવ્યમાં પ્રભુતા છે, ગુણમાં પ્રભુતા છે ને પર્યાયમાં પણ પ્રભુતા છે. એ ત્રણે પોતાની સ્વતંત્રતાથી શોભી રહ્યા છે.

( ૫ ) અત્યારે, પર્યાયમાં જે પૂરી પ્રભુતા પ્રગટી તેનું માંગળિક તરીકે વર્ણન છે. ત્રિકાળી દ્રવ્ય–ગુણની પ્રભુતાના વિશ્વાસે પર્યાયમાં જે પ્રભુતા પ્રગટી તે જયવંત વર્તે છે, તે જ મંગળ છે. પર્યાયમાં એકેક સમયનો

વિકાર થાય છે, તે એકેક સમયનો વિકાર કરતાં કરતાં અત્યાર સુધી પર્યાયમાં ગમે તેટલો કાળ ગયો ને ગમે તેટલી મલિનતા થઈ, છતાં પણ દ્રવ્યની પ્રભુતાને તોડવાને તે કોઈ સમર્થ નથી; દ્રવ્યની પ્રભુતા તો એવી ને એવી શોભી રહી છે, તેમાં અંશ માત્ર ખંડ પડયો નથી. તેવી જ રીતે ગુણમાં પણ પ્રભુત્વ છે, તે પણ એવું ને એવું અખંડિત છે. અને એકેક સમયનો પર્યાય પણ પરની અપેક્ષા વગર સ્વતંત્રતાથી શોભી રહ્યો છે, તેથી પર્યાયમાં પણ પ્રભુત્વ છે. પ્રભુત્વ શક્તિ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપે છે, તેથી આત્મા પોતે પ્રભુ છે.

( ૬ ) 'હે પ્રભુ, હે પ્રભુ! શું કહું' –એમ પરને પ્રભુ કહેવા તે વિનયથી નિમિત્તનું કથન છે. ખરેખર પોતાની પ્રભુત્વશક્તિનો ધણી આત્મા પોતે છે. આત્મા પોતે પ્રભુ છે, પોતાની પ્રભુતાના અખંડ પ્રતાપથી પોતે શોભે છે. આત્માની પ્રભુતાનો પ્રતાપ એવો અખંડિત છે કે અનંત અનુકૂળ કે પ્રતિકૂળ પરિષહો આવે તોય તેનો પ્રતાપ ખંડિત નથી થતો, ને ક્ષણિક પુણ્ય–પાપથી પણ તેની પ્રભુતા ખંડિત થતી નથી. આત્માની પ્રભુત્વશક્તિ તો દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપક છે ને ત્રિકાળ છે, વિકાર કાંઈ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપતો નથી તેમ જ તે ત્રિકાળ નથી, માટે તે ક્ષણિક વિકારવડે પણ આત્માની પ્રભુતા ખંડિત થતી નથી. આ દ્રવ્યદ્રષ્ટિનો વિષય છે. ત્રણે કાળે પોતાના સ્વતંત્ર પ્રભુત્વ ગુણથી આત્મા શોભી રહ્યો છે, –એવી આત્માની પ્રભુતા જેને બેઠી તેને પર્યાયમાં કેવળજ્ઞાનરૂપી પ્રભુતા પ્રગટયા વગર રહે નહિ. તે કેવળજ્ઞાન જ એવું મંગળ સુપ્રભાત છે કે જે પ્રગટયા પછી કદી પણ અસ્ત ન થાય.

( ૭ ) મારી પ્રભુતા મારામાં છે, મારા પ્રભુત્વથી જ મારી શોભા છે, મારી પ્રભુતાનો પ્રતાપ અખંડિત છે. મારા દ્રવ્ય–ગુણ–પર્યાયની સ્વતંત્રતાની શોભાને લૂંટનાર ત્રણ લોકમાં કોઈ દ્રવ્ય–ગુણ–પર્યાય નથી. આત્મામાં અનાદિ અનંત પ્રભુત્વ છે, તે પોતાની અખંડ સ્વતંત્રતાના પ્રતાપે શોભે છે. આત્માના એકેક ગુણમાં પણ પ્રભુત્વ છે. જ્ઞાનમાં જાણવાનું પ્રભુત્વ છે, દર્શનમાં દર્શનનું પ્રભુત્વ છે, આનંદમાં આહ્‌લાદનું પ્રભુત્વ છે, એમ દરેક ગુણમાં પોત પોતાનું સ્વતંત્ર પ્રભુત્વ છે. આત્માના જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર વગેરે ગુણો પોતાના અખંડ પ્રતાપથી શોભે છે. દ્રવ્ય અને ગુણની જેમ તેની એકેક સમયની અવસ્થાઓ પણ પોતાના અખંડ પ્રતાપથી શોભે છે, પર્યાયમાં પણ પ્રભુત્વ છે. જ્ઞાનની એકેક સમયની અવસ્થામાં રાગદ્વેષ રહિત પૂરું જાણે એવી પ્રભુતા છે એક સમયના જ્ઞાનપર્યાયમાં એવો અખંડ પ્રતાપ છે કે તેમાં રાગદ્વેષનો અભાવ છે. પરલક્ષે જે એક સમય પૂરતા રાગદ્વેષ થાય છે તેને અહીં આત્માના સ્વરૂપમાં ગણવામાં આવ્યા નથી, તે એક સમયના રાગ–દ્વેષને અહીં ગૌણ કર્યા છે. આત્માની પ્રભુતા ત્રિકાળ અખંડિત છે, કદી તે અધૂરી કે પરની ઓશિયાળી થઈ નથી. ખરેખર વિકારમાં પ્રભુત્વ નથી કેમ કે તે આખા દ્રવ્ય–ગુણમાં કે સર્વ પર્યાયોમાં વ્યાપતો નથી. આત્માની પ્રભુતા તો સર્વ દ્રવ્ય–ગુણ–પર્યાયમાં વ્યાપક છે.

( ૮ ) આજે સુમંગળ પ્રભાત છે. જેને પોતાની પ્રભુતાનું ભાન નથી એવા અજ્ઞાની જીવો પરસંયોગથી પોતાની મોટપ માને છે, ને તે સંયોગ મેળવવાની આજે ભાવના કરે છે. 'અમને ધન્નાશાળીભદ્ર શેઠની ઋદ્ધિ હજો, બાહુબલિજીનું શરીરબળ હજો, અભયકુમારની બુદ્ધિ હજો' –એમ અજ્ઞાની જીવ બહારના પદાર્થોની ભાવના કરે છે, પણ પોતે પોતાના સ્વભાવની પ્રભુતાથી ભરેલો છે, તેની ભાવના કરતો નથી. જેણે પોતાના સુખ માટે પરવસ્તુની જરૂર માની તેણે પોતાના આત્માની પ્રભુતા માની નથી, પણ પામરતા માની છે. તેથી તેને પર્યાયમાં કદી કેવળ જ્ઞાનરૂપી પ્રભુતા થશે નહિ. અહીં તો કહે છે કે તારી પર્યાયમાં પણ પ્રભુતા છે, તારી પર્યાયને હીણી કરવા કોઈ સંયોગ, કોઈ ક્ષેત્ર કે કોઈ કાળ સમર્થ નથી. એક સમયની દુઃખ પર્યાય ત્રિકાળીતત્ત્વની પ્રભુતાના પ્રતાપને ખંડિત કરવા સમર્થ નથી; તે પર્યાયની અહીં વાત નથી.

( ૯ ) શ્રદ્ધાની એકેક સમયની પર્યાયમાં એવી ત્રેવડ છે કે આખા પરિપૂર્ણ દ્રવ્યને પ્રતીતમાં લઈ લે છે. શ્રદ્ધા–જ્ઞાન વગેરે ગુણની એકેક પર્યાયે આખા દ્રવ્યને ટકાવી રાખ્યું છે. જો જ્ઞાન વગેરે કોઈ પણ ગુણની એક જ પર્યાય કાઢી નાંખો તો ગુણનું અનાદિ અનંત અખંડપણું રહેતું નથી અને ગુણ અખંડ ન રહેતાં દ્રવ્ય પણ અખંડ રહેતું નથી. માટે એકેક પર્યાયમાં પણ એવું પ્રભુત્વ છે કે તે આખા દ્રવ્યને અખંડિત રાખે છે. દ્રવ્ય અનંત ગુણોનો પિંડ છે, ને ગુણ અનાદિ અનંત પર્યાયનો પિંડ છે. તેમાં એકેક ગુણ ને તેની એકેક સમયની એકેક પર્યાય પોતાના અખંડ પ્રતાપથી શોભી રહ્યા છે.

આત્મામાં પ્રભુત્વ નામની એક શક્તિ છે, તે આખા દ્રવ્યમાં વ્યાપેલી છે તેથી દ્રવ્યના બધાય ગુણોમાં પણ પ્રભુતા છે. એકેક શક્તિમાં પ્રભુતા છે. જો એક શક્તિને કાઢી નાખો તો દ્રવ્યનો પ્રતાપ ને સ્વતંત્રતા અખંડ નથી રહેતા. તેમ જ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, અસ્તિત્વ વગેરે કોઈ એક ગુણનો એક સમયનો પર્યાય કાઢી નાંખો તો તે ગુણ અનાદિ અનંત અખંડ નથી રહેતો પણ તેના બે કટકા થઈ જાય છે. તેથી તે એક સમયનો પર્યાય પોતાના તે સમયના સ્વતંત્ર પ્રતાપથી શોભી રહ્યો છે. જેમ કોઈ માણસ ૧૦૦ વર્ષની ઉંમરનો હોય, તેના ૧૦૦ વર્ષમાંથી જો એક સમય પણ કાઢી નાખો તો તેનું ૧૦૦ વર્ષનું અખંડપણું ન રહે, પણ એક તરફ ૫૦ વર્ષ અને બીજી તરફ ૫૦ વર્ષમાં એક સમય ઓછો એમ બે ખંડ પડી જાય છે, ૧૦૦ વર્ષનું અખંડપણું નથી રહેતું. તેમ જો દ્રવ્યના એક પર્યાયને કાઢી નાખો તો દ્રવ્યનો પ્રતાપ ખંડિત થઈ જાય છે. માટે દ્રવ્યનો એકેક પર્યાય પોતાના અખંડ પ્રતાપથી શોભે છે. આવી આત્માની પ્રભુતા છે.

દરેક દ્રવ્ય, તેના દરેક ગુણ ને તેના એકેક સમયના દરેક પર્યાયો અખંડ છે. જો એકેક પર્યાયની પણ અખંડ પ્રભુતા પ્રતીતમાં ન લો તો દ્રવ્ય–ગુણ જ રહેતાં નથી. દ્રવ્ય–ગુણને પરિપૂર્ણ કરવાની એકેક પર્યાયમાં તાકાત છે.

(૧૦) જેમ દ્રવ્યનો એકેક પર્યાય સ્વતંત્ર છે તેમ એકેક પ્રદેશ પણ સ્વતંત્ર છે. પ્રદેશે પ્રદેશે પ્રભુતા છે. એક પ્રદેશ બીજા પ્રદેશરૂપે થઈ જતો નથી, તેમ બીજા અનંત પ્રદેશોરૂપે તે થતો નથી, અનંત પ્રદેશોથી ભિન્ન પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખે છે એવી તેની પ્રભુતા છે. વળી જો દ્રવ્યનો એક પ્રદેશ કાઢી નાખો તો આખા દ્રવ્યની અખંડતા જ રહે નહિ, એ અપેક્ષાએ એકેક પ્રદેશ અખંડ દ્રવ્યને ટકાવી રાખે છે, એવી એકેક પ્રદેશની પ્રભુતા છે.

(૧૧) દરેક ગુણમાં ને દરેક પ્રદેશમાં પ્રભુતા છે. તેમાં એટલો ફેર છે કે એક ગુણ તો સર્વ પ્રદેશોમાં ને સર્વ ગુણોમાં વ્યાપક છે, પણ એક પ્રદેશ સર્વ પ્રદેશોમાં વ્યાપતો નથી. છતાં એકેક પ્રદેશમાં અનંત ગુણોનો અંશ રહ્યો છે.

(૧૨) એકેક સમયના પર્યાયમાં એકેક પ્રદેશમાં પ્રભુતા છે. પરંતુ તેમાં એકેક સમયનો પર્યાય તો દ્રવ્યના સર્વ ક્ષેત્રમાં વ્યાપે છે પણ એક પ્રદેશ દ્રવ્યના સર્વ ક્ષેત્રમાં વ્યાપતો નથી. (અહીં પરમાણુની વાત નથી પણ આત્માની વાત છે.) અને પર્યાય દ્રવ્યના સર્વ ક્ષેત્રમાં વ્યાપતો હોવા છતાં તે એક સમય પૂરતો જ છે, એક પ્રદેશ દ્રવ્યના સર્વક્ષેત્રમાં વ્યાપતો ન હોવા છતાં તે ત્રિકાળ છે.

(૧૩) આ આત્માની પ્રભુતાનું વર્ણન ચાલે છે. આત્મામાં દ્રવ્યથી પ્રભુતા છે, ગુણથી પ્રભુતા છે, એકેક પર્યાયમાં ને એકેક પ્રદેશમાં પણ પ્રભુત્વ છે. લોકોમાં કહેવાય છે કે 'પંચ ત્યાં પરમેશ્વર.' તેમ આ પાંચની સાલના મંગળ તરીકે પરમેશ્વરની–આત્માની પ્રભુતાની વાત આવી છે. આ આત્માની પ્રભુતાના માંગળિકમાં અપ્રતિહત મુક્તિના માણેકથંભ રોપાય છે. જો પોતાના આત્માની આવી પ્રભુતાનો પ્રતાપ જાણે તો કોઈ પરવસ્તુથી પોતાની પ્રભુતા ન માને, અને પોતાની પ્રભુતા માટે પરનો આશ્રય માને નહિ, એટલે પરાશ્રય છોડીને સ્વાશ્રય કરે. એ જ ધર્મ છે, ને એ જ મુક્તિનો ઉપાય છે. એકેક ગુણ–પર્યાય અનંતગુણની પ્રભુતાને શોભાવનાર છે. આખું દ્રવ્ય પોતાની પ્રભુતાથી શોભાયમાન છે, આમ દ્રવ્યની પ્રભુતાના સ્વીકારમાં સ્વાશ્રયનો સ્વીકાર છે, ને સ્વાશ્રયના સ્વીકારમાં મુક્તિ છે. જો કોઈ નિમિત્ત–સંયોગ વગેરે પરનો આશ્રય માને તો પોતાની પ્રભુતાની પ્રતીતિ રહેતી નથી. તેમ જ વર્તમાન પર્યાયમાં નબળાઈ છે તેનો આશ્રય સ્વીકારે તોપણ પોતાની પ્રભુતાની પ્રતીતિ રહેતી નથી. આત્મા ત્રણેકાળ પોતાની અખંડ પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભાયમાન છે, તેને જો પરનો આશ્રય કહો તો તેની સ્વતંત્ર શોભા રહેતી નથી.

(૧૪) અજ્ઞાની કહે છે કે 'દ્રવ્ય–ગુણ તો સ્વતંત્ર છે પણ પર્યાય પરના આશ્રયે થાય છે' અહીં તો કહે છે કે દ્રવ્ય–ગુણ ને પર્યાય ત્રણેય સ્વતંત્ર છે. પર્યાય પોતાના સ્વતંત્ર પ્રભુત્વથી શોભે છે; પર્યાયને દ્રવ્ય–ગુણનો પણ આશ્રય નથી, તો વળી પરનો આશ્રય કેવો? દ્રવ્ય–ગુણ સત્ છે તેમ તેના અનાદિ અનંત પર્યાયો પણ સત્ છે, એકેક સમયનો પર્યાય સત્ અહેતુક છે. પરવસ્તુઓ તો પર્યાયનું કારણ છે જ નહિ, પણ જો પર્યાયનું કારણ દ્રવ્ય–ગુણને કહો તો દ્રવ્ય–ગુણ બધા જીવોને એક સરખા છે છતાં પર્યાયમાં ફેર કેમ પડે છે? માટે દરેકે દરેક પર્યાયનું વીર્ય સ્વતંત્ર છે, પર્યાયની પ્રભુતા છે; પર્યાય પોતાના સ્વભાવસામર્થ્યથી સ્વતંત્રપણે અખંડ પ્રતાપથી શોભી રહ્યો છે. દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેની નિરપેક્ષતાના સ્વીકાર

પૂર્વક એકબીજાની અપેક્ષા લાગું થાય, અને દ્રવ્ય–ગુણના આશ્રયે પર્યાય છે એમ કહેવાય. નિરપેક્ષતા વગરનું એકલું સાપેક્ષ સિદ્ધ થાય નહિ. અત્યારે પર્યાયની પણ પ્રભુતા બતાવવી છે; જો પર્યાયને દ્રવ્ય–ગુણનો આશ્રય માનો તો પર્યાયની પ્રભુતા નથી રહેતીઃ અહો દ્રવ્યનો દરેક અંશ સ્વતંત્ર પ્રતાપે શોભે છે, આવી પ્રતીત કરનારને સ્વભાવનો જ આશ્રય થાય છે. રાગનો આશ્રય માને તોય આત્માનો પ્રતાપ અખંડ નથી રહેતો.

આત્માની પ્રભુત્વશક્તિએ દ્રવ્યને, ગુણને ને પર્યાયને–ત્રણેને ટકાવી રાખ્યાં છે. એકલા પ્રભુત્વગુણમાં જ પ્રભુતા છે–એમ નથી, પણ આખા દ્રવ્યમાં પ્રભુતા છે, દ્રવ્યના દરેક ગુણમાં પ્રભુતા છે ને તેના દરેક પર્યાયમાં પ્રભુતા છે. આવી પોતાની પ્રભુતાની જેને પ્રતીત થઈ તેને જયવંત એવું કેવળજ્ઞાન પ્રગટયા વગર રહે નહિ.

આ રીતે, દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેની સ્વતંત્રતાથી આત્માની અખંડ પ્રભુતા બતાવી તે આ બેસતા વર્ષનું અપૂર્વ માંગળિક છે.

❁ ❁ ❁

(૧૫) હવે આ સમયસારના મંગળ–શ્લોકનો વિસ્તાર થાય છે. આ કળશમાં આચાર્યભગવાન કહે છે કે–આ આત્માનો ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે. જેણે પોતાના આત્માની શ્રદ્ધામાં જરાય કચાશ આવવા દીધી નથી તેને કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત પ્રગટે છે, તે જ ચૈતન્યચમત્કાર છે. તે કેવળજ્ઞાન જયવંત વર્તો એમ અહીં માંગળિક કર્યું છે.

સમ્યક્શ્રદ્ધાએ આખા આત્માની પ્રભુતાની પ્રતીત કરી છે. પર્યાયની પ્રભુતાએ આખા દ્રવ્યની પ્રભુતાનો સ્વીકાર કર્યો છે; તે દ્રવ્યના જ લક્ષે એકાગ્ર થઈને વારંવાર અનુભવ કરતાં પર્યાયમાં જેણે કેવળજ્ઞાન પ્રગટયું છે તેનું ચૈતન્ય તેજ જયવંત વર્તે છે. એમ કહેવામાં પોતાના અપ્રહિત કેવળજ્ઞાનની ભાવના છે.

(૧૬) આત્માનું કેવળજ્ઞાન પ્રભાત કેવું છે? જેના સહજ તેજઃપુંજમાં ત્રણલોકના પદાર્થો જણાય છે. કેવળજ્ઞાનનું તેજ સહજ છે, પોતાના સ્વભાવરૂપ છે, તેમાં કોઈ પરનો આશ્રય નથી. કેવળજ્ઞાન સહજ છે ને તેનું કારણ સહજ છે. ત્રિકાળી દ્રવ્ય–ગુણ સહજ પોતાના સ્વભાવથી છે ને તેનો પર્યાય પણ સહજ છે. અહીં તો એમ કહ્યું કે પર્યાયનો સ્વભાવ સહજ છે; તેને પૂર્વ પર્યાયની, નિમિત્તની કે રાગાદિની અપેક્ષા નથી. પૂર્વે મોક્ષમાર્ગની દશા હતી તેનાથી કેવળજ્ઞાનદશા પ્રગટી નથી પણ તે સમયનો પર્યાયનો જ તે સહજ પ્રતાપ છે. તે પર્યાય તે સમયના પોતાના અખંડ પ્રતાપથી જ પરની અપેક્ષા વગર કેવળજ્ઞાનરૂપે પરિણમ્યો છે, તે સમયનો તે પર્યાયનો તેવો જ સ્વકાળ છે. તે પર્યાય પણ સત્ છે. પહેલાં કેવળજ્ઞાનદશા ન હતી તે અપેક્ષાએ તેને નવી પ્રગટી કહેવાય; પણ ખરેખર તો દ્રવ્યના ત્રિકાળી પર્યાયમાં તે અવસ્થા સત્ હતી તે જ પ્રગટી છે. જ્યારે કેવળજ્ઞાન પ્રગટે ત્યારે તે નવું જ પ્રગટે છે, મતિ–શ્રુત વગેરે ચાર જ્ઞાન ભલે કેવળજ્ઞાનની જાતના છે, પણ તે ચારે જ્ઞાન અપૂર્ણ છે–વિભાવરૂપ છે, અને કેવળજ્ઞાન તો સ્વભાવરૂપ છે. ચાર જ્ઞાનમાં નિમિત્ત તરીકે કર્મના આવરણનો સદ્ભાવ છે, પણ કેવળજ્ઞાનમાં તો કર્મના આવરણનો તદ્ન અભાવ છે. એવું કેવળજ્ઞાન પ્રગટ થયું તે તે પર્યાયનું સ્વાભાવિક સામર્થ્ય છે. પર્યાયનો પણ સ્વતંત્ર સ્વભાવ છે. દ્રવ્ય–ગુણના કારણે પર્યાય થયો નથી. જો દ્રવ્ય–ગુણના કારણે કેવળજ્ઞાનપર્યાય થયો હોય તો બીજા બધા જીવોને પણ તે વખતે દ્રવ્ય–ગુણ તેવા જ છે, છતાં તેમને તે વખતે કેવળજ્ઞાનપર્યાય કેમ ન થયો? બે જીવને મનઃપર્યયજ્ઞાન હોય, ને બેમાંથી એકને કેવળજ્ઞાન થયું ને બીજાને તે વખતે કેવળજ્ઞાન ન થયું તેનું કારણ કોણ? બસ, પર્યાયનો તે તે સમયનો સ્વભાવ જ છે, એ સિવાય ભિન્ન કોઈ કારણ નથી. અત્યારે 'પર્યાય પણ નિરપેક્ષ છે' એમ બતાવવું છે, તેથી એમ કહ્યું કે પર્યાયનો સ્વતંત્ર સ્વભાવ છે, તેનું કારણ દ્રવ્ય–ગુણ નથી પણ જ્યારે દ્રવ્ય–ગુણ–પર્યાયની સાપેક્ષતા વર્ણવવી હોય ત્યારે દ્રવ્ય–ગુણને જ પર્યાયનું કારણ કહેવાય છે. પર્યાય તે દ્રવ્ય–ગુણમાંથી આવે છે, દ્રવ્ય–ગુણનું જ પરિણમન તે પર્યાય છે. જ્યારે જે અપેક્ષા ચાલતી હોય ત્યારે તે અપેક્ષાએ વસ્તુસ્વરૂપ સમજવું જોઈએ.

આત્માના એકેક પર્યાયમાં પણ પ્રભુત્વ છે, એકેક સમયના અંશની સ્વતંત્ર શોભા છે. ગુણને લીધે પર્યાય થયો–એમ કહો તો પર્યાયની સ્વતંત્રતાના અખંડ પ્રતાપમાં વાંધો આવે છે, નિરપેક્ષપણે એકેક સમયની સ્વતંત્રતાથી આત્મા શોભી નીકળે છે–એવો આત્માની પ્રભુતાનો પ્રતાપ છે.

આત્માનું કેવળજ્ઞાન તેજ સહજ છે, એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણી લે એવો તે એક સમયના

પર્યાયનો સહજ પ્રતાપ છે, પર્યાયનું પ્રભુત્વ છે, પર્યાયની પ્રભુતાનું સામર્થ્ય છે, પર્યાયનું સ્વતંત્ર વીર્ય છે; પર્યાયના વીર્યથી પર્યાયની રચના થાય છે. દ્રવ્ય–ગુણ–પર્યાયથી પરિપૂર્ણ આત્મસ્વભાવની રુચિ અને પ્રતીતિ કરે તો ધર્મ થાય છે, ને તે રુચિમાંથી આગળ વધતાં કેવળજ્ઞાન થાય છે, તે કેવળજ્ઞાનમાં એક સાથે બધુંય જણાય એવો તેનો અખંડ પ્રતાપ છે. પરમ અધ્યાત્મ તરંગિણીમાં આ કળશની ટીકામાં કેવળજ્ઞાનનું સામર્થ્ય વર્ણવતાં કહ્યું છે કે 'જ્ઞાનજ્યોતિનો પૂંજ દ્વિકવાર અનંત શક્તિનો સમૂહ છે.' આ કરણાનુયોગનો ગણતરીનો વિષય છે.

(૧૭) કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત પ્રગટયું તે જયવંત વર્તો! એમ અહીં સુપ્રભાતનાં માંગળિક થાય છે. કેવળજ્ઞાન સહજ તેજઃપૂંજ છે. તેજઃપૂંજ એટલે તેજનો ઢગલો, પ્રકાશનો ઢગલો. જોકે કેવળજ્ઞાન પર્યાય તો વસ્તુનો એક અંશ છે, પણ તે અંશમાં અનંતજ્ઞાન સામર્થ્ય છે, તેથી તે તેજનો પૂંજ છે. એ તેજઃપૂંજ કેવડો હશે? –શું મેરુપર્વત જેવડો હશે! –મેરુપર્વતની ઉપમાથી તેને ઓળખાવી શકાય તેવો નથી, એ ઉપમા તો બહુ નાની પડે. એક કેવળજ્ઞાન પર્યાય પોતે એવડો મોટો પ્રકાશનો પૂંજ (–તેજનો ઢગલો) છે કે લોકાલોકને જાણી લે છે છતાં તેનું સામર્થ્ય ખૂટતું નથી. લોકાલોકથી ને ત્રણકાળથી પણ મોટો તેજઃપૂંજ છે. કેવળજ્ઞાનના સામર્થ્યને લોકાલોકની ઉપમા પણ નાની પડે છે. જેમ લોઢાના એક ગજ વડે લાખો ગજ કાપડ માપો તો ય તે ખૂટતો નથી, તેમ કેવળજ્ઞાન સામર્થ્ય એવું છે કે લોકાલોકને જાણે છતાં તે ખૂટતું નથી. અહીં ગજનું માત્ર દ્રષ્ટાંત છે. ગજથી તો કાપડ ક્રમે ક્રમે મપાય છે, પણ તેમ જ્ઞાન કાંઈ ક્રમે ક્રમે પદાર્થોને જાણતું નથી, એક સાથે બધું જાણી લે છે, છતાં હજી અનંતુ જાણે તેવું સામર્થ્ય બાકી રહી જાય છે. આવું તો આત્માના એક પર્યાયનું પ્રભુત્વ છે.

(૧૮) આ ભગવાન આત્મા અનંત શક્તિનો ધણી છે, તેના એક જ્ઞાનગુણના એક પર્યાયમાં અનંત સામર્થ્ય છે. આત્માના એક પર્યાયની આવડી મોટી પ્રભુતા જેની પ્રતીતમાં આવી તે પોતાના પર્યાયમાં કોઈ પરનો આશ્રય ન માને, રાગનો આદર ન કરે, અપૂર્ણતામાં તેને ઉપાદેય ભાવ ન રહે. પણ પૂરા સ્વભાવના આશ્રયે પૂરી દશા જ પ્રગટ કરે. જે અધૂરી દશાનો કે વિકારનો આદર કરે તે તો ત્યાં જ અટકી જાય, તેને આગળ વધીને પૂર્ણતા કરવાનું રહે નહિ. અને પૂર્ણ ધ્યેયને લક્ષમાં લીધા વગરની શરૂઆત પણ સાચી હોય નહિ.

(૧૯) આત્માના પૂરા જ્ઞાન પર્યાયમાં એવું બેહદ સામર્થ્ય છે કે તેને જાણવા માટે લોકાલોક ને ત્રણકાળ પણ અલ્પ છે. સ્વભાવને હદ ન હોય, મર્યાદા ન હોય. જેનો સ્વભાવ 'જાણવું તેનામાં 'ન જાણવાપણું' કદી આવે નહિ. 'ઘણું જાણ્યું–હવે બસ!' એમ જાણવામાં કદી કંટાળો જ્ઞાનસ્વભાવમાં ન હોય, પણ જેટલા પદાર્થો હોય તે બધાને તે જાણી લે છતાં જરા ય થાક–ખેદ કે કંટાળો ન લાગે–એવો સ્વભાવ છે. જ્યાં પર્યાયમાં પૂરો જ્ઞાનસ્વભાવ પ્રગટી ગયો ત્યાં તે જ્ઞાનસામર્થ્યમાં ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થો એક સાથે નિમગ્ન થઈ જાય છે એટલે કે જ્ઞાનમાં જણાઈ જાય છે. જ્ઞાનમાં અનંત પદાર્થો એક સાથે જણાય છે તેથી કાંઈ જ્ઞાનના અનંત ખંડ નથી થઈ જતા, પણ જ્ઞાન તો એક અખંડ રહે છે. આવો કેવળજ્ઞાનનો અખંડ પ્રતાપ છે. એકેક પર્યાય પોતાના અખંડ પ્રતાપથી શોભી રહ્યો છે, એવી તેની પ્રભુતા છે. એવા એવા અનંત પર્યાયોનો પિંડ એક જ્ઞાનગુણ છે, અને એવા જ્ઞાન, શ્રદ્ધા, સુખ વગેરે અનંત ગુણોના સામર્થ્યથી આત્મા ભરેલો છે, આવી આત્માની પ્રભુતા છે. આવી આત્માની પ્રભુતાને જાણે તે પ્રભુ થયા વગર રહે નહિ.

(૨૦) જ્ઞાન તે પ્રમાણ છે. પ્રમાણ એટલે વિશેષ પ્રકારે માપવું. જ્ઞાન સર્વ પદાર્થોને વિશેષ પ્રકારે માપી લે છે–જાણી લે છે, તેથી તે પ્રમાણ છે. જેમ ગજ તે લૂંગડાને માપવાનું માપ છે, ગમે તેટલા લૂંગડાને માપો પણ ગજમાં માપવાનું સામર્થ્ય ખૂટે નહિ, તેમ જ્ઞાન સર્વ પદાર્થોના સ્વરૂપને માપનારું–જાણનારું છે; તે આખા લોકાલોકને એક સમયમાં જાણી લે છે છતાં તેનું જાણવાનું સામર્થ્ય ખૂટતું નથી. આત્માના આવા પૂરા જ્ઞાન સામર્થ્યમાં રાગ–દ્વેષ કયાં રહ્યા! આત્મામાં બધાને જાણવાનું સામર્થ્ય છે પણ પરનું કાંઈ કરે એવું કોઈ સામર્થ્ય આત્મામાં નથી. આત્માના આવા જ્ઞાનસ્વભાવની રુચિ કરવી, પ્રતીત કરવી, ઓળખાણ કરવી તે કેવળજ્ઞાન પ્રગટ થવાનાં માણેકથંભ છે. જેણે આત્મામાં એવા માણેકથંભ નાંખ્યા તેનું કેવળજ્ઞાન પાછું ફરે નહિ. આ ચૈતન્યપ્રભુની મુક્તિ માટેનો માણેકથંભ નંખાય છે.

(૨૧) આ નવા વર્ષનું પ્રભાત છે, તેમાં માંગળિક તરીકે આત્માની પ્રભુતાની અપૂર્વ વાત નીકળી છે. જેને–આત્માની

પ્રભુતાનો વિશ્વાસ આવ્યો તેના આત્મામાં સમ્યગ્દર્શનરૂપી પરોઢિયું થયું-અંશે સુપ્રભાત શરૂ થયું, હવે અલ્પકાળમાં સુપ્રભાત થશે ને ઝળહળતો કેવળજ્ઞાન સૂર્ય ઊગશે. આચાર્યદેવ કહે છે કે એવો ચૈતન્ય ચમત્કાર જયવંત વર્તે છે.

( ૨૨ ) આત્મામાં પ્રભુત્વ સ્વભાવ છે. આત્માનો એકેક પર્યાય પણ સત્ અહેતુક સ્વતંત્ર પ્રતાપથી શોભે છે. આત્માના પ્રભુત્વ સ્વભાવનું ભાન અને એકાગ્રતા કરતાં જે કેવળજ્ઞાન પ્રગટયું તે કેવળજ્ઞાનની પ્રભુતા પાસે લોકાલોક પણ અલ્પ થઈ ગયા. સ્વભાવના આશ્રયે જ્ઞાનની બેહદતા ખીલી નીકળી ત્યાં લોકાલોકની હદ આવી ગઈ, જ્ઞાન લોકાલોકનો પાર પામી ગયું. આવા જ્ઞાનસ્વભાવના ભાનમાં માંગળિક જ છે, સ્વભાવ તરફ વળીને એકાગ્ર થયો ત્યાં અમાંગળિક કાંઈ રહે જ નહિ.

( ૨૩ ) આત્મામાં જ પ્રભુતા છે, કોઈ બીજાની સહાય વગર પોતે પોતાથી પૂરો છે, પણ જેને પોતાના આત્માની પ્રભુતાનો વિશ્વાસ નથી તે જીવ બહારની વસ્તુઓથી પોતાની મોટાઈ કે સુખ માને છે, અને તેથી બહારની વસ્તુઓ મેળવવાની ભાવના કરે છે. આજે બેસતા વરસના પ્રભાતે અજ્ઞાની લોકો લક્ષ્મી, બાયડી-છોકરાં, શરીરની નીરોગતા, વસ્ત્ર વગેરે બહારની વસ્તુઓને મેળવવા માગે છે. પણ આચાર્યભગવાન કહે છે કે ભાઈ, તું જ્ઞાન છો, તારી પ્રભુતા તારામાં છે. તારા જ્ઞાનમાં એવી પ્રભુતા છે કે બધાને જાણે. પણ તારા જ્ઞાનમાં તું લક્ષ્મી વગેરે પરવસ્તુને મેળવવાનું માને તે અજ્ઞાન છે. જ્ઞાન કદી પરવસ્તુને મેળવી શકતું નથી, અને પરવસ્તુ કદી જ્ઞાનમાં આવતી નથી. આ લોકમાં તો અનંતાનંત પર પદાર્થો છે, તેમાંથી તું લક્ષ્મી વગેરે થોડા પદાર્થો મેળવવા માગીશ તો તારું જ્ઞાન તે થોડા પદાર્થોના લક્ષે વિકારમાં અટકી જશે; અને તે અટકેલું જ્ઞાન એક પદાર્થને પણ યથાર્થ જાણી નહિ શકે. માટે તું થોડીક પરવસ્તુને મેળવવાની ભાવના છોડીને, જ્ઞાનસ્વભાવના લક્ષે એકાગ્ર થઈને તારા જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકને જ્ઞેય તરીકે મેળવ ને ! કોઈ આત્મામાં કાંઈ પર પદાર્થો પ્રવેશી જતા નથી, માત્ર જ્ઞાનમાં જણાય છે. પોતાના જ્ઞાનસ્વભાવના વિશ્વાસે જેને કેવળજ્ઞાન ખીલ્યું તેને આખા લોકના પદાર્થો જ્ઞેય તરીકે મળ્યા. કેવળજ્ઞાન થતાં એક પણ પદાર્થ જ્ઞાનમાં જણાયા સિવાય ન રહે. અજ્ઞાની એકેક વસ્તુ મેળવવાની ભાવનામાં અટકે છે તેને બદલે અહીં તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે એક સાથે ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થો મળી જાય-એવી વાત કરી. આનું નામ સુપ્રભાત માંગલિક ! જ્ઞાનીઓ આવા કેવળજ્ઞાન સુપ્રભાતની ભાવના કરે છે. લક્ષ્મી વગેરે બહારની વસ્તુઓ તો 'ધૂળધમાહા' છે, તેની ભાવના જ્ઞાની કરતા નથી.

ખરેખર કોઈ જીવ પર વસ્તુને મેળવતો કે ભોગવતો નથી. અજ્ઞાની પર વસ્તુને મેળવવાની કે ભોગવવાની ભાવના કરે છે; પણ તે અજ્ઞાનીના આત્મામાં કાંઈ પરવસ્તુ આવી જતી નથી. અજ્ઞાની પણ ખરેખર તો તેને જાણે જ છે, પણ પરને જાણતાં 'આ મારું, આનું હું કરું, આને હું ભોગવું' -એમ મોહભાવ સહિત જાણે છે. પરંતુ તે કાંઈ પરને પકડતો કે ભોગવતો નથી. તો સંપૂર્ણ જ્ઞાની રાગ-દ્વેષ-મોહ વગર એક સાથે ત્રણકાળ ત્રણલોકને જાણે જ છે. અહીં તો આત્માને કેવળજ્ઞાન થાય અને ત્રણ કાળ ત્રણ લોકના સર્વ પદાર્થો તેને જ્ઞેય તરીકે એક સાથે મળે અને સદાય એમ ને એમ રહ્યા જ કરે-એવી વાત કરી. પરને મેળવવાની ભાવના કરશે તેને એક પણ પદાર્થનું જ્ઞાન યથાર્થ નહિ થાય, એટલે તેના જ્ઞાનમાં એક પણ પદાર્થ નહિ મળે. અને પોતાના પરિપૂર્ણ જ્ઞાન સ્વભાવની ભાવના કરીને તેમાં એકાગ્ર થતાં એક સાથે સર્વ પદાર્થો જ્ઞાનમાં નિમગ્ન થઈ જાય છે -જ્ઞેય તરીકે મળે છે.

( ૨૪ ) હવે, પરની ભાવના જીવ કયારે ન કરે ? જો પોતાના આત્મામાં પૂરેપૂરી પ્રભુતા છે તે જાણે તો તે સ્વભાવની જ ભાવના કરે ને પરની ભાવના ન કરે. પણ જો સ્વભાવની પ્રભુતાને જાણે નહિ ને અપૂર્ણતા કે વિકારને પોતાનું સ્વરૂપ માને તો તે જીવ કદી પરને મેળવવાની ભાવના છોડે નહિ, ને તેના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક કદી જ્ઞેય તરીકે મળે નહિ.

( ૨૫ ) જેમ નદીમાં પાણીનો પ્રવાહ ચાલ્યો જતો હોય ત્યાં, કાંઠે ઊભેલો માણસ 'આ મારું પાણી છે' એમ માનીને તેને રોકી રાખવા માગે તો તે મૂર્ખ છે, પાણી તો તેના પ્રવાહમાં વહ્યું જ જાય છે; તેમ આ જગતના બધા પદાર્થો પોતાના પર્યાયરૂપી પ્રવાહમાં ચાલ્યા જ જાય છે, -દરેક પદાર્થ ક્ષણે ક્ષણે પોતાના પર્યાયમાં પરિણમ્યા જ કરે છે. તેને જાણવાનો જીવનો સ્વભાવ છે; તેને જાણતાં અજ્ઞાની જીવ 'આ મારું છે, હું તેનો કર્તા છું' એમ માનીને પરને પકડી રાખવા માંગે છે, પરંતુ તે જીવ એક પણ પદાર્થને પકડી રાખી નહિ શકે. પણ તે પક્કડ

છોડીને સ્વભાવની એકાગ્રતાથી જો જાણે તો એક સાથે બધાય પદાર્થોને જાણી શકશે! જીવનો સ્વભાવ જાણવાનો છે ને પદાર્થોનો સ્વભાવ જ્ઞાનમાં જણાવાનો છે. અજ્ઞાની જીવ પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલીને પરવસ્તુમાં સુખ માને છે ને પરવસ્તુનો સંયોગ મેળવવા માગે છે, પણ અહીં તો આચાર્ય ભગવાન જ્ઞાનમાં એક સાથે બધા ય પદાર્થો જ્ઞેયપણે મળે એવી વાત કરે છે. બધા પદાર્થોને જાણવા રૂપે જ્ઞાન પરિણમી ગયું ત્યાં આકુળતા ન રહી, તે જ સુખ છે કોઈ પરવસ્તુમાં સુખ નથી. શું લાડવામાં સુખ છે? જો લાડવામાં સુખ હોય તો ચોવીસે કલાક લાડવા ખાધા જ કરે! લૂગડાંમાં સુખ હોય તો ઉપરા ઉપરી લૂગડાં પહેર્યાં જ કરે! વિષયોમાં સુખ હોય તો ચોવીસે કલાક વિષય ભોગવ્યા જ કરે! એ બધામાં કયાંય સુખ નથી, તેથી તેના લક્ષે કંટાળો આવી જાય છે. માટે આચાર્યદેવ કહે છે કે ભાઈ, તારા જ્ઞાનની પ્રતીત તો કર. તારા જ્ઞાનસ્વભાવમાં તારી પ્રભુતા ભરી છે તેનો વિશ્વાસ કર. 'અહો, મારા જ્ઞાનમાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જ્ઞેય તરીકે સમાઈ જાય એવી મારી પ્રભુતાનો અખંડ પ્રતાપ છે' –એમ પોતાની પ્રભુતાનો એવો દ્રઢ વિશ્વાસ કર કે ફરીથી કદી કોઈ અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગમાં સુખ કે દુઃખની કલ્પના ન થાય; અને અખંડ પ્રતાપવાળું કેવળજ્ઞાન લેવામાં વચ્ચે વિઘ્ન ન આવે.

(૨૬) અહો, જીવો! પ્રતીત તો કરો, સ્વભાવની પ્રતીત તો કરો. આત્મસ્વભાવમાં અખંડ પ્રભુતા છે તે પ્રભુતાની પ્રતીત તો કરો. આત્મા એક સમયના વિકાર જેટલો તુચ્છ–પામર નથી પણ ત્રિકાળ અનંત શક્તિનો ધણી પ્રભુ છે. તે પ્રભુતાની પ્રતીત કરતાં પર્યાયમાંથી એક સમયનો વિકાર ટળીને પ્રભુતા પ્રગટે છે, ને કેવળજ્ઞાન પર્યાયના અખંડ પ્રતાપથી આત્મા શોભે છે. આત્માના એક કેવળજ્ઞાન પર્યાયમાં એક સાથે લોકાલોકના સમસ્ત પદાર્થો જણાય છે તોપણ તે પર્યાયમાં ખંડ પડતા નથી. એક પર્યાયમાં અનેક પદાર્થો જણાય છે તોપણ તેની એકતા ખંડિત થતી નથી, એવો પર્યાયનો પ્રતાપ અખંડિત છે. જેમ એક અરીસામાં એક સાથે લાખો વસ્તુ જણાય છતાં અરીસાના કાંઈ લાખ ટુકડા થઈ જતા નથી, અરીસો તો અખંડિત એક જ રહે છે, તેમ આત્માની એક સ્વચ્છ પર્યાયમાં એક સાથે અનંત પદાર્થો જણાય છે છતાં પર્યાયમાં અનેકતા થતી નથી, વિકાર થતો નથી; એવું કેવળજ્ઞાન તે ચૈતન્યનો ચમત્કાર છે. આચાર્યભગવાન માંગળિક કરતાં કહે છે કે એવા કેવળજ્ઞાનરૂપી ચૈતન્ય ચમત્કાર જયવંત વર્તે છે! આત્મામાં કેવળજ્ઞાનદશા પ્રગટી તે જયવંત વર્તે છે. જુઓ, આજે સુપ્રભાત મંગળ છે. ગઈ કાલે પરોઢિયે શ્રી મહાવીરપ્રભુ મુક્તિ પામ્યા ને સાંજે શ્રી ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા. તેનાં આ ગાણાં છે. આત્મામાં એવી કેવળજ્ઞાન અને સિદ્ધદશા પ્રગટે તે સુપ્રભાત છે.

(૨૭) જાણવું તે જ ચૈતન્યને ચમત્કાર છે. જ્ઞાન ઘણું જાણે તોપણ તેની એકતા તૂટતી નથી. જ્ઞાન આત્મસ્વભાવમાં જ એકતારૂપે પરિણમી ગયું છે, હવે તે એકતામાં ખંડ પડતો નથી. ઘણા લાડવાનો ઢગલો પડયો હોય તે બધા લાડવા ખાઈ ન શકાય, પણ એક સાથે જાણી શકાય. ઘણા લાડવા એક સાથે ખાય તો પેટ ફાટે પણ લાડવાનો મોટો ઢગલો હોય તેને જ્ઞાન જાણે તો જ્ઞાન કાંઈ ફાટતું નથી, જ્ઞાનમાં ખંડ પડતા નથી. ઘણાં રોટલી–કેળાં હોય, ત્યાં અમુક ખવાય, બધા એક સાથે ખાઈ ન શકાય, પણ જ્ઞાન એક સાથે તેને જાણે તો ય જ્ઞાનમાં ભાર પડે નહિ. અનંત પદાર્થોને એક સાથે જાણે છતાં જ્ઞાનપર્યાય એક મટીને બે ન થઈ જાય. જ્ઞાનના એક પર્યાયમાં અનંતઅવિભાગપ્રતિચ્છેદ અંશો હોવા છતાં પર્યાયની એકતા છે, અનંત અવિભાગ પ્રતિચ્છેદોને લીધે એક પર્યાયના અનંત ખંડ પડી જતા નથી, પણ અખંડતા જ રહે છે. આવું સ્વાભાવિક કેવળજ્ઞાન પ્રગટયું તે જ બેસતું વર્ષ છે. જેના આત્મામાં એવું કેવળજ્ઞાન પ્રગટયું તેને ફરીથી અવતાર નથી. અને જેણે એવા કેવળજ્ઞાનની પ્રતીત કરી–શ્રદ્ધા કરી તેણે પોતાના આત્મામાં કેવળજ્ઞાન લેવાનાં પગરણ માંડયાં છે, કેવળજ્ઞાન માટે પ્રસ્થાનું મૂકયું છે. 'કેવળજ્ઞાન જયવંત વર્તે છે' એમ જેણે પૂર્ણજ્ઞાનની પ્રતીત અને આદર કર્યો તે જીવ અપૂર્ણતાને કે વિકારને આદરે નહિ, નિમિત્તનો આશ્રય માને નહિ, પણ પોતાના પૂર્ણ જ્ઞાનસ્વભાવનો આદર તથા આશ્રય કરીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પામીને વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટ કરે છે.

(૨૮) કેવળજ્ઞાનમાં લોકાલોકના સર્વ પદાર્થો નિમગ્ન થાય છે અથવા ઝળકે છે એમ આ કળશમાં કહ્યું છે તે જ્ઞાનનું સામર્થ્ય બતાવવા કહ્યું છે, જ્ઞાનમાં લોકાલોકને જાણવાનું સામર્થ્ય પ્રગટી ગયું છે તે બતાવવા માટે એમ કહ્યું છે. ખરેખર કાંઈ પરવસ્તુઓ જ્ઞાનમાં પ્રવેશી જતી નથી, અથવા અરીસાની જેમ જ્ઞાનમાં કાંઈ

પરવસ્તુનું પ્રતિબિંબ ઝળકતું નથી. જ્ઞાન તો અરૂપી છે. તેમાં પરવસ્તુ કઈ રીતે ઝળકે? માત્ર જ્ઞાનમાં બધું જાણવાનું સામર્થ્ય પ્રગટી ગયું છે અને બધા પદાર્થો જ્ઞાનમાં જણાઈ જાય છે તે અપેક્ષાએ એ કથન છે.

( ૨૯ ) વળી તે કેવળજ્ઞાનદશામાં નિજ રસના ફેલાવથી પૂર્ણ અછિન્ન તત્ત્વ ઉપલબ્ધિ છે; સ્વરૂપના અનુભવમાં જરાય ભંગ પડતો નથી. કેવળજ્ઞાન થતાં આત્માનો નિજ સ્વભાવ એવો ફેલાયો છે કે તેમાં એક સાથે બધું જણાય છે, પૂર્ણજ્ઞાન પ્રગટયું છે જે પૂર્ણપર્યાયનો અનુભવ પ્રગટયો તે અનુભવ શાશ્વત એવો ને એવો રહેવાનો, તેનો કદી નાશ થવાનો નથી. શાશ્વત સ્વભાવના આશ્રયે જે પૂર્ણદશા પ્રગટી તે પણ શાશ્વત એવી ને એવી જ થયા કરશે. ત્રિકાળી દ્રવ્ય-ગુણની પ્રતીતના જોરે જે પૂરી દશા પ્રગટી તેને અહીં અછિન્ન તત્ત્વ ઉપલબ્ધિ કીધી છે, તેમાં નિમિત્તરૂપે પણ કોઈ કર્મનું વિઘ્ન નથી. તે કોઈ બહારના આશ્રયે નથી પ્રગટી પણ તેમાં નિજરસનો જ ફેલાવ છે. જ્ઞાનનો વિકાસ થઈને બહાર તેનો ફેલાવ થાય એમ નથી પણ તે જ્ઞાન સ્વભાવમાં જ સમાય છે. તેને કોઈ કર્મ વગેરેની ઉપાધિ નથી.

( ૩૦ ) આત્માને દ્રવ્યમાં, ગુણમાં ને પર્યાયમાં અનાદિ અનંત પ્રભુતા છે. અધૂરી દશા, કે વિકારી દશા કોઈ પરના કારણે થઈ નથી પણ પર્યાયની તે વખતની એક સમયની સ્વતંત્ર લાયકાતથી થઈ છે. વિકારી દશા, અધૂરી દશા, કે પૂરી દશા તે ત્રણેમાં પર્યાયની પ્રભુતા છે, ને તે દરેક વખતે દ્રવ્ય-ગુણની ત્રિકાળી પ્રભુતા છે. એકેક પર્યાયની પણ પ્રભુતા જે સ્વીકારે તેને દ્રવ્ય-ગુણ-પર્યાયની પૂર્ણતાની પ્રતીત આવ્યા વગર રહે નહિ એટલે તેનો પર્યાય ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તરફ જ ઢળ્યા વગર રહે નહિ. ત્રિકાળી-સ્વભાવના લક્ષે એકાગ્ર થતાં વિકલ્પ તૂટીને સ્વભાવની શ્રદ્ધા થયા વગર રહે નહિ.

( ૩૧ ) કેવળજ્ઞાનની જ્યોત અત્યંત નિયમિત છે. કેવળજ્ઞાન સાથે અનંત વીર્ય પ્રગટયું છે તેથી તે કેવળજ્ઞાન નિષ્કંપ એવું ને એવું રહે છે. દીવાની જ્યોત નિયમિત નથી હોતી પણ કંપાયમાન અને વધ-ઘટ થાય છે, પણ આ ચૈતન્યચમત્કાર કેવળજ્ઞાનની જ્યોત સાદિ અનંત નિશ્ચળ છે, તે વધ-ઘટ થતી નથી. સદાકાળ એક સાથે બધું જાણ્યા જ કરે છે. તે કેવળજ્ઞાન પર્યાયમાં અગુરુલઘુગુણથી છ પ્રકારની હાનિ-વૃદ્ધિ થાય છે છતાં પણ તે અત્યંત નિયમિત છે, તે દશામાં વધ-ઘટ થતી નથી. છદ્મસ્થ સંસારદશામાં તો ઘડીકમાં દાન વગેરે દેવાનો ઉત્સાહ આવે અને ઘેર જાય ત્યાં પાછો અનુત્સાહ થઈ જાય, પહેલાં કાંઈક જાણ્યું હોય ને પાછો ભૂલી જાય, પહેલાં ઓછું જ્ઞાન હોય ને પછી વધે-એમ ફેરફાર થયા કરે છે, તેથી તે અનિયમિત છે અને કેવળજ્ઞાન થતાં જ્ઞાનજ્યોત નિયમિત થઈ ગઈ છે.

( ૩૨ ) અત્યંત નિયમિત જ્યોત કહીને અહીં પર્યાયનું વીર્ય બતાવ્યું છે. પોતાના સ્વરૂપની એટલે કે સ્વભાવ સામર્થ્યની રચના કરે તે વીર્ય છે. એવી વીર્યશક્તિ આત્મામાં ત્રિકાળ છે. સમયસારમાં આત્માની ૪૭ શક્તિઓ વર્ણવી છે તેમાં આ છઠ્ઠી શક્તિ છે. આત્મા પરનું કરે એવું તો વીર્ય આત્મામાં કદી નથી. આત્મામાં અનંતવીર્ય પ્રગટે તોપણ તે પરમાં કાંઈ કરી શકતું નથી, વીર્ય તો પોતાના સ્વરૂપની રચના કરે એવું તેનું સામર્થ્ય છે. ખરેખર પુણ્ય-પાપરૂપ વિકારભાવને રચે-ઉત્પન્ન કરે-તેને પણ આત્માનું વીર્ય કહ્યું નથી, તે વિકારમાં અટકેલું એક સમય પૂરતું વીર્ય આત્માનું ત્રિકાળ સ્વરૂપ નથી. પોતાના સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્ય છે. આત્માનું સ્વરૂપ તો પુણ્ય-પાપ રહિત શુદ્ધ ચૈતન્યરૂપ છે. તે સ્વરૂપની સ્વભાવદશાની ઉત્પત્તિ ( રચના ) કરે તે વીર્ય છે, નિર્મળ પર્યાયને પ્રાપ્ત કરે તે વીર્યનું સામર્થ્ય છે. દયા, દાન કે હિંસા-ચોરી વગેરે વિકાર તો આત્માના સ્વરૂપથી વિરુદ્ધ લક્ષણવાળા છે, કૃત્રિમ છે, તે કોઈ ભાવો આત્માનું લક્ષણ નથી, તે વિકારીભાવોની રચના કરવાનો વીર્યનો સ્વભાવ નથી. એકેક સમયમાં વીર્યશક્તિ પોતાની તેમજ જ્ઞાન-દર્શન-ચારિત્ર-સુખ વગેરેની રચના કરે છે. વીર્યશક્તિ દરેક ગુણમાં વ્યાપક છે તેથી જ્ઞાનનું વીર્ય કેવળજ્ઞાનની રચના કરે છે, દર્શનનું વીર્ય કેવળદર્શનની રચના કરે છે, શ્રદ્ધાનું વીર્ય ક્ષાયક સમ્યક્ત્વની રચના કરે છે, એમ દરેક ગુણમાં પોતાની રચનાનું વીર્ય છે ને તે દરેકમાં વીર્ય શક્તિ નિમિત્ત છે. દરેક પર્યાય પોતાની સ્વતંત્રતાથી જ ટકી રહ્યો છે, એકેક પર્યાયની રચનાનું સ્વતંત્ર વીર્ય છે. એવી સ્વતંત્રતાથી આત્માની પ્રભુતા શોભે છે. એવી આત્માની પ્રભુતા ની જેને ઓળઆણ કરી તેને કેવળજ્ઞાન પ્રગટયા વિના રહે નહિ.

( ૩૩ ) શ્રી આચાર્યદેવ કહે છે કે એવું ચૈતન્યચમત્કારરૂપ કેવળજ્ઞાન જયવંત વર્તે છે; એટલે કે કેવળજ્ઞાન જ ઉપાદેય છે. કોઈ પૈસા, સ્ત્રી, પુત્ર, મકાન વગેરે ઉપાદેય

નથી, દેવ–શાસ્ત્ર–ગુરુ આ આત્માને ઉપાદેય નથી, રાગ કે પુણ્ય ઉપાદેય નથી, ને અધૂરી જ્ઞાનદશા પણ ઉપાદેય નથી; આ સર્વોત્કૃષ્ટ ચૈતન્યચમત્કાર સ્વભાવ છે તે જ ઉપાદેય છે, તેને શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રમાં અંગીકાર કરવો તે જ માંગળિક છે. તે એવું માંગળિક છે કે જેનાથી કેવળજ્ઞાન અને મુક્તિ થાય જ.

માંગળિક તો તેને કહેવાય કે જેનાથી આત્માની મુક્તિ થાય. અજ્ઞાની મૂઢ જીવો કહે છે કે 'અમને એવું માંગળિક સંભળાવો કે જેથી પૈસા મળે, રોગ ટળે, પુત્ર મળે. – એમ અજ્ઞાની જીવ બહારના પદાર્થોને માંગે છે. પણ એ કાંઈ માંગળિક નથી. અનંતવાર બહારના પદાર્થો મળ્યા. તે કાંઈ આત્માને મંગળનું કારણ નથી. અહીં એવા માંગળિકની વાત નથી પણ અહીં તો એવું માંગળિક સંભળાવાય છે કે જેનાથી આત્મા મોક્ષ પામે. અજ્ઞાની જીવ પૈસા, પુત્ર વગેરે એકેક વસ્તુ માગે છે પણ અહીં તો આત્માને કેવળજ્ઞાન થાય અને ત્રણલોકની બધી લક્ષ્મી જ્ઞાનમાં એક સાથે જણાઈ જાય તેવું માંગળિક છે. 'આત્માનું કેવળજ્ઞાન જયવંત વર્તે છે' એમ કહીને કેવળજ્ઞાનનો મહિમા કર્યો તે મંગળ છે, એ મંગળથી જ આખા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

(૩૪) 'આ' ચૈતન્ય ચમત્કાર જયવંત વર્તે છે–એમ અહીં આચાર્યદેવે કહ્યું છે. 'આ ચૈતન્યચમત્કાર' એમ કહેવામાં ચૈતન્યચમત્કારનું પ્રત્યક્ષપણું બતાવ્યું છે. આત્માનો ચૈતન્યચમત્કાર સ્વભાવ આચાર્યદેવને પોતાને પ્રત્યક્ષ અનુભવગોચર થયો છે, અને એ ચૈતન્ય સ્વભાવની જે રુચિ–પ્રતીતિ કરે તેને પણ તે પ્રત્યક્ષ થયા વગર રહે નહિ; આત્માનો સ્વભાવ પ્રત્યક્ષ અનુભવથી ગોચર છે. પર્યાય પોતાના સ્વભાવમાં એકાગ્ર થઈને તેને પ્રત્યક્ષ અનુભવગોચર કરે છે. જેમ ગાય ગોચરી કરે છે. તે કોઈ વસ્તુને બગાડયા વગર જ ગોચરી કરે છે, તેમ દ્રવ્ય–ગુણના અખંડ મહિમાને તોડયા વગર પર્યાય તેમાં ગોચરી કરે છે. પર્યાય દ્રવ્યની એકતાને તોડતો નથી પણ દ્રવ્યમાં એકતા કરે છે. દ્રવ્યમાંથી એવી ને એવી નિર્મળ પર્યાયો પ્રગટયા કરે છતાં દ્રવ્યનો મહિમા ખંડિત થતો નથી, દ્રવ્ય–ગુણની શક્તિ ઘટતી નથી. દ્રવ્યમાંથી પર્યાય પ્રગટે છે, તે પર્યાય દ્રવ્યનો અનુભવ કરે છે પણ તેના મહિમાને તોડતો નથી.

(૩૫) આત્માની પ્રભુતામાં અખંડ પ્રતાપ છે, ને તે સ્વતંત્રતાથી શોભાયમાન છે. આત્માની અખંડ પ્રભુતાના સ્વીકારમાં અખંડતાની જ ઉત્પત્તિ છે ને ખંડનો નાશ છે, સ્વતંત્રતાની ઉત્પત્તિ છે ને પરતંત્રતાનો નાશ છે, શોભાની ઉત્પત્તિ છે ને અશોભાનો નાશ છે. પૂર્ણતાની–પ્રભુતાની ઉત્પત્તિ છે ને પામરતા–અપૂર્ણતાનો નાશ છે. આમ, આત્માની પ્રભુતાનો મહિમા તે જ મહાન્ મંગળ છે.

(૩૬) દરેક આત્મા ચૈતન્યચમત્કારથી પરિપૂર્ણ ભગવાન છે; તેની પ્રતીત કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે તે આત્માની પ્રજા (–પરિણતિ) છે. ૬૦ વર્ષની ઉંમર થઈ હોય, ને પુત્ર ન હોય, ત્યાં અજ્ઞાની જીવ 'વારસો રાખનાર પુત્ર થાય' એવી ભાવના કરે છે ને પુત્રની ઇચ્છાથી મંગળ સાંભળે છે. તે તો મૂઢતા છે. અહીં જ્ઞાનીઓ એવું માંગળિક સંભળાવે છે કે જેનાથી કેવળજ્ઞાનરૂપી પ્રજા પ્રગટે. કેવળજ્ઞાન જ આત્માની સાચી પ્રજા છે, તે આત્માનો વારસો સાદિ અનંતકાળ ટકાવી રાખે છે. કેવળજ્ઞાનને અહીં ચૈતન્યચમત્કાર કહ્યો છે, તે સર્વોત્કૃષ્ટપણે જયવંત વર્તે છે.

(૩૭) કેવળી ભગવાન એક સમય માત્રના ભંગ વગર નિયમિતપણે સદાકાળ ચૈતન્યચમત્કારનો અનુભવ કરે છે. એવો આ પ્રત્યક્ષ અનુભવગોચર ચૈતન્યચમત્કાર સર્વોત્કૃષ્ટપણે જયવંત વર્તે છે. આમ ચૈતન્યસ્વભાવની પ્રભુતા બતાવીને, ચૈતન્યની સ્વતંત્રતા ને પરિપૂર્ણતાના વખાણ કર્યા તે મહાન માંગળિક છે.

આત્માની પ્રભુતા અને તેનો મહિમા
જ ય વં ત વ ર્તો.

## આજીવન બ્રહ્મચર્ય

કારતક સુદ ૧૨ તા. ૧૩–૧૧–૪૮ શનિવારના રોજ સાવરકુંડલાના ભાઈશ્રી જગજીવન બાઉચંદ દોશી (ઉ. વ. ૪૬) તથા તેમના ધર્મપત્ની શ્રી લક્ષ્મીબેન ઉર્ફે અંજવાળીબેન (ઉ. વ ૪૧) તેમણે સજોડે પરમ પૂજ્ય સદ્ગુરુદેવ પાસે આજીવન બ્રહ્મચર્ય અંગીકાર કર્યું છે. ભાઈશ્રી જગજીવનભાઈ એક આગેવાન પ્રતિષ્ઠિત ગૃહસ્થ છે. બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લીધા બાદ તેમણે પૂ. ગુરુદેવશ્રી પ્રત્યેનો ભક્તિભાવ અને પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

# સમ્યગ્દર્શનની રીત

( વીર સં. ૨૪૭૫ઃ કારતક સુદ ૧૩ રવિવાર તા. ૧૪–૧૧–૪૮ના રોજ શ્રી પ્રવચનસાર ગાથા ૮૦ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું વ્યાખ્યાન )

આ પ્રવચનસારની ૮૦મી ગાથા ચાલે છે આત્મામાં અનાદિકાળથી જે મિથ્યાત્વભાવ છે તે અધર્મ છે, તે મિથ્યાત્વ ભાવને ટાળીને સમ્યગ્દર્શન કેમ પ્રગટે, તેનો ઉપાય આ ગાથામાં વર્ણવ્યો છે. આ આત્માનો સ્વભાવ અરિહંત ભગવાન જેવો જ, પુણ્ય–પાપરહિત છે. આત્માના સ્વભાવને ચૂકીને જે પુણ્ય–પાપ થાય તેને પોતાનું સ્વરૂપ માનવું તે મિથ્યાત્વ છે. શરીર, મન, વાણી આત્માના તાબે છે ને તેમની ક્રિયા આત્મા કરી શકે છે એમ માનવું તે મિથ્યાત્વ છે; તથા આત્મા, શરીર, મન, વાણીને તાબે છે ને તેમની ક્રિયાથી આત્માને ધર્મ થાય છે એમ માનવું તે પણ મિથ્યાત્વ છે–ભ્રમ છે ને અનંત સંસારમાં રખડવાનું કારણ છે. તે મિથ્યાત્વનો નાશ કર્યા વગર ધર્મ થતો નથી. તે મિથ્યાત્વનો નાશ કેમ થાય તેનો ઉપાય અહીં બતાવે છે.

( ૨ ) જે કોઈ જીવ ભગવાન્ અરિહંતના આત્માને દ્રવ્ય–ગુણ–પર્યાયપણે બરાબર જાણે છે તે જીવ ખરેખર પોતાના આત્માને જાણે છે ને તેનો મિથ્યાત્વરૂપ ભ્રમ ચોક્કસ નાશ પામે છે અને શુદ્ધ સમ્યક્ત્વ પ્રગટે છે, –આ ધર્મનો ઉપાય છે. અરિહંતના આત્માનો કાયમી એકરૂપ રહેનાર સ્વભાવ કેવો છે, તેના જ્ઞાનાદિ ગુણો કેવા છે અને તેમને રાગરહિત કેવળજ્ઞાન પર્યાય કેવો છે, તેને જે જાણે તે જીવ અરિહંત જેવા પોતાના આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખીને પછી અભેદ આત્માની અંતરદ્રષ્ટિ કરીને મિથ્યાત્વને ટાળે ને સમ્યગ્દર્શન પ્રગટ કરે. –આ ૮૦ મી ગાથાનો ટૂંકો સાર છે.

( ૩ ) આજે માંગળિક પ્રસંગ છે ને ગાથા બરાબર અલૌકિક આવી છે. આ ગાથા ૮૦મી છે; ૮૦ એટલે આઠ અને શૂન્ય. આઠ કર્મનો અભાવ કરીને સિદ્ધદશા કેમ થાય, તેની આમાં વાત છે.

( ૪ ) અરિહંત ભગવાનનો આત્મા પણ પૂર્વે અજ્ઞાન દશામાં હતો ને સંસારમાં રખડતો હતો, પછી આત્માનું ભાન કરીને મોહનો ક્ષય કર્યો, ને અરિહંતદશા પ્રગટી. પહેલાં અજ્ઞાનદશામાં પણ તે જ આત્મા હતો ને અત્યારે અરિહંતદશામાં પણ તે જ આત્મા છે; એમ આત્મા ત્રિકાળ રહે છે તે દ્રવ્ય છે, આત્મામાં જ્ઞાનાદિ અનંતગુણો એક સાથે રહેલા છે તે ગુણ છે, અને અરિહંતને અનંત કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ અને અનંત વીર્ય પ્રગટયાં છે તે તેનો પર્યાય છે, તેમને રાગ–દ્વેષ કે અપૂર્ણતા જરાપણ રહ્યાં નથી. –આમ અરિહંત ભગવાનના દ્રવ્ય–ગુણ પર્યાયને જે જીવ જાણે. તે જીવ પોતાના આત્માને તેવો જ જાણે કેમ કે આ આત્મા પણ અરિહંતની જ જાતનો છે, જેવો અરિહંતના આત્માનો સ્વભાવ છે તેવો જ આ આત્માનો સ્વભાવ છે; નિશ્ચયથી તેમાં કાંઈ તફાવત નથી. તેથી પહેલાં અરિહંતના આત્માને જાણતાં અરિહંત જેવા પોતાના આત્માને પણ જીવ મનવડે–વિકલ્પથી જાણી લે છે, ને પછી અંતરમાં વળીને ગુણ–પર્યાયોથી અભેદરૂપ એક આત્મસ્વભાવને અનુભવે છે ત્યારે દ્રવ્ય–પર્યાયની એકતા થતાં તે જીવ ચિન્માત્રભાવને પામે છે, ત્યારે મોહનો કોઈ આશ્રય નહિ રહેવાથી તે અવશ્ય નાશ પામે છે ને જીવને સમ્યગ્દર્શન પ્રગટે છે; તે અપૂર્વ છે. સમ્યગ્દર્શન વગર ત્રણકાળમાં ધર્મ હોતો નથી.

( ૫ ) જેવો અરિહંત ભગવાનનો આત્મા છે તેવો જ આ આત્મા છે. તેમાં ચેતન તે દ્રવ્ય છે, ચેતન એટલે આત્મા, તે દ્રવ્ય છે. ચૈતન્ય તેનો ગુણ છે. ચૈતન્ય એટલે જ્ઞાન–દર્શન, તે આત્માનો ગુણ છે. અને તે ચૈતન્યની ગ્રંથિઓ એટલે જ્ઞાનદર્શનની અવસ્થાઓ–જ્ઞાનદર્શનનું પરિણમન તે આત્માના પર્યાયો છે. એ સિવાય કોઈ રાગાદિ ભાવો કે શરીર–મન–વાણીની ક્રિયાઓ તે ખરેખર ચૈતન્યનું પરિણમન નથી તેથી તે આત્માના પર્યાય નથી, આત્માનું સ્વરૂપ નથી. જે અજ્ઞાનીને અરિહંત જેવા પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયની ખબર નથી તે રાગાદિને અને શરીરાદિની ક્રિયાને પોતાનાં માને છે. ‘હું તો ચેતન દ્રવ્ય છું, મારામાં ચૈતન્ય ગુણ છે અને મારામાં ક્ષણે ક્ષણે ચૈતન્યની હાલત થાય છે–તે મારું સ્વરૂપ છે, એ સિવાય જે રાગાદિ ભાવો થાય છે તે મારું ખરું સ્વરૂપ નથી, ને જડની ક્રિયા તો મારામાં કદી નથી’ –એમ જે અરિહંત જેવા પોતાના આત્માને મનથી બરાબર જાણી લે છે તે જીવ આત્મસ્વભાવના આંગણે આવ્યો છે. અહીં તો, જે સ્વભાવના આંગણે આવ્યો તે જીવ સ્વભાવમાં જરૂર પ્રવેશ કરે છે–એવી જ શૈલી છે. આત્માના સ્વભાવની નિર્વિકલ્પ પ્રતીતિ ને અનુભવ તે સમ્યક્ત્વ છે, તે અપૂર્વ ધર્મ છે.

તે સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે જીવ પહેલાં તો પોતાના આત્માને મન વડે સમજી લે છે. –કેવો સમજે છે? મારો સ્વભાવ દ્રવ્ય–ગુણ–પર્યાયથી અરિહંત જેવો જ છે. જેવા અરિહંતના ત્રિકાળ દ્રવ્ય–ગુણ છે તેવા જ દ્રવ્યગુણ મારામાં છે. અરિહંતના પર્યાયમાં રાગ–દ્વેષ નથી, તેમ મારા પર્યાયમાં રાગ–દ્વેષ થાય તે મારું સ્વરૂપ નથી. એમ જેણે પોતાના આત્માને રાગ–દ્વેષરહિત પરિપૂર્ણ સ્વભાવવાળો નક્કી કર્યો તે જીવ સમ્યગ્દર્શન પ્રગટ થવાના આંગણે આવીને ઊભો છે. હજી અહીં સુધી મનના અવલંબનદ્વારા સ્વભાવ નક્કી કર્યો છે તેથી આંગણું કહ્યું છે. મનનું અવલંબન છોડીને સીધો સ્વભાવનો અનુભવ કરશે તે સાક્ષાત્ સમ્યગ્દર્શન છે. ભલે પહેલાં મનનું અવલંબન છે પણ નિર્ણયમાં તો 'અરિહંત જેવો મારો સ્વભાવ છે' એમ નક્કી કર્યું છે, 'હું રાગી–દ્વેષી છું, હું અધૂરો છું, હું શરીરની ક્રિયા કરું છું' –એમ નક્કી નથી કર્યું; માટે તેને સમ્યગ્દર્શનનું આંગણું કહ્યું.

( ૬ ) આ ગાથા ઘણી ઊંચી છે, આ એક ગાથામાં તો હજારો શાસ્ત્રોનો સાર આવી જાય છે. આજે એક સાથે છ બેનો બાળકુંવારા જાવજ્જીવપર્યંત બ્રહ્મચર્ય લે છે તે મંગળ પ્રસંગ છે, તેમના મંગળમાં આ મહા માંગળિક રૂપ ગાથા આવી છે. ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ થઈને કેવળજ્ઞાન લ્યે એવી આ ગાથામાં વાત છે. શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે તેમને ક્ષાયિક સમ્યગ્દર્શન છે, આ ગાથામાં કહ્યું તેમ અરિહંત જેવા પોતાના આત્માનું ભાન છે. ભરતચક્રવર્તીને છ ખંડનું રાજ હતું છતાં ક્ષાયિક સમ્યગ્દર્શન હતું, અરિહંત જેવા પોતાના આત્મસ્વભાવનું ભાન એક ક્ષણ પણ ચૂકતા ન હતા. એવું સમ્યગ્દર્શન કેમ પ્રગટે તેની આ વાત છે.

( ૭ ) અરિહંત જેવા પોતાના આત્માને પહેલાં તો જીવ મનવડે કળી લે છે. હું ચેતન જાણનાર દેખનાર છું, ને આ જાણવાનો પર્યાય થાય છે તે હું છું, જે રાગાદિ થાય છે તે મારા જ્ઞાનનું સ્વરૂપ નથી. –એમ સ્વસન્મુખ થઈને મન દ્વારા પોતાના આત્માને જેણે જાણ્યો તે જીવ આત્માના સમ્યગ્દર્શનના આંગણે આવ્યો છે. કોઈ બહારના પદાર્થથી આત્માને ઓળખવો તે અજ્ઞાન છે. લખપતિ કે કરોડપતિ આત્મા નથી, લક્ષ્મી તો જડ છે તેનો સ્વામી આત્મા નથી. આત્મા તો અનંતપતિ છે, પોતાના અનંતગુણોનો સ્વામી છે. ભગવાન અરિહંતને તેરમા ગુણસ્થાને જે કેવળજ્ઞાનાદિ દશા પ્રગટી તે બધું મારું સ્વરૂપ છે, ને ભગવાનને રાગ–દ્વેષ તથા અધૂરું જ્ઞાન ટળી ગયા તે આત્માનું સ્વરૂપ ન હતું તેથી જ ટળી ગયા, માટે તે રાગાદિ મારા સ્વરૂપમાં પણ નથી. મારા સ્વરૂપમાં રાગ–દ્વેષ–આસ્રવ નથી, અપૂર્ણતા નથી. આત્માની પૂર્ણ નિર્મળ રાગરહિત પરિણતિ તે જ મારા પર્યાયનું સ્વરૂપ છે, –આટલું સમજ્યો ત્યારે જીવ સમ્યગ્દર્શન માટે પાત્ર થયો છે. આટલું સમજનારને મોહ ભાવ મંદ પડી ગયો છે, –ને કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રની માન્યતા તો છૂટી જ ગઈ છે.

( ૮ ) ત્રણલોકના નાથ શ્રીતીર્થંકર ભગવાન કહે છે કે, મારો અને તારો આત્મા એક જ જાતનો છે, બંનેની એક જ નાત છે. જેવો મારો સ્વભાવ છે તેવો તારો સ્વભાવ છે. કેવળજ્ઞાનદશા પ્રગટી તે બહારથી પ્રગટી નથી પણ આત્મામાં શક્તિ છે તેમાંથી જ પ્રગટી છે. તારા આત્મામાં પણ તેવી જ પરિપૂર્ણ શક્તિ છે. અરિહંત જેવી પોતાના આત્માની શક્તિ છે તેને જે જીવ ઓળખે તેનો મોહ નાશ થયા વગર રહે નહિ.

જેમ મોરના નાના ઇંડામાં સાડાત્રણ હાથનો મોર થવાનો સ્વભાવ પડયો છે, તેથી તેમાંથી મોર થાય છે. મોર થવાની શક્તિ ઢેલમાંથી આવી નથી તેમ જ ઇંડાના ઉપલા ફોતરામાંથી પણ આવી નથી, પણ ઇંડાની અંદરના રસમાં તે શક્તિ છે. તેમ આત્મામાં કેવળજ્ઞાન પ્રગટવાની શક્તિ છે, તેમાંથી કેવળજ્ઞાન ખીલે છે. શરીર–મન–વાણી કે દેવ–ગુરુ–શાસ્ત્ર તો ( ઢેલની જેમ ) પરવસ્તુ છે, તેમાંથી કેવળજ્ઞાન પ્રગટવાની શક્તિ આવી નથી. અને પુણ્યપાપના ભાવો તે ઉપલા ફોતરાં જેવા છે, તેમાં કેવળજ્ઞાન થવાની તાકાત નથી. અરિહંત જેવો આત્માનો સ્વભાવ છે, તે શરીર–મન–વાણીથી તથા પુણ્ય–પાપથી રહિત છે, તે સ્વભાવમાં કેવળજ્ઞાન પ્રગટવાની તાકાત છે. જેમ મોટા મોટા ઝેરી સર્પોને ગળી જાય તેવો મોર થવાની શક્તિ ઇંડામાં છે, તેમ મિથ્યાત્વ વગેરેનો નાશ કરીને કેવળજ્ઞાન પામે તેવી શક્તિ દરેક આત્મામાં છે. ચેતન, દ્રવ્ય, ચૈતન્યગુણ અને જાણવા દેખવારૂપ પર્યાય–તેનો પિંડ આત્મા છે, તેનો સ્વભાવ મિથ્યાત્વને ટકાવવાનો નથી પણ મિથ્યાત્વને ગળી જવાનો–નષ્ટ કરવાનો તેનો સ્વભાવ છે. એવા સ્વભાવને ઓળખે તેને મિથ્યાત્વનો ક્ષય થયા વિના રહે નહિ. પરંતુ, જેમ 'ઇંડામાં મોર કેમ હોય? એવી શંકા કરીને ઇંડાને ખખડાવે તો તેનો રસ સૂકાઈ જાય છે ને મોર થતો નથી, તેમ આત્મા સ્વભાવ

સામર્થ્યનો વિશ્વાસ કરે નહિ અને 'અત્યારે આત્મા ભગવાન જેવો કેમ હોય ?' એમ સ્વભાવમાં શંકા કરે તો તેને સમ્યગ્દર્શન થતું નથી, ને મોહ ટળતો નથી. સમ્યગ્દર્શન વગર કદી ધર્મ થતો નથી.

( ૯ ) હવે મોરના નાના ઇંડામાં મોર થવાનો સ્વભાવ છે તે સ્વભાવ કઈ રીતે જણાય ? તે સ્વભાવ કોઈ ઇન્દ્રિયોથી જણાતો નથી. ઇંડાને ખખડાવે તો કાન દ્વારા ઈંડામાં મોર થવાનો સ્વભાવ છે તે જણાય નહિ, હાથના સ્પર્શથી પણ તેનો સ્વભાવ જણાય નહિ, આંખથી પણ તેનો સ્વભાવ દેખાય નહિ, નાકથી તેના સ્વભાવની ગંધ આવે નહિ ને જીભથી પણ ઇંડાનો સ્વભાવ જણાય નહિ. એ રીતે ઇંડામાં મોર થવાની તાકાત છે તે કોઈ ઇન્દ્રિયો દ્વારા જણાતી નથી, પણ જ્ઞાનથી જ જણાય છે. સ્વભાવને જાણવાનું જ્ઞાન નિરપેક્ષ છે, કોઈ ઇન્દ્રિયાદિની અપેક્ષા તેને નથી. કોઈ પણ વસ્તુનો સ્વભાવ અતીન્દ્રિય જ્ઞાનથી જ જણાય છે. તેમ આત્મામાં કેવળજ્ઞાન થવાનો સ્વભાવ છે; અધૂરી દશા છે ત્યારે પણ આત્મામાં કેવળ જ્ઞાન થવાનો સ્વભાવ પડયો છે. તે સ્વભાવ કાનથી, આંખથી, નાકથી, જીભથી કે સ્પર્શથી જણાતો નથી, મનદ્વારા કે રાગદ્વારા પણ ખરેખર તે સ્વભાવ જણાતો નથી. ઇન્દ્રિય અને મનનું અવલંબન છોડીને સ્વભાવ તરફ વળે તે અતીન્દ્રિયજ્ઞાનથી જ આત્મ સ્વભાવ જણાય છે. અહીં 'મન દ્વારા આત્માને કળી લે છે' એમ કહ્યું છે, ત્યાં સુધી હજી સમ્યગ્દર્શન થયું નથી, હજી તો રાગવાળું જ્ઞાન છે. મનનું અવલંબન છોડીને અભેદ સ્વભાવને સીધા જ્ઞાનથી લક્ષમાં લ્યે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન કેમ થાય તેની આ રીત છે.

( ૧૦ ) જેમ દીવાસળીના ટોપકામાં ભડકો થવાનો સ્વભાવ છે, –તે આંખ, કાન વગેરે કોઈ ઇન્દ્રિયોથી જણાતો નથી પણ જ્ઞાનદ્વારા જ જણાય છે. પહેલાં, દીવાસળીના ટોપકામાં ભડકો થવાની તાકાત છે–એમ તેના સ્વભાવનો વિશ્વાસ કરીને પછી તે ટોપકાવાળા ભાગને ઘસતાં ભડકો થાય છે. તેમ આત્મામાં કેવળજ્ઞાન પ્રગટે તેવો સ્વભાવ છે. તે સ્વભાવ કોઈ ઇન્દ્રિયો દ્વારા દેખાતો નથી, પણ અતીન્દ્રિય જ્ઞાનથી જ જણાય છે. પહેલાં પરિપૂર્ણ સ્વભાવનો વિશ્વાસ કરીને પછી તેમાં એકાગ્રતારૂપી ઘસારો કરતાં કેવળજ્ઞાનજ્યોત પ્રગટે છે. શરીર–મન–વાણી તો દીવાસળીના ખોખાં જેવાં છે, જેમ દીવાસળીના ખોખામાં ભડકો થવાની તાકાત નથી, તેમ તે શરીરાદિમાં કેવળજ્ઞાન થવાની તાકાત નથી; અને પૂજા–ભક્તિ આદિ પુણ્ય–ભાવ કે હિંસા–ચોરી આદિ પાપભાવ તે દીવાસળીના પાછલા ભાગ જેવા છે. જેમ દીવાસળીમાં ટોપકા વગરના પાછલા ભાગમાં ભડકો થવાની તાકાત નથી તેમ તે પુણ્ય–પાપમાંથી સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થવાની તાકાત નથી. તો તે તાકાત શેમાં છે ? સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્ર ને કેવળજ્ઞાન થવાની તાકાત તો ચૈતન્ય સ્વભાવમાં છે; પહેલાં તે સ્વભાવની પ્રતીત કરતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે, ને પછી તેમાં એકાગ્રતા કરતાં સમ્યક્ચારિત્ર અને કેવળજ્ઞાન થાય છે, એ સિવાય બીજી રીતે ધર્મ થતો નથી. સ્વભાવની પ્રતીત કરે નહિ ને પુણ્ય–પાપને ઘસ્યા કરે, પૂજા–ભક્તિ–વ્રતમાં શુભરાગ કર્યા કરે તેથી સમ્યગ્દર્શનાદિ ધર્મ થતો નથી; તેમજ ઉપવાસાદિ કરી કરીને શરીર–મન–વાણીને ઘસ્યા કરે તેથી પણ કાંઇ ધર્મ થતો નથી, પણ તે શરીર, મન, વાણી અને પુણ્ય–પાપ સિવાયનો ત્રિકાળી ચૈતન્ય રૂપ આત્મસ્વભાવ છે, તેની પ્રતીતિ અને અનુભવ કરે તો સમ્યગ્દર્શનરૂપ પહેલો ધર્મ થાય, અને પછી તેમાં એકાગ્રતા કરતાં સમ્યક્ ચારિત્રરૂપ ધર્મ થાય. સમ્યગ્દર્શન વગર ગમે તેટલા શાસ્ત્રોનો અભ્યાસ કરી જાય. વ્રત–ઉપવાસ કરે, પડિમા લ્યે, પૂજા–ભક્તિ કરે કે દ્રવ્યલિંગી મુનિ થાય–ગમે તેટલું કરે તોપણ તે ધર્મ ન ગણાય, અને તે કરતાં કરતાં ધર્મ થાય નહિ. સમ્યગ્દર્શન થયા પહેલાં પણ અરિહંત ભગવાનના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે અને તેના જેવો પોતાનો આત્મા છે એમ મનથી નક્કી કરીને તેના અનુભવનો અભ્યાસ કરે તો તેને ધર્મ સન્મુખ કહેવાય, તે જીવ ધર્મના આંગણે આવ્યો છે.

( ૧૧ ) અરિહંત જેવો પોતાનો આત્મા છે–એમ જ્યાં મનથી જાણ્યું ત્યાં જ પર તરફની એકાગ્રતાની કે પુણ્યથી આત્માને લાભ થાય એ માન્યતા ટળી ગઈ. શરીર–મન–વાણીની ક્રિયા તો આત્માથી જાુદી છે અને રાગ–દ્વેષના ભાવો થાય છે તે અરિહંત ભગવાનની અવસ્થામાં નથી માટે ખરેખર તે રાગ–દ્વેષના ભાવો આ આત્માની અવસ્થા નથી. કોઈ પણ પુણ્ય–પાપના ભાવથી સમ્યગ્દર્શન–જ્ઞાનચારિત્ર કે કેવળજ્ઞાન થતું નથી. – પહેલાં મનદ્વારા ત્રિકાળી આત્માને જાણ્યો ત્યાં આટલું તો નક્કી થયું. પહેલાં મનથી તો આખા આત્મ સ્વભાવને જાણી લીધો, 'આવા આત્માની પ્રતીતિ અને અનુભવ કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. ને તેમાં એકાગ્ર થવાથી જ

કેવળજ્ઞાન થાય છે’ એમ નક્કી કરી લીધું; એટલે હવે તે સ્વભાવ તરફ વળવાનું જ રહ્યું. તે જીવ સ્વભાવ તરફ વળીને મોહનો ક્ષય કઈ રીતે કરે છે તે વાત હારનું દ્રષ્ટાંત આપીને આચાર્ય ભગવાન બહુ જ સ્પષ્ટ સમજાવશે.

( ૧૨ ) સ્વભાવ તરફ વલણ કરીને મોહનો ક્ષય કરવાની ને સમ્યગ્દર્શન પ્રગટ કરવાની આ રીત છે. સમ્યગ્દર્શન પ્રગટાવવા માટેનો આ અલૌકિક અધિકાર છે. ઘણો ઊંચો અને અપૂર્વ અધિકાર આવ્યો છે. આ અધિકાર સમજીને યાદ રાખવા જેવો છે ને અંદર આત્મામાં વાગોળવા જેવો છે પોતાના અંતર સ્વભાવમાં એકાગ્રતાથી જ સમ્યગ્દર્શન ને સમ્યક્ચારિત્ર પ્રગટે છે.

( ૧૩ ) જેણે અરિહંત જેવા પોતાના આત્માને મનવડે જાણી લીધો તે જીવ સ્વભાવના આંગણે આવ્યો છે. પરંતુ આંગણે આવ્યા પછી હવે સ્વભાવનો અનુભવ કરવામાં અનંતો અપૂર્વ પુરુષાર્થ છે. આંગણે આવીને જો વિકલ્પમાં જ અટકી રહે તો અનુભવ થાય નહિ. જેમ મોટા રાજા–મહારાજાના મહેલના આંગણા સુધી આવ્યા પછી મહેલમાં દાખલ થવા માટે હિંમત જોઈએ, તેમ આ ચૈતન્ય ભગવાનના આંગણે આવ્યા પછી–એટલે કે મનવડે આત્મસ્વભાવને જાણ્યા પછી–ચૈતન્યસ્વભાવની અંદર ઢળીને અનુભવ કરવા માટે અનંત પુરુષાર્થ હોય તે જ ચૈતન્યમાં ઢળીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે, ને બીજા જે જીવો શુભ વિકલ્પમાં અટકી જાય છે તેઓ પુણ્યમાં અટકી જાય છે, તેમને ધર્મ થતો નથી. પરંતુ અહીં તો આંગણે અટકવાની વાત જ નથી; જે જીવ સ્વભાવના આંગણે આવ્યો તે જીવ સ્વભાવમાં વળીને અનુભવ કરે જ–એવી અપ્રતિહતપણાની જ વાત લીધી છે. આંગણે આવીને પાછો ફરે એવી વાત જ અહીં નથી લીધી.

( ૧૪ ) પહેલાં મન દ્વારા અરિહંત જેવા પોતાના આત્મ સ્વભાવને જાણ્યા પછી હવે અંતર સ્વભાવમાં વળીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે, તેની વાત જણાવે છે. હવે અંતરમાં ઢળવાની વાત છે. બહારમાં અરિહંત ભગવાનનું તો લક્ષ છોડયું ને પોતામાં પણ દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદનું લક્ષ છોડીને અંતરના અભેદ સ્વભાવમાં જાય છે. પહેલાં અરિહંત જેવા પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણ્યા તે ભૂમિકા થઈ. હવે તે ભૂમિકા વટાવીને અંતરમાં અનુભવ કરવાની વાત છે. માટે બરાબર ધ્યાન રાખીને સમજવું.

( ૧૫ ) અહીં મોતીના હારનું દ્રષ્ટાંત આપીને સમજાવે છેઃ જેમ હાર ખરીદનાર પહેલાં તો હાર, તેની સફેદતા ને તેના મોતી એ ત્રણેને જાણે છે, પણ પછી હાર પહેરે ત્યારે મોતી અને સફેદતાનું લક્ષ હોતું નથી. એકલા હારને જ લક્ષમાં લે છે. અહીં હારને દ્રવ્યની ઉપમા છે, સફેદતાને ગુણની ઉપમા છે ને મોતીને પર્યાયની ઉપમા છે. મોહનો ક્ષય કરનાર જીવ, પહેલાં તો અરિહંત જેવા પોતાના આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે છે, પણ જ્યાં સુધી એ ત્રણ ઉપર લક્ષ રહે છે ત્યાં સુધી રાગ રહે છે ને અભેદ આત્માનો અનુભવ થતો નથી; તેથી દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણી લીધા પછી, હવે ગુણ અને પર્યાયોને દ્રવ્યમાં જ સંકેલીને અભેદ આત્માનો અનુભવ કરે છે, તેની વાત કરે છે. અહીં પહેલાં પર્યાયને દ્રવ્યમાં લીન કરવાની અને પછી ગુણને દ્રવ્યમાં લીન કરવાની વાત કરી છે, ગુણને અને પર્યાયને દ્રવ્યમાં જોડવાની વાત ક્રમથી કરી છે, કહેવામાં તો ક્રમથી જ કહેવાય, પણ ખરેખર ગુણ અને પર્યાય બંનેનું લક્ષ એક સાથે જ છૂટી જાય છે; જ્યાં અભેદ દ્રવ્યને લક્ષમાં લીધું ત્યાં ગુણ અને પર્યાય બંનેનું લક્ષ એક સાથે જ ટળી ગયું ને એકલા આત્માનો અનુભવ રહ્યો. મોતીનું લક્ષ છોડીને હારને લક્ષમાં લીધો ત્યાં એકલો હાર જ લક્ષમાં રહ્યો. સફેદતાનું લક્ષ પણ ન રહ્યું. તેમ પર્યાયનું લક્ષ છોડીને જ્યાં દ્રવ્યને લક્ષમાં લઈને એકાગ્ર થયો ત્યાં ગુણનું લક્ષ પણ સાથે જ ટળી ગયું. ગુણ–પર્યાય બંને ગૌણ થઈ ગયા ને એક દ્રવ્યનો અનુભવ રહ્યો. આ પ્રમાણે દ્રવ્ય ઉપર લક્ષ કરીને આત્માનો અનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન છે.

( ૧૬ ) સમ્યગ્દર્શન વગર ધર્મ હોતો નથી, તેથી અહીં પહેલાં જ સમ્યગ્દર્શનની રીત બતાવી છે. પુણ્ય–પાપ થાય તે નિષેધ કરવા માટે જાણવા યોગ્ય છે, પણ સમ્યગ્દર્શનની રીતમાં પુણ્ય કે પાપ નથી. અહીં દ્રષ્ટાંતમાં ઝૂલતો હાર લીધો છે, તેમ સિદ્ધાંતમાં પરિણમતું દ્રવ્ય બતાવવું છે. દ્રવ્યનું પરિણમન થઈને પર્યાય આવે છે, તે પર્યાયોને ત્રિકાળી પરિણમતા દ્રવ્યમાં જ લીન કરીને, અને ગુણના ભેદનો વિચાર છોડીને દ્રવ્યમાં ઢળે છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે.

પર્યાયોને દ્રવ્યમાં અભેદ કર્યા અને ‘જ્ઞાન તે આત્મા’ એવા ગુણ–ગુણીના ભેદની વાસનાનો પણ લોપ કર્યો, ત્યાં વિકલ્પ ન રહ્યો, એટલે ધોળાશને જુદી લક્ષમાં ન

લેતાં તેને હારમાં જ સમાવીને જેમ હારને લક્ષમાં લે છે તેમ જ્ઞાન અને આત્મા એવા બે ભેદને લક્ષમાં ન લેતાં એક આત્મદ્રવ્યને જ લક્ષમાં લે છે, ચૈતન્યને ચેતનમાં જ સ્થાપીને એકાગ્ર થાય છે ત્યાં જ સમ્યગ્દર્શન થાય છે, ને મોહ ક્ષય પામે છે.

( ૧૭ ) જુઓ ભાઈ, આ જ આત્માના હિતની વાત છે. આ સમજણ પૂર્વે અનંત કાળમાં એક સેકન્ડ પણ નથી કરી. એક સેકન્ડ પણ આવી સમજણ કરે તેને ભવ રહે નહિ. આ સમજ્યા સિવાય લાખો ને કરોડો રૂપિયા ભેગા થાય તેમાં આત્માને કાંઈ લાભ નથી. આત્માનું લક્ષ કર્યા વગર આત્માના અનુભવની લાખેણી ઘડીનો લાભ નહિ મળે. જેણે આવા આત્માનો નિર્ણય કર્યો, પછી તેને આહાર, વિહારાદિ હોય ને પુણ્ય-પાપનાં પરિણામ પણ થતા હોય છતાં આત્માનું લક્ષ છૂટતું નથી, આત્માનો નિર્ણય કર્યો છે તે કોઈ પ્રસંગે ખસતો નથી. એટલે તેને ક્ષણે ક્ષણે ધર્મ થયા કરે છે.

( ૧૮ ) પોતે સાચું સમજે ત્યાં ખોટું એની મેળે ટળી જાય છે, તેને માટે પ્રતિજ્ઞા કરવી પડતી નથી. કોઈ કહે છે કે અગ્નિ ઉષ્ણ છે એમ મેં જાણ્યું, હવે મને 'અગ્નિ ઠંડો છે' એમ ન માનવાની પ્રતિજ્ઞા આપો. પણ તેમાં પ્રતિજ્ઞા શું? અગ્નિનો સ્વભાવ ઉષ્ણ છે એમ જાણ્યું ત્યાં જ તેને ઠંડો ન માનવાની પ્રતિજ્ઞા થઈ જ ગઈ. તેવી જ રીતે 'સાકર કડવી છે' એમ ન માનવાની પ્રતિજ્ઞા આપો-એમ કોઈ કહે, તો એવી પ્રતિજ્ઞા હોય નહિ. સાકરનો ગળ્યો સ્વભાવ નક્કી કર્યો ત્યાં તે પ્રતિજ્ઞા સ્વયમેવ થઈ જ ગઈ. તેમ આત્મસ્વભાવને જેણે જાણ્યો તેને ખોટાની માન્યતા તો ટળી જ ગઈ. સ્વભાવને જાણ્યો ત્યાં 'ખોટું ન માનવાની પ્રતિજ્ઞા' તેમાં આવી જ ગઈ. સાચું જ્ઞાન થયું તે પોતે જ ખોટું ન માનવાની પ્રતિજ્ઞાવાળું છે. 'ખોટાને ન માનવું' એવી પ્રતિજ્ઞા માંગે, તો તેનો અર્થ એ થયો કે હજી તેને ખોટાની માન્યતા ઊભી છે, ને સાચાનો નિર્ણય થયો નથી. આત્માના ગુણ પર્યાયને અભેદ દ્રવ્યમાં જ પરિણમાવીને જેણે અભેદ આત્માનો નિર્ણય કર્યો તેને અભેદ આત્મસ્વભાવની પ્રતીતિરૂપ પ્રતિજ્ઞા થઈ, ત્યાં તેનાથી ઊંધી માન્યતાઓ ટળી જ ગઈ, એટલે ઊંધી માન્યતા ન કરવાની પ્રતિજ્ઞા થઈ ગઈ. તે જ પ્રમાણે જેણે ચારિત્ર પ્રગટ કર્યું તેને અચારિત્ર ન કરવાની પ્રતિજ્ઞા થઈ જ ગઈ.

( ૧૯ ) આ ગાથામાં અરિહંત જેવા આત્માને જાણવાની વાત કરી, તેમાં એટલું તો આવી ગયું કે પાત્ર જીવને અરિહંતદેવ સિવાય સર્વે કુદેવાદિની માન્યતા તો છૂટી જ ગઈ છે. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને ત્યાં અટકતો નથી પણ પોતાના આત્મા તરફ વળે છે. દ્રવ્ય, ગુણ, ને પર્યાયથી પરિપૂર્ણ મારું સ્વરૂપ છે, રાગ-દ્વેષ મારું સ્વરૂપ નથી-એમ નક્કી કરીને, પછી પર્યાયનું લક્ષ છોડીને અને ગુણભેદનું લક્ષ પણ છોડીને અભેદ આત્માને લક્ષમાં લ્યે છે ત્યારે એકલા ચિન્માત્ર સ્વભાવનો અનુભવ થાય છે, તે જ વખતે સમ્યગ્દર્શન થાય છે, ને મોહનો ક્ષય થઈ જાય છે.

( ૨૦ ) આત્મા અનંત ગુણનો પિંડ તે હાર છે, તેનો ચૈતન્યગુણ તે ધોળાશ છે, અને તેના એકેક સમયના ચૈતન્યપર્યાયો તે મોતી છે. આત્માનો અનુભવ કરવા માટે, પહેલાં તો તે દ્રવ્ય, ગુણ, પર્યાયનો જુદો જુદો વિચાર કરે છે; પર્યાયમાં રાગ-દ્વેષ થાય તે મારું સ્વરૂપ નથી, કેમ કે અરિહંતના પર્યાયમાં રાગ-દ્વેષ નથી. રાગરહિત કેવળજ્ઞાન પર્યાય મારું સ્વરૂપ છે; તે પર્યાય કયાંથી આવે છે? ત્રિકાળી ચૈતન્ય ગુણ છે તેમાંથી તે પર્યાય પ્રગટે છે. અને એવા જ્ઞાન-દર્શન, સુખ, અસ્તિત્વ વગેરે અનંત ગુણનો એકરૂપપિંડ તે આત્મદ્રવ્ય છે. -આમ જાણ્યા પછી ભેદનું લક્ષ છોડીને અભેદ આત્માને લક્ષમાં લઈને એક આત્માને જ જાણતાં વિકલ્પરહિત નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે, તે જ નિર્વિકલ્પ આત્મસમાધિ છે, તે જ આત્મ સાક્ષાત્કાર છે. તે જ સ્વાનુભવ છે, તે જ ભગવાનના દર્શન છે, તે જ સમ્યગ્દર્શન છે. જે કહો તે એ જ છે. એ જ ધર્મ છે. જેમ દોરો પરોવેલી સોય ખોવાતી નથી, તેમ આત્મામાં જો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પરોવી લ્યે તો તે આત્મા સંસારમાં ભ્રમણ કરે નહિ.

( ૨૧ ) પહેલાં અરિહંત જેવા પોતાના દ્રવ્ય-ગુણ પર્યાયને જાણીને અરિહંતનું લક્ષ છોડીને પોતાના આત્મા તરફ વળ્યો; હવે અંતરમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના વિકલ્પ છોડીને એક ચેતનસ્વભાવને લક્ષમાં લઈને એકાગ્ર થતાં આત્મામાં મોહક્ષય માટેની કેવી ક્રિયા થાય છે, તે કહે છે. ગુણ-પર્યાયને દ્રવ્યમાં જ અભેદ કરીને અંતરમાં વળ્યો ત્યાં ઉત્તરોત્તર ક્ષણે કર્તા-કર્મ-ક્રિયાના ભેદનો ક્ષય થતો જાય છે અને જીવ નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને

પામે છે. અંતરમાં વળ્યો ત્યાં 'હું કર્તા છું, ને આત્માની શ્રદ્ધા કરવા તરફ વળું છું' એવા ભેદનો વિકલ્પ રહેતો નથી. 'હું કર્તા છું ને પર્યાય કર્મ છે, પુણ્ય–પાપનો કર્તા નથી ને સ્વભાવપર્યાયનો કર્તા છું. પર્યાયને અંતરમાં એકાગ્ર કરવાની ક્રિયા કરું છું, મારો પર્યાય અંતરમાં એકાગ્ર થતો જાય છે' –એવા પ્રકારે કર્તા, કર્મ અને ક્રિયાની વહેંચણીના વિકલ્પો નાશ થઈ જાય છે. વિકલ્પરૂપ ક્રિયા રહેતી નથી માટે તે જીવ નિષ્ક્રિય ચિન્માત્ર–ભાવને પામે છે. 'જે પર્યાય દ્રવ્યમાં વળીને એકાગ્ર થયો તે પર્યાયને મેં વાળ્યો' –એવો કર્તા–કર્મના વિભાગનો વિકલ્પ અનુભવ વખતે હોતો નથી, એકલા ચિન્માત્રભાવ આત્માનો અનુભવ રહી જાય છે, તે જ ક્ષણે મોહ નિરાશ્રય થયો થકો નાશ પામે છે; આ જ અપૂર્વ સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શન થાય ત્યારે 'હું પર્યાયને અંતરમાં વાળું છું' એવો વિકલ્પ હોતો નથી. 'હું પર્યાયને દ્રવ્યમાં વાળું અથવા આ વર્તમાન અંશને ત્રિકાળમાં અભેદ કરું' એવો વિકલ્પ રહે તો પર્યાયદ્રષ્ટિનો રાગ થાય છે ને અભેદ દ્રવ્ય પ્રતીતમાં આવતું નથી. અભેદ સ્વભાવ તરફ ઢળતાં તે વિકલ્પનો ક્ષય થઈ જાય છે, અને આત્માનો નિર્વિકલ્પ અનુભવ થાય છે આવો અનુભવ થયો ત્યારે સમ્યગ્દ્રષ્ટિ થયો, જૈનધર્મી થયો. એ સિવાય ખરેખર જૈનધર્મી કહેવાય નહિ.

સમ્યગ્દ્રષ્ટિ એટલે કે પહેલામાં પહેલો જૈન કેમ થવાય તેની આ રીત કહેવાય છે. આત્મા પરનાં કામ કરે એમ માને તે તો સ્થૂળ મિથ્યાદ્રષ્ટિ અજૈન છે. પુણ્ય–પાપના ભાવ થાય તેને આત્માનું કર્તવ્ય માને તો તે પણ મિથ્યાદ્રષ્ટિ છે, તેને જૈનધર્મ નથી; અને 'અંતરમાં નિર્મળ પર્યાય થાય તેને હું કરું છું' એમ આત્મામાં કર્તા–કર્મના ભેદના વિકલ્પમાં રોકાઈ રહે તોપણ મિથ્યાત્વ ટળતું નથી. 'મારો પર્યાય અંતર તરફ વળે છે. પહેલાં પર્યાય કરતાં બીજા પર્યાયમાં અંતરની એકાગ્રતા વધતી જાય છે' –એમ કર્તા–કર્મ ને ક્રિયાના ભેદનું લક્ષ રહે તે વિકલ્પની ક્રિયા છે, અંતર સ્વભાવમાં વળતાં તે વિકલ્પની ક્રિયાનો ક્ષય થતો જાય છે અને આત્મા નિષ્ક્રિય (એટલે કે વિકલ્પની ક્રિયા રહિત) ચિન્માત્રભાવને પામે છે; એટલે તે જીવ સમ્યગ્દ્રષ્ટિ થયો, ધર્મી થયો; જૈન થયો. પછી અસ્થિરતાના કારણે તેને જે રાગ–દ્વેષના વિકલ્પ ઊઠે તેમાં એકતાબુદ્ધિ થતી નથી, ને સ્વભાવની દ્રષ્ટિ ટળતી નથી, તેથી સમ્યગ્દર્શન–ધર્મ ટકી રહે છે.

(૨૨) આ અપૂર્વ વાત છે. જેમ વેપાર–ધંધામાં વ્યાજ વગેરે ગણવામાં ધ્યાન રાખે છે તેમ અહીં આત્માની રુચિ કરીને બરાબર ધ્યાન રાખવું જોઈએ, અંતરમાં મેળવણી કરવી જોઈએ. બરાબર માંગળિક ટાણે અપૂર્વ વાત આવી છે. આ કાંઈક અપૂર્વ વાત છે, સમજવા જેવી છે–એમ રુચિ લાવીને ૬૦ મિનિટ બરાબર લક્ષ રાખીને સાંભળે તોય બીજા કરતાં જુદી જાતના મહાન્ પુણ્ય થઈ જાય. અને જો આત્માનું લક્ષ રાખીને અંતરમાં સમજે તો તો અનંતકાળે નહિ મળેલો એવો અપૂર્વ સમ્યગ્દર્શનનો લાભ થાય. આ વાત સાંભળવા મળવી પણ મોંઘી છે.

(૨૩) 'મારી પર્યાયને હું અંતરમાં વાળું છું, પર્યાયની ક્રિયામાં ફેરફાર થતો જાય છે, નિર્મળતા વધતી જાય છે' એવો વિકલ્પ રહે તે રાગ છે. અંતરસ્વભાવમાં વળતા ઉત્તરોત્તર ક્ષણે તે વિકલ્પ નાશ પામતો જાય છે; જ્યાં આત્માના લક્ષે એકાગ્ર થવા માંડે છે ત્યાં ભેદના વિકલ્પની ક્રિયાનો ક્ષય થઈ જાય છે અને જીવ નિષ્ક્રિય ચિન્માત્ર સ્વભાવને અનુભવે છે. આવી સમ્યગ્દર્શનની અંતરક્રિયા છે, તે જ ધર્મની પહેલી ક્રિયા છે. આત્મામાં નિર્મળ પર્યાય પ્રગટે છે તે પોતે ધર્મક્રિયા છે, પણ 'હું નિર્મળ પર્યાય પ્રગટ કરું, અભેદ આત્મામાં પર્યાયને વાળું' –એવો ભેદનો વિકલ્પ તે રાગ છે, તે ધર્મની ક્રિયા નથી; અનુભવ સમયે તે વિકલ્પની ક્રિયાનો અભાવ છે તેથી 'નિષ્ક્રિય ચિન્માત્રભાવને પામે છે' એમ કહ્યું છે. નિષ્ક્રિય ચિન્માત્ર ભાવની પ્રાપ્તિ તે જ સમ્યગ્દર્શન છે.

(૨૪) જાણનાર–દેખનાર તે હું, રાગની ક્રિયા હું નહિ–એમ પહેલાં દ્રવ્ય–ગુણ–પર્યાયનું સ્વરૂપ નક્કી કરતાં રાગ હતો, પણ દ્રવ્ય–ગુણ–પર્યાયનું સ્વરૂપ જાણીને અભેદ સ્વભાવમાં ઢળવાનું જ પહેલેથી લક્ષ હતું. દ્રવ્ય–ગુણ પર્યાયને ઓળખ્યા પછી પણ જ્યાંસુધી ભેદનું લક્ષ રહે ત્યાંસુધી સમ્યગ્દર્શન ન થાય, અભેદ સ્વભાવમાં ઢળતાં ભેદનું લક્ષ છૂટી જાય છે. અને સમ્યગ્દર્શન થાય છે. પહેલાં દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણ્યા તે કરતાં આમાં અનંતગણો પુરુષાર્થ છે, આ અંતરના સ્વભાવની ક્રિયા છે, આમાં અપૂર્વ સ્વભાવનો પુરુષાર્થ છે. સ્વભાવના અનંત પુરુષાર્થ વગર જો તરી જવાતું હોય તો તો બધા જીવો મોક્ષમાં ચાલ્યા જાત! પુરુષાર્થ વગર આ સમજાય તેમ નથી.

સ્વભાવની રુચિપૂર્વક અનંતો પુરુષાર્થ માગે છે. આ સમજવા માટે ધીરજથી અભ્યાસ કરવો જોઈએ.

( ૨૫ ) પહેલાં અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે તે જીવ પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે, અને પછી અંતરમાં પોતાના અભેદ સ્વભાવ તરફ વળીને આત્માને જાણતાં તેનો મોહ ક્ષય થઈ જાય છે. 'હું અંદર ઢળું છું માટે હમણાં કાર્ય પ્રગટ થશે' એવા વિકલ્પ પણ છોડીને ક્રમે ક્રમે સહજ સ્વભાવમાં ઢળતો જાય છે, ત્યાં મોહ નિરાશ્રય થઈને નાશ પામી જાય છે.

( ૨૬ ) આ ૮૦ મી ગાથામાં ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવે સમ્યગ્દર્શનનો અપૂર્વ ઉપાય બતાવ્યો છે. જે આત્મા અરિહંત ભગવાનના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે તેને પોતાના આત્માની ખબર પડે કે હું પણ અરિહંતની જાતનો છું, અરિહંતોની પંક્તિમાં બેસું તેવો મારો સ્વભાવ છે. એમ નક્કી કર્યા પછી પર્યાયમાં જે કચાશ છે તે ટાળીને અરિહંત જેવી પૂર્ણતા કરવા માટે પોતાના આત્મસ્વભાવમાં જ એકાગ્ર થવાનું રહ્યું. એટલે તે જીવ પોતાના આત્મા તરફ વળવાની ક્રિયા કરે છે ને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. તે સમ્યગ્દર્શન માટેની ક્રિયાનું આ વર્ણન છે. આ ધર્મની પહેલામાં પહેલી ક્રિયા છે. નાનામાં નાનો જૈન ધર્મી એટલે કે અવિરત સમ્યગ્દૃષ્ટિ થવાની આ વાત છે. આ સમજ્યા વગર કોઈ જીવને છઠ્ઠા–સાતમા ગુણસ્થાનની મુનિદશા, કે પાંચમા ગુણસ્થાનની શ્રાવકદશા હોય જ નહિ; તેમ જ પંચ મહાવ્રત, વ્રત, પડિમા, ત્યાગ કાંઈ પણ સાચું હોય નહિ. મુનિ કે શ્રાવક થયા પહેલાંના સમ્યગ્દર્શન ધર્મની આ વાત છે. વસ્તુ સ્વરૂપ શું છે તે સમજ્યા વગર ઉતાવળા થઈને બાહ્ય ત્યાગ કરવા માંડે તેથી કાંઈ ધર્મ થાય નહિ. ભરત ચક્રવર્તીને છ ખંડનું રાજ્ય હતું, તેમને અબજો વર્ષો સુધી રાજપાટમાં રહેવા છતાં આવી દશા હતી. જેણે આત્મસ્વભાવનું ભાન કર્યું તેને તે ભાન સદાય રહ્યા કરે છે, ખાતાં–પીતાં કયારેય આત્માનું ભાન ભૂલાય નહિ ને સદાય આવું ભાન રહ્યા કરે–એ જ સદાય કરવાનું છે. આવું ભાન થયા પછી તે ગોખવું ન પડે. જેમ હજારો માણસોના ઢેઢીયા મેળામાં વાણિયો જઈ ચડે ને હજારો ઢેઢની વચમાં ઊભો હોય તોપણ 'હું વાણિયો છું' એ વાત તે ભૂલે નહિ, તેમ ધર્મી જીવ ઢેઢીયા મેળાની જેમ અનેક પ્રકારના રાજપાટ, વેપારધંધા વગેરે સંયોગમાં ઊભેલા દેખાય ને પુણ્ય–પાપ થતા હોય છતાં કયારે ય ઊંઘમાં પણ ચૈતન્યનું ભાન ભૂલતા નથી. પાથરણું પાથરીને બેસે ત્યારે ધર્મ થાય–એમ નથી, પણ આ સમ્યગ્દર્શનરૂપ ધર્મ ચોવીસે કલાક રહ્યા કરે છે.

( ૨૭ ) આ વાત અંતરમાં પકડવા જેવી છે. રુચિપૂર્વક ધીમાશથી પરિચય કરે તો આ વાત પકડાય તેમ છે, પોતાની માનેલી બધી પક્કડ મૂકીને સત્સમાગમે પરિચય કર્યા વગર ઉતાવળથી આ વાત પકડાય તેમ નથી. પહેલાં સત્સમાગમે શ્રવણ, ગ્રહણ ને ધારણા કરીને, શાંતિથી અંતરમાં વિચારવું જોઈએ. આ તો એકલા અંતરના વિચારનું કાર્ય છે. પણ સત્સમાગમે શ્રવણ–ગ્રહણ ને ધારણા જ ન કરે તો પછી વિચારીને અંતરમાં અપૂર્વ હોંશથી આત્માની દરકારપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. પૈસામાં સુખ નથી છતાં પૈસા મળવાની વાત કેવી હોંશથી સાંભળે છે! આ તો આત્માની મુક્તિ મળે તેવી વાત છે, તે સમજવા માટે અંતરમાં હોંશ અને ઉત્સાહ જોઈએ. આ જ કરવા જેવું છે.

( ૨૮ ) પહેલાં સ્વભાવ તરફ ઢળવાની વાત કરી ત્યારે આત્માને ઝૂલતા હારની ઉપમા આપી હતી, અને પછી અંતરમાં એકાગ્ર થઈને અનુભવ કર્યો ત્યારે અકંપ પ્રકાશવાળા મણિની ઉપમા આપી છે. 'એ રીતે મણિની જેમ જેનો નિર્મળ પ્રકાશ અકંપપણે પ્રવર્તે છે એવા તે (ચિન્માત્રભાવને પામેલા) જીવને મોહાંધકાર નિરાશ્રયપણાને લીધે અવશ્યમેવ પ્રલય પામે છે' જેમ મણિનો પ્રકાશ પવનથી હાલતો નથી તેમ અહીં આત્માને એવી અડગ શ્રદ્ધા થઈ કે આત્માની શ્રદ્ધામાં કદી ડગે નહિ. જીવ જ્યાં આત્માની નિશ્ચલ પ્રતીતિમાં ટકયો ત્યાં મિથ્યાત્વ કયાં રહે? જીવ પોતાના સ્વભાવમાં સ્થિર થયો ત્યાં તેને મિથ્યાત્વકર્મના ઉદયમાં જોડાણ ન રહ્યું તેથી તે મિથ્યાત્વકર્મનો જરૂર ક્ષય જઈ જાય છે. આમાં ક્ષાયિક સમ્યગ્દર્શન જેવી વાત છે. પંચમ આરાના મુનિ પંચમઆરાના જીવોને માટે વાત કરે છે, છતાં મોહના ક્ષયની જ વાત કરી છે. ક્ષયોપશમ સમ્યક્ત્વ પણ અપ્રતિહતપણે ક્ષયિક જ થાય–એવી વાત લીધી છે. અને પછી ક્રમે ક્રમે અકંપપણે આગળ વધીને તે જીવ ચારિત્રદશા પ્રગટ કરી કેવળજ્ઞાન પામીને સિદ્ધ થાય છે.

**આત્મધર્મના દરેક ગ્રાહક ભાઈ-બહેનો એકેક નવો ગ્રાહક બનાવીને ધર્મની પ્રભાવના કરો.**

# નિકટભવ્ય અને અભવ્ય

અહો ! જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ આકુળતામય દુઃખદાયક છે. મારા સ્વરૂપનો ઘાત થયો ત્યારે શુભ લાગણી ઉત્પન્ન થઈ. અરેરે, પૂરું જ્ઞાનપરિણમન નથી–વીતરાગતા નથી, પુરુષાર્થ નબળો છે તેથી શુભ લાગણી થઈ આવે છે, તે મને સુખદાયક નથી. એકલા જ્ઞાનપણે પૂરેપૂરું પરિણમન થતાં જ પૂર્ણ પારમાર્થિક સુખ થાય છે. આમ જ્ઞાનીને સ્વરૂપની જ રુચિ છે અને શુભમાં હેયબુદ્ધિ છે. જેને શુભભાવમાં હોંશ આવતી હોય ને તેમાં સુખ ભાસતું હોય તે જીવ કેવળી ભગવાનના પારમાર્થિક સુખને સ્વીકારી શકે નહિ, કેમકે કેવળીભગવાનનું સુખ તો શુભભાવથી રહિત છે. સ્વરૂપની બહાર નીકળીને શુભમાં રહેવું પડે ત્યાં જ્ઞાની તરફડિયા મારે છે, સ્વરૂપની પૂર્ણતા માટે તલસે છે.

જેમ–પાણીની વેળ આવે ને પાછી ઊતરી જાય, તેમાં કોઈ માછલાં કાંઠે રહી જાય અને ગારામાં ખૂંચી જાય, તે વખતે તે તલસે છે કે પાણી, પાણી ! પાણી છોડીને ગારામાં ખૂંચી રહેવું તેને દુઃખદાયક લાગે છે. તેમ ચૈતન્યસ્વરૂપની શુદ્ધતાના અનુભવરૂપી વેળ આવીને ચાલી ગઈ, અને શુભઅશુભ ભાવમાં ને ઇન્દ્રિય વિષયોમાં ખૂંચી રહેવું પડે તે વખતે જ્ઞાનીઓ શુદ્ધ સ્વભાવના અનુભવ માટે ઝંખે છે. કે, અહા ! કયાં મારા ચૈતન્યમય પરિણમનનો નિરાકુળ આત્મઆનંદ ને કયાં આ આકુળતા ? મારો નિરાકુળ પરમ આત્મઆનંદ તે જ સુખદાયક છે, ને આ રાગ તો દુઃખદાયક છે. અજ્ઞાની જીવ તો વિષયો તરફની લાગણીમાં સુખ જ માને છે, વિષયોની અપેક્ષારહિત જ્ઞાનસ્વભાવનું સુખ તે સ્વીકારતો નથી–અહીં શ્રી કુંદકુંદ આચાર્યદેવ કહે છે કે તે જીવ અભવ્ય છે.

અજ્ઞાની જીવો, આત્મામાં સુખ છે તે ભૂલી જઈને સારા ખોરાક, વસ્ત્ર, પૈસા, સ્ત્રી વગેરેમાં સુખ માને છે, પરંતુ તેમાં સાચું સુખ નથી–તેના લક્ષે તો દુઃખ જ છે. કેવળી ભગવાન ખોરાક, વસ્ત્ર–પૈસા વગેરેથી રહિત પોતે જ જ્ઞાનસ્વરૂપે એકાંત સુખી છે, તેમને જ પરમાર્થ સુખ છે. તેમને પૂરેપૂરું જ્ઞાનમય પરિણમન થઈ ગયું હોવાથી એક જ્ઞેયથી બીજા જ્ઞેય ઉપર ઉપયોગ ભમતો નથી. જ્ઞાન એવું ને એવું એકરૂપ નિશ્ચલ રહીને બધાયને જાણે છે, તેથી તેમને આકુળતા નથી. આવા પરમાર્થ સુખમય જ્ઞાનસ્વભાવને જે જીવ અંતરથી સ્વીકારે છે તે નિકટ ભવ્ય છે.

કેવળી ભગવાનને પોતાના આત્માથી જ પારમાર્થિક સુખ છે–એમ કયારે સ્વીકાર્યું કહેવાય ! પ્રથમ તો, ભગવાન કોઈ પણ અન્ય પદાર્થ વગર જ સુખી છે તેમ પોતાનો આત્મા પણ સુખ માટે કોઈ પર દ્રવ્યની અપેક્ષા રાખતો નથી. ભગવાન શુભાશુભભાવ વગર જ સુખી છે તેમ મારા આત્મામાં પણ જે શુભાશુભભાવ થાય તે મારું સ્વરૂપ નથી, તે મારે આદરણીય નથી. ભગવાનને પુણ્ય–પાપ ભાવ થતા જ નથી, એકલું જ્ઞાન જ થાય છે તેથી તેઓ સુખી છે, મારે જે પુણ્ય–પાપભાવો થાય છે તેનાથી મારું જ્ઞાન જાુદું છે, પુણ્ય–પાપભાવો મારા આત્માને સુખનું કારણ નથી તેથી તે હેયરૂપ છે. આ રીતે, શુભાશુભભાવ રહિત એકલા જ્ઞાનપણે જ પરિણમતા હોવાથી કેવળીભગવાન પારમાર્થિક સુખી છે તેમ હું પણ એકલા જ્ઞાનસ્વભાવરૂપ છું, બીજા ભાવો મારું સ્વરૂપ નથી, એકલા જ્ઞાન સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન ને તેમાં રમણતા તે જ મારા પારમાર્થિક સુખનું કારણ છે, –આમ જેઓ પ્રસન્ન ચિત્તથી હમણાં જ સ્વીકારે છે તેઓ થોડા કાળમાં મુક્તિ પામનારા આસન્નભવ્યો છે. પણ જેઓ હમણાં જ નથી સ્વીકારતા ને અનંતકાળ રખડીને પછી સ્વીકારશે તે જીવો દૂરભવ્ય છે. જેઓ કદી જ નથી સ્વીકારતા તેમની વાત શું કરવી !

'કેવળીપ્રભુને રાગરહિત પરમાર્થ સુખ છે' આમ જે આત્મા વર્તમાન જ સ્વીકારે છે તેનું પરિણમન વર્તમાનમાં જ પોતાના રાગરહિત સ્વભાવનો સ્વીકાર કરે છે. જેણે કેવળી ભગવાનના પારમાર્થિક સુખને માન્યું તેણે ખરેખર તો એમ સ્વીકાર્યું છે કે મારા આત્માનું સુખ વિષયોમાં નથી, રાગમાં નથી, અધૂરા પરિણમનમાં નથી પણ પૂરા સ્વભાવમાં છે, તેની પરિણતિ કબૂલે છે કે રાગ તે હું નહિ પણ શુદ્ધ જ્ઞાન તે હું. એટલે તેનું પરિણમન રાગથી અને પરથી ખસીને પોતાના ચૈતન્યસ્વભાવ તરફ વળ્યું, તે વર્તમાન સમ્યગ્દ્રષ્ટિ છે ને અલ્પકાળે મુક્તિ

[ શ્રી પ્રવચનસાર ગાથા ૬૦ ઉપર પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રીના વ્યાખ્યાનનો સાર
સં. ૨૦૦૪, માગશર વદ ૧૩ ] ( ગતાંકથી ચાલુ )

પામવાનો છે. આગળ ઉપર જે જીવ આવી શ્રદ્ધા કરશે તે દૂરભવ્ય છે. અહીં તો વર્તમાનમાં ધર્માત્માસંતના શ્રીમુખેથી સાંભળ્યું કે તરત જ પ્રસન્ન થઈને સ્વીકાર કરી લે-એવા નિકટભવ્ય જીવની વાત જ કુંદકુંદાચાર્યદેવે લીધી છે, વર્તમાનમાં જ સાક્ષાત્ શ્રવણ કરીને જે નથી સ્વીકારતો તેવા જીવની વાત લીધી નથી.

કોઈ જીવ ચૈતન્યસ્વભાવની વાત સાંભળીને એમ કહે કે, આ વાત સારી છે પણ હું પછી સમજીશ, અત્યારે નહિ. તો તે જીવની વાત ખોટી છે. ખરેખર તેણે ચૈતન્યના પારમાર્થિક સુખને સ્વીકાર્યું નથી. જો ચૈતન્યના પારમાર્થિક સુખની વાત તને સારી લાગી હોય તો હોંશથી અત્યારે જ તેનો સ્વીકાર કર, તેમાં એક સમય માત્રની મુદ્દત ન હોય. વાત સારી છે પણ અત્યારે માનવી નથી-એમ જે કહે છે તેની વાત ખોટી છે, તેને ચૈતન્યના સુખ કરતાં બીજું કાંઈક સારું લાગ્યું છે તેથી તે ચૈતન્યની શ્રદ્ધા કરવા માટે મુદ્દત મારે છે. જો કેવળીભગવાનના આત્માનું પારમાર્થિક સુખ ખરેખર રુચ્યું હોય તો વર્તમાન જ ઉત્સાહપૂર્વક તેનો હકાર આવે, અત્યારે જ તેવા પૂર્ણ પારમાર્થિક સુખની પ્રાપ્તિ કરું-એવી ભાવના હોય પણ તને આત્માના પારમાર્થિક સુખની રુચિ જ નથી તેથી તેનો નકાર આવે છે. તને વિષયોમાં સુખબુદ્ધિ છે.

પોતે એક જ ભવ કરીને મુક્તિ પામવાના છે તેથી શ્રી આચાર્યભગવાન પોતાના ઉગ્ર પુરુષાર્થથી કેવળજ્ઞાનીના પારમાર્થિક સુખનું પ્રતિપાદન કરે છે, જે જીવ તે સાંભળીને આનંદથી હા પાડે છે તે જીવ પણ આસન્નભવ્ય છે; તેને આત્માનો કેવળજ્ઞાન સ્વભાવ રુચ્યો છે, તે પણ અલ્પકાળમાં પૂર્ણ રાગરહિત થઈને પૂર્ણ સુખી થવાના છે. જેમ એક સાથે છ બળદને ચક્કરમાં ફેરવે, તેમાં પહેલાં બે બળદને નાનું ચક્કર ફરવાનું હોય, પછીના બેને જરાક મોટું ચક્કર હોય અને ત્રીજા બેને તેનાથી જરાક વધારે હોય, પરંતુ તે બધાય ફરીને ચક્કર પૂરું જ કરવાના છે, તેમ જે જીવો આત્માના પારમાર્થિક સ્વભાવની હોંશ-રુચિ ને શ્રદ્ધા કરે છે તે બધાય જીવો સંસારચક્ર પૂરું કરવાના છે. કુંદકુંદભગવાન જ્ઞાન અને સુખ સ્વરૂપ ચૈતન્ય સ્વભાવની વાત કરે છે અને તેનો જે હકાર કરીને સ્વીકાર કરે છે તે બધાય જીવો મુક્તિ જ પામવાના છે, કુંદકુંદભગવાન જેવા એક ભવે, કોઈ બે ભવે ને કોઈ ત્રણ ભવે. સ્વભાવનો આદર કરનાર બધાય જીવો નિકટભવ્ય છે. હા પાડનારા જીવોને સાથે રાખીને નિમિત્ત ઉપાદાનને ભેગાં જ રાખ્યા છે.

( અનુસંધાન પાન ૨૩ થી ચાલુ )

થયો હોય તે જીવે તો અવશ્ય કરી પ્રવૃત્તિને સંકોચવી, પોતાના દોષ ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે અને પ્રસંગે પ્રસંગે તીક્ષ્ણ-ઉપયોગે કરી જોવા, જોઈને તે પરિક્ષીણ કરવા. અને તે સત્સંગને અર્થે દેહત્યાગ કરવાનો યોગ થતો હોય તો તે સ્વીકારવો. પણ કોઈ પદાર્થને વિષે તેનાથી વિશેષ ભક્તિ સ્નેહ થવા દેવો યોગ્ય નથી.”

ઉપર કહ્યા પ્રમાણે જીવ જો સત્પુરુષને ઉપાસે તો અવશ્ય તેને સત્‌ની રુચિ વિશેષ વધીને ખૂણેખાંચરે રહેલા દોષ નષ્ટ થઈ જાય, ને બ્રહ્મ-સ્વરૂપનું પરમાનંદમય જીવન તેને પ્રાપ્ત થાય.

ખરેખર જે જીવોએ સત્પુરુષોના ચરણે પોતાનું જીવન સમર્પણ કર્યું છે તેમણે પોતાનું જીવન ઉજ્જવળ કર્યું છે, તેમજ માત-પિતાને, કુળને ઉજ્જવળ કર્યું છે. આત્માર્થી જીવે, સત્સંગની આરાધનાએ, આત્મામાં અખંડ વૃત્તિ રહેવાને અર્થે બ્રહ્મચર્યને પ્રાપ્ત ને શુદ્ધતા તરફ વળો, તેમાં વિશેષ આગળ વધો, અને તેનાથી સર્વ દોષોને છેદીને પૂર્ણ ધ્યેયને પ્રાપ્ત કરો, આત્મિક વિષયથી ઉત્પન્ન એવા પરમ આનંદને પામો !

**છેવટે સંતોની પરમ કૃપાથી જે જે ભાઈઓ-બહેનોએ જેવી પવિત્ર વૈરાગ્ય ભાવનાપૂર્વક બ્રહ્મચર્ય અંગીકાર કર્યું છે તેવો વૈરાગ્ય તેમના જીવનમાં સદાય જાગૃત રહો, તેમાં દિન-પ્રતિદિન વૃદ્ધિપૂર્વક નિર્વિઘ્નપણે તત્ત્વજ્ઞાનમાં આગળ વધીને આત્મહિત સાધો, જીવનના ધ્યેયને પામો ને એ રીતે શ્રી જિનશાસનને તથા સદ્ગુરુ માહાત્મ્યને દીપાવો ! સત્પુરુષોના ચરણ સમીપે જેનું જીવન છે તેનું જીવન ધન્ય છે.**

ATMADHARMA With the permission of the Baroda Govt. order No. 30-24 date 31-10-44 Regd No. B. 4787

# અહો, વીરનાં વચનામૃત !

અહો ! ધર્માત્મા જીવને જીવનમાં કરવાનું જો કાંઈ હોય તો આત્મા અને જ્ઞાનની સંપૂર્ણ એકતા જ કરવી તે જ કરવાનું છે. પહેલાં રાગથી ભિન્નતા ને જ્ઞાન સાથે આત્માની એકતાની શ્રદ્ધા કરવી ને પછી જ્ઞાનને સ્વરૂપમાં સ્થિર કરીને વીતરાગભાવ પ્રગટ કરીને સંપૂર્ણએકતા કરવી એ સિવાય બીજું કાંઈ કરવા જેવું નથી–આમાં જ મોક્ષમાર્ગ અથવા ધર્મ–જે કહો તે આવી જાય છે.

જુઓ, ભાઈ ! આત્મસ્વભાવની સમજણ કરવી તે જ અપૂર્વ ચીજ છે; અનંત કાળમાં બધુંય કર્યું છે પણ પોતાનો આત્મસ્વભાવ શું છે તે સમજ્યો નથી. આ જીવનમાં એ જ કરવા જેવું છે, એના વગર જીવનમાં જે કાંઈ કરે તે બધું થોથાં છે–આત્માને સંસારનું કારણ છે. અનંત કાળથી આત્માની સમજણ કરી નથી તેથી તેને માટે અનંતી દરકાર અને રુચિ જોઈએ. રુચિ વગર પુરુષાર્થ ઊપડે નહિ. જ્યાં પોતાની રુચિ હોય ત્યાં વારંવાર પ્રયત્ન કરતાં કંટાળો આવે નહિ. 'ઝીણો મારો સ્વભાવ, ને ઝીણું તેનું જ્ઞાન' એમ સ્વભાવનો મહિમા લાવીને, રુચિથી વારંવાર પ્રયત્ન કરે તો અલ્પકાળમાં સ્વભાવ સમજાય, અને જન્મમરણના દુઃખોથી છૂટકારો થાય. પોતાનો સ્વભાવ સમજ્યા સિવાય બીજો કોઈ પણ દુઃખથી છૂટવાનો ઉપાય નથી.

અહો ! જગતના જીવો પોતાના ચૈતન્ય સુખને ભૂલીને વિષયકષાયમાં સુખ માની રહ્યા છે. પરંતુ પોતાની જે ચૈતન્ય જાત છે–જ્ઞાન સ્વભાવની મૂડી છે તેની સંભાળ કરવાનો જેને અવકાશ નથી અને ચૈતન્યલક્ષ્મીને ચૂકીને બહારમાં જડ લક્ષ્મીમાં સુખ માની રહ્યા છે તેવા જીવોનું જીવન નકામુ ચાલ્યું જશે. પોતાના આખા ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા કરીને, તેના અનુભવમાં જેમ જેમ જ્ઞાન ઠરતું જાય છે તેમ તેમ જ્ઞાનની શુદ્ધતા ને વીતરાગતા વધતી જાય છે અને છેવટે પરિપૂર્ણ જ્ઞાન પ્રગટીને આત્મા ભગવાન્ થાય છે, મુક્ત થાય છે. માટે ચૈતન્ય સ્વભાવી આત્માની ઓળખાણ કરવી.

મુદ્રક :– ચુનીલાલ માણેકચંદ રવાણી, શિષ્ટ સાહિત્ય મુદ્રણાલય મોટા આંકડિયા, સૌરાષ્ટ્ર
પ્રકાશક :– શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ વતી જમનાદાસ માણેકચંદ રવાણી, મોટા આંકડિયા તા.૩૧–૧૨–૪૮